રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પદ્મશ્રી અને મેગ્સેસે ઍવૉર્ડથી વિભૂષિત શ્રી પ્રકાશ આમ્ટેજીની પ્રેરક ઉપસ્થિતિમાં અને પૂ. મોરારિબાપુની પાવન નિશ્રામાં યોજાયેલ લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશનનો પ્રથમ દીક્ષાંત સમારોહ




તારીખ : ૦૨, ઑક્ટોબર ૨૦૨૫

સ્થળ : સારસ્વત ભવન, લોકભારતી

વર્ષ: ૭૯ અંક : ૦૩ ૧૫ ઑક્ટોબર, ૨૦૨૫

# લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશનનો પ્રથમ દીક્ષાંત સમારોહ






















અસ્પી ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત કૉલેજ બિલ્ડીંગનું દાતાશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં પૂ. મોરારિબાપુ દ્વારા થયેલ લોકાર્પણ

# કોડિયું

વર્ષ : ૭૯ | ઓક્ટોબર ૨૦૨૫ | અંક : ૦૩

## અનુક્રમણિકા


૦૧ એક હતી પૃથ્વી, એક હતો માણસ અને એક હતો ગાંધી ...૦૬
ગુણવંત શાહ

૦૨ સ્વદેશીવ્રત : વર્તમાન યુગનું મહાવ્રત : ભારત વિકાસનો રામબાણ ઈલાજ ...૦૯
અરુણ દવે

૦૩ રાખે તે રાક્ષસ અને દે તે દેવ... ...૧૨
સુભાષ ભટ્ટ

૦૪ લોકભારતીમાં ગાંધીવિચારની કેળવણી ...૧૪
પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

૦૫ ગાંધીજીના સાહિત્યમાંથી પ્રગટતી કેળવણી-સંકલ્પના ...૧૬
ભરત જોશી 'પાર્થ મહાબાહુ'

૦૬ મહાત્માને મળવાની ઝંખના ...૨૦
પારસકુમાર

૦૭ ગાંધીવિચાર : સ્વદેશી... ટ્રમ્પ:ટેરિફ અને આત્મનિર્ભર ભારતની આંતરકથા ...૨૨
ડૉ. રજનીકુમાર પરમાર

૦૮ ગાંધીજીના સ્વપ્નનું ગામડું ...૨૫
હીરજી ભીંગરાડિયા

૦૯ ગાંધીજીનો મંત્ર અને સાત સામાજિક પાપ ...૨૮
સોનલ પરીખ

૧૦ લોકભારતીમાં વાચનશિબિર ...૩૦
ચૌહાણ કશિશ અને ડાંગર ખુશાલી

૧૧ ગાંધીજીવનના પરિણામદાયી પરિમાણ... ...૩૨
ડૉ. દિનુ ચુડાસમા

૧૨ સંસ્થા સમાચાર ...૩૬
**પ્રશાંત મહેતા**

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આજે ગુણવત્તાસભર સુપેરે સંપન્ન થયેલા લોકભારતી યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહના અભિનંદનની વર્ષાથી ભીંજાઈ રહ્યો છું, ત્યારે આ લખવા બેઠો છું. સમારોહમાં એક નવી 'રામ ફ્લાવરશીપ' યોજના અમલમાં મૂકવાની જે જાહેરાત કરી એ લોકભારતીત્વને ઉજાગર કરનારી બની રહેશે.

ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા આજે વાગી રહ્યા છે. વિશ્વના ૮૦ ટકા વૈજ્ઞાનિક વિનાશક યુદ્ધશસ્ત્રો બનાવવાના સંશોધનકાર્યમાં વ્યસ્ત છે! ભારત જેવા શાંતિપ્રિય દેશો પણ નાછૂટકે યુદ્ધશસ્ત્રોના બજેટ અનેક ગણા વધારી રહ્યા છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે શા માટે અને કોના માટે આ લડાઈઓ? ગુણવંત શાહ લખે છે તેમ, 'શું ખરેખર બુદ્ધ, મહાવીર, ઈસુ, પયગંબર, ગાંધી બધા હારી ગયા અને યુદ્ધ જીતી ગયું છે?' હિંસા સામે અહિંસાની કારમી હાર થઈ રહી છે.

સૌને વિકસવું છે. સૌને મોજ કરવી છે પણ બીજાના ભોગે. સર્વોદયની વાત કોઈ વિચારતું જ નથી. આપણે રોજ છાપાં સહિતના સમૂહમાધ્યમો દ્વારા આવા સમાચાર જાણી-વાંચી-જોઈને પાછા રોજિંદા કામોમાં વ્યસ્ત થઈ જઈએ છીએ. કુમળાં બાળકો સહિતના અનેક નિર્દોષ લોકો આ યુદ્ધની વેદી પર અકારણે ચડી પતન નોતરે છે. આપણી સંવેદનાઓ પણ જાણે બુઠ્ઠી થઈ ગઈ છે. આનો ઉપાય ક્યાં છે? આ કરશે કોણ?

સત્ય, પ્રેમ, કરુણા, મૈત્રી અને સેવાનું જીવનમાં આચરણ જ ઉપાય છે. આ માટે માનસિકતા બદલવી પડશે. વાસ્તવમાં આપણું જીવન એ સુખની નહીં પણ સત્યની ખોજ માટે છે. સત્ય એ જીવનનું લક્ષ્ય છે. પ્રેમ અને મૈત્રી જીવનની પદ્ધતિ છે જ્યારે સેવા અને કરુણા એ જીવન કાર્ય છે. આ સત્ય, પ્રેમ અને કરુણા એ ઈશ્વરનાં જ સ્વરૂપો છે. આ ત્રણે શબ્દો ધર્મવાચક હોવાથી આ ત્રણે ઉપર આપણી અખૂટ શ્રદ્ધા હોવી જોઈએ. એ સર્વધર્મનો સાર હોવાથી વિશ્વશાંતિ માટે તેનું આચરણ કરવું એ જ એકમાત્ર ઉપાય છે.

સત્ય જીવનનું શ્રેષ્ઠ મૂલ્ય હોવાથી તો રામ પ્રગટ થાય છે. બીજું મૂલ્ય પ્રેમ છે અને શ્રી કૃષ્ણનો અવતાર થાય છે અને પ્રેમગુણ વિસ્તરે છે. કુરાન અને બાઈબલ પણ પ્રેમનો મહિમા ગાઈને પડોશીને પ્રેમ કરવાનો બોધ આપે છે. બુદ્ધ તો કરુણામૂર્તિ છે. આ ત્રણે અવતાર એટલે સત્ય, પ્રેમ અને કરુણાનો આવિષ્કાર. આ ત્રણેનું પોતાના જીવનમાં અધોળ આચરણ કરીને જીવી ગયેલ આપણા ગાંધીબાપુએ વિશ્વને સમજાવ્યું કે આ મૂલ્ય સાથે કોઈ સામાન્ય માણસ પણ જો પ્રયત્ન કરે તો સહેલાઈથી જીવી શકે છે. વ્યક્તિથી સમષ્ટિના ન્યાયે સર્વાંશે સમાજમાં સર્વોદય કે રામરાજ્યની કલ્પના સાકાર કરી શકે.

આપણે વિશ્વમાં આવું જીવન જીવતા લોકોની સંખ્યા વધારવા અને સામ્યયોગ સ્થાપિત કરવા પૂ. મોરારિબાપુની નિશ્રામાં આ 'રામ ફ્લાવરશીપ' યોજના અમલમાં મૂકવા જઈ રહ્યા છીએ. આ યોજના અંતર્ગત દેશ અને વિદેશથી આ વિચારમાં શ્રદ્ધા ધરાવનાર અને તેના અમલ દ્વારા પોતાના વિસ્તારમાં સુવાસ ફેલાવવા ઉત્સુક એવા ભાઈ કે બહેનની એક વર્ષની અનેકવિધ કાર્યક્રમો દ્વારા લોકભારતી ખાતે તાલીમ આપવાનો મનોરથ છે.

— [signature]

## ૦૧ એક હતી પૃથ્વી, એક હતો માણસ અને એક હતો ગાંધી

**ગુણવંત શાહ**

હાથમાં મેગ્નિફાઈંગ ગ્લાસ રાખીને જે માણસ પોતાના મનમાં રહી ગયેલા દોષોનું બારીક નિરીક્ષણ કરે તે માણસનું નામ ગાંધી જાણવું. સમગ્ર વિશ્વની શોષિત, પીડિત, દલિત અને ઉપેક્ષિત પ્રજાની મુકિત માટે ગાંધીજી લડયા હતા. ગાંધીજી સભાનપણે કોઈને અન્યાય કરે એ શકય નથી. વળી પોતે જે કંઈ કરે તેને પૂરી જાગૃતિપૂર્વક કરવા માટે ગાંધીજી જાણીતા હતા. ગાંધીજીની નૈતિક પ્રતિભા કોમી હુલ્લડો પર કાબૂ મેળવવામાં લશ્કર કરતાં વધારે અસરકારક ભૂમિકા ભજવતી હતી. ગાંધીજીના મનમાં કયારે પણ કોઈ વિરોધી પ્રત્યે ધિક્કારની લાગણી ન હતી. તેઓ અંગ્રેજ સરકાર સામે લડયા, પરંતુ અંગ્રેજો પ્રત્યે એમના હૃદયમાં લેશમાત્ર શત્રુભાવ ન હતો. યોગ્ય નેતાગીરી મળે તો અહિંસક સત્યાગ્રહનું શસ્ત્ર પાણીદાર છે.

ગાંધીજી અભયની સાધનામાં નિમગ્ન હતાં અને એ સાધનામાંથી જ અહિંસા પ્રગટ થતી રહી. અહિંસા કેવળ ધાર્મિક સદ્‌ગુણ નથી, પરંતુ સામૂહિક લડતમાં પણ એનો વિનિયોગ સફળ રીતે થઈ શકે છે. ગાંધીની અહિંસાનો અનુબંધ મહાવીરની અહિંસા સાથે આબાદ બેસે તેમ છે.

ક્રાંતિનો ઇતિહાસ હોય છે, ઉત્ક્રાંતિનો ઇતિહાસ નથી હોતો. ઉત્ક્રાંતિનો સમયપટ લાખો વર્ષોમાં પથરાયેલો રહ્યો છે. મહાત્મા ગાંધીના પ્રદાનને ઇતિહાસની દૃષ્ટિએ મૂલવવાની સાથોસાથ યાદ રાખવું જોઈએ કે માનવીય ઉત્ક્રાંતિના સંદર્ભે પણ સત્ય અને અહિંસાનું સ્થાન મહત્ત્વનું છે. ક્રાંતિવીર ગાંધીની સાથોસાથ ઉત્ક્રાંતિવીર મહાત્મા પણ બેઠો છે. ગાધીજી 'મહાત્મા' કહેવાયા તેનું કારણ એ કે એમણે કોઈને છેતરવાનો પ્રયાસ કયારેય ન કર્યો. કોઈને પણ ન છેતરનારા મહાત્માને છેતરનારા લોકોની સંખ્યા નાની નથી.

'સ્વસ્થ' મનુષ્ય એટલે એવો મનુષ્ય જેને કારણે ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયા એક ડગલું આગળ વધે. પૂરી પ્રામાણિકતા સાથે બળનો પ્રતિકાર અહિંસક રીતે કરવાની પ્રયુકિતની શોધ એ માનવ ઇતિહાસમાં ગાંધીજીનું આગવું પ્રદાન છે. મહાત્મા ગાંધીના ઉત્ક્રાંત માનવ્યને આવી દૃષ્ટિએ બિરદાવું છું.

ગાંધીજીના જીવનમાં એક શબ્દ સતત સાથે રહ્યોઃ 'Saffering'(વેઠવું) મહાવીર, બુદ્ધ અને ઇસુના જીવનમાં પણ 'વેઠવું' મહત્ત્વનું સ્થાન ધારણ કરતું રહ્યું. જે મનુષ્ય પોતાની પીડાને પ્રાર્થનામાં ફેરવી નાખે તે સત્યાગ્રહ કરી શકે. ગાંધીજીના જાદૂનું રહસ્ય શું ? એક જ જવાબ જડે છે. મહાત્માએ રોમેરોમ નિચોવી દઈને પોતાની ભીતર સચ્ચાઈનું જતન કર્યું હતું. ગાંધીજીએ જીવનભર સેવેલા સત્યનો જ અલૌકિક પ્રભાવ હતો. એમણે ધર્મના ગુરુત્વમધ્યબિંદુ તરીકે સત્યને નિહાળ્યું હતું. તેઓ 'સનાતની હિંદુ' હતા, તેનો અર્થ એ જ કે તેઓ ભારતીય સંસ્કૃતિએ પ્રબોધેલા સત્યની સનાતનતાના મર્મજ્ઞ હતા. ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિનું મૂળિયું પકડયું અને કહ્યુંઃ 'સત્ય એ જ પરમેશ્વર' એમના જીવનમાં ઊગેલું આવું મહાકાવ્ય ઉપનિષદીય ઊંચાઈ ધરાવનારું છે.

ગાંધીજીનું જીવન તપાસીએ તો એક વાત સમજાશે. તેમણે કદી પણ દંભ કર્યો ખરો ? તેઓ જેવું જીવ્યા તેવું બોલ્યા. તેઓ જેવું જીવ્યા તેવું લખ્યું. એમના વ્યકિતત્વના ટુકડા પડયા હોય એવો એક પણ દાખલો જોવા મળતો નથી. આવું કેમ બન્યું ? એક જ કારણ જડે છે. તેમણે સત્યનો હાઇવે કદી ન છોડયો. જયાં સત્યપાલન હોય, સત્યનિષ્ઠા હોય અને સત્યાગ્રહ હોય ત્યાં દંભ હોઈ જ ન શકે.

સાચું બોલવામાં અને સાચું આચરણ કરવામાં આપણો 'ખરો સ્વાર્થ' રહેલો છે. એવું પર્યાવરણ કે ભાવાવરણ સમાજમાં ઊભું થાય તો સત્યની ખૂબજ મોટી સેવા થશે. મારે કબૂલ કરવું જોઈએ કે ગાંધીજીએ સાચું બોલવાની સહજ ઈચ્છાને બહુ મોટું બળ પૂરું પાડયું. પરિણામે જ્યારે મારાથી જૂઠું બોલાઈ જાય ત્યારે બાપુ મારા પર ડોળા કાઢતા હોય એવો ભાવ જાગે છે.

માણસના ચારિત્ર્યનો ખરો માપદંડ તો સત્યપાલન જ હોય. બીજા બધા સદ્‌ગુણો સત્યપાલન સિવાય કદી નહીં જામે. જ્યાં જૂઠ હોય ત્યાં બીજું બધું હોય, પરંતુ ચારિત્ર્ય ન હોય.

ગાંધીજીની સત્યનિષ્ઠાએ લાખો લોકોની સહજ સચ્ચાઈને જબરી તાકાત પૂરી પાડી. સત્યકેન્દ્રી જીવન અને જીવનકેન્દ્રી સત્ય ! ગાંધીજી સત્ય શબ્દને સહારે જીવનસાગર તરી ગયા. તેઓ આજે આપણી પાસે ઉઘરાણી કરે તો એક જ પ્રશ્ન પૂછેઃ 'બેટા, તું દિવસમાં કેટલી વાર જૂઠું બોલ્યો ?' એવે વખતે આપણી શરમને કયાં સંતાડવી ? જે મનુષ્ય જૂઠો હોય તે નિખાલસ બનવાનો વૈભવ નહીં વેઠી શકે. જે મનુષ્ય જૂઠો હોય તે આખાબોલા થવાનું સાહસ ન કરી શકે. પ્રત્યેક નાનું જણાતું અસત્ય આપણને ચારિત્ર્યહીનતાની અંધકારમય ખીણભરી લઈ જતું હોય છે. ગાંધીજયંતી દર વર્ષે આવે છે. એ દિવસે ડાયરીમાં લખવા જેવું મધુરતમ્ વાકય છેઃ 'સાચું બોલવામાં લાભ જ લાભ છે.'

સત્ય અનંત છે. સત્ય સરિતા જેવું છે.એ સતત વહેતું રહે છે. સત્ય સ્થિતિશીલ નહીં ગતિશીલ હોય છે. સત્યના ઉપાસકે સતત યાદ રાખવું રહ્યું કે અનેકાંતવૃત્તિનું હાર્દ અહંકારશૂન્યતા છે. અહંકાર આગલે બારણેથી પ્રવેશે ત્યારે સત્ય પાછલે બારણેથી ભાગી છૂટે છે. સત્ય કોઈ ભયંકર કે જોખમકારક બાબત નથી. માણસે પૂરી માત્રામાં જીવવું હોય તો સત્યનિષ્ઠ બનવું જ પડે. સત્યનિષ્ઠ હોવું એટલે જ જીવનનિષ્ઠ હોવું ! જ્યારે જ્યારે માણસ જૂઠું આચરણ કરે ત્યારે એ થોડો થોડો મરતો હોય છે. ગાંધીજીનો દેહ રૂપાળો ન હતો અને તેઓની પર્સનાલિટી પણ પ્રભાવશાળી ન હતી. આમ છતાં સરદાર, નેહરુ, રાજાજી, કૃપાલાનીજી અને કેટલાય અંગ્રેજ રાજનીતિજ્ઞો પર પણ એમનો પ્રભાવ પડયો તેનું કારણ શું ? એમના ચહેરા પર સત્યનું દિવ્ય અજવાળું સદાય પથરાયેલું રહેતું. ગાંધીજી સત્યના ઉપાસક હતા. સત્ય સ્વભાવે જ શાશ્વત છે. તેથી સદીઓ વીતે તે સાથે ગાંધીજી જરૂર જીવંત રહેવાના !

ગાંધીજીના પ્રભાવનું રહસ્ય એમની સત્ય સાધનામાં પડેલું છે. સત્ય પણ એક પ્રકારની ઊર્જા છે. સત્યાગ્રહની મૌલિક શોધ એમના જીવનનું એક એવું પાસું છે, જે કદી વાસી બનવાનું નથી. કયાંક અન્યાય થતો હોય અને ગાંધી ત્યાં આગળથી એમ જ પસાર થઈ જાય એ બને જ નહીં. રોજબરોજના જીવનમાં સત્યની સાધના એ પણ એમને માટે તો પરમ સત્યની,એટલે કે પરમેશ્વરની (રામની પ્રાપ્તિ) માટેની જ યાત્રા હતી. ગાંધીજીને સમજવાની ગુરુચાવી (માસ્ટર-કી) એટલે સત્ય. સત્યના પર્યાય તરીકે ગાંધીબાપુને વારંવાર નિહાળવા રહ્યા. ગાંધીજીની શબ્દયાત્રા પણ અંતતોગત્વા સત્યયાત્રા જ હતી. સત્યપૂત શબ્દ એટલે ઈશ્વરની અનુજ્ઞા પામેલો શબ્દ! ગાંધીજીનું ત્રાજવું સત્યની વાતે સોનીનું ત્રાજવું હતું. મહાત્મા ગાંધી જીવનભર સત્યના પ્રયોગો કરતા રહ્યા. આવા પ્રયોગોમાં મળેલી સફળતાને કારણે જ તેઓ 'મહાત્મા' કહેવાયા. ગાંધીજીનો સત્યાગ્રહ ઈતિહાસ સર્જી ગયો એ સાચું,પરંતુ પ્રતિકાર સાથે જોડાયેલાં સત્ય અને અહિંસા તો માનવજાતને બે ડગલાં આગળ લઈ જનારાં પરિબળો હતાં. આપણા બાયોલૉજિકલ પિતા તરફથી ન મળે તેવી દિવ્ય મિલકત આપણને ગાંધીબાપુ વારસામાં આપતા ગયા છે. એ દિવ્ય મિલકત એટલે સત્યપ્રીતિ.

સત્યઊર્જા તો વિદ્યુતઊર્જા, સૂર્યઊર્જા , પવનઊર્જા, જલવિદ્યુત કે થર્મલઊર્જા કરતાંય વધારે મહાન ઊર્જા છે.એવી સત્યઊર્જા કોઈ ક્ષુલ્લક લાભ માટે વેડફી મારવી એ તો રત્નચિંતામણિ ગુમાવીને થોડાક બટાકા એકઠા કરવા બરાબર છે. ગાંધીજીએ આવો ખોટનો સોદો ન કર્યો

તેથી જ તેઓ મહાત્મા કહેવાયા. જીવનમાં ઉચ્ચતમ આદર્શ માટેની સાધના સાથે પણ ગાંધીજી પોતાનું નિર્મળ બોખું સ્મિત જાળવી શકયા. 'માહ્યલાનો ટેકો ધરાવતી બુદ્ધિ' (inner intellect) વિના આવું શકય ન બને. સત્ય, અહિંસા, અભય અને સાધનશુદ્ધિની ચતુર્વિધ ઉપાસના કરનારો ગાંધીજી જેવો મહામાનવ પૃથ્વી પર બીજો થયો નથી.

ગાંધીજીએ જીવનભર સત્યની ઉપાસના એવી નિષ્ઠાથી કરી કે તેમનું ટકાઉપણું આવનારી સદીઓને નહીં ગાંઠે. ગાંધીજીનો દેહ ૭૯ વર્ષ ટકયો, પરંતુ એમની આત્મમૂલક સત્યનિષ્ઠાને શાશ્વતીનો સથવારો હતો. જો પરમ સત્યને દેહ ધારણ કરવાનું મન થાય તો તેણે મહાત્મા ગાંધીનો દેહ ધારણ કરવો પડે. દાંડીના દરિયાકિનારે ગાંધીજીએ મીઠાની નહીં, સત્યની ચપટી ભરી હતી! સત્યઊર્જા એ જ ગાંધીઊર્જા !

મહાત્મા ગાંધી આપણી ભારતીય પરંપરાના પાકેલા પુણ્યફળ જેવા હતા. એ પરંપરામાં સત્યને ધર્મના ગુરુત્વમધ્યબિંદુ તરીકે ગણવામાં આવ્યું હતું. ગાંધીજીને ભગવાન રામમાં ઊંડી શ્રદ્ધા હતી. નેહરુને ન હતી. પરિણામે સેકયુલરિઝમ સાથે ગાંધીજીની કલ્પનાનો શબ્દ 'સર્વધર્મસમભાવ' છેટે રહી ગયો. ગાંધીજી પોતાને 'સનાતની હિન્દુ' ગણાવતા છતાંય સેકયુલર હતા. નેહરુ પોતાને 'સેકયુલર' ગણાવતા છતાંય હિન્દુઓને અન્યાય કરનારા હતા. ગાંધીજીએ જીવનભર ગીતાના ઉપદેશ પ્રમાણે જીવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નના ફળરૂપે આપણને 'અનાસકિતયોગ' જેવું ગાંધીભાષ્ય પ્રાપ્ત થયું છે.

ગાંધીજી કદી અપ્રસ્તુત નથી થવાના, કારણ કે સત્ય કદી પણ અપ્રસ્તુત થવાનું નથી. કમ્મર પર લટકતી ગાંધીની ઘડિયાળ પર કલાકોના નહીં, સદીઓનાં નિશાન હતાં. માનવતાને થયું કે એવરેસ્ટનું આરોહણ કરું. ગાંધીજીએ એ ઇચ્છા પૂરી કરી!

મહાત્મા ગાંધી આ પૃથ્વી પર પાંગરેલી નાદાન માનવજાતના ખોળામાં થોડાક વહેલા આવી પડયા ! સદીઓ વીતે તેમ તેમ મહાત્માની વાતો સમજાતી જશે. કદાચ પચીસમી સદીમાં એક ભવ્ય ફિલ્મનું નિર્માણ થશે, જેનું શીર્ષક હશેઃ 'એક હતી પૃથ્વી,એક હતો માણસ અને એક હતો ગાંધી.'

ટહુકો
વડોદરુ

**પાઘડીનો વળ છેડે**

ગાંધીજીએ માનવજાતને આપેલાં અગિયાર વ્રત અત્યંત આકરાં જણાય છે. બ્રહ્મચર્ય, અસ્વાદ અને અપરિગ્રહ જેવાં ત્રણ વ્રતો તો એક કરોડ મનુષ્યોમાંથી માંડ એક જણને પચે તો પચે! વ્રતનિષ્ઠામાં મળેલી નિષ્ફળતાનું સીધું રૂપાંતરણ દંભમાં થતું હોય છે. અનુયાયીના ધોતિયાને જ ખબર હોય છે કે લંગોટમૂલક 'બ્રહ્મચર્ય' પાળવામાં કેટલાં સ્ખલનો થયાં. વ્રતનિષ્ઠ આશ્રમવાસીને જ ખબર હોય છે કે એમનો પાયજામો કયાં કયાં જઈ આવ્યો. ગાંધીજી સાથે સતત થતી આવી છેતરપિંડીને કારણે અનુયાયીઓનું તેજ નષ્ટ થાય છે.

ગાંધીજીએ દેશની ગરીબીથી કકળી ઊઠીને પોતાનો પોશાક અને સમગ્ર જીવનવ્યવહાર એક આકરાં ક્રાંતિકારીને શોભે એ રીતે એમણે બદલી નાખ્યો. ગાંધીજીએ પોતાની તમામ પ્રવૃત્તિઓ સાથે ભારતીય સંસ્કૃતિના ઉત્તમ અંશોને સહજ રીતે ભેળવી દીધાં.

રેંટિયો કાંતવા જેવા સ્થૂળ કર્મને એમણે 'કાંતણયજ્ઞ'નો દરજ્જો આપ્યો. યરવડાની જેલને એમણે 'યરવડા મંદિર' કહીને જેલવાસને એક નવો જ મોભો આપ્યો. એ જ રીતે જેલમાં જવાની વાત 'જેલયાત્રા' બની અને જાહેરસભા 'પ્રાર્થનાસભા' બની ગઈ.

- ગુણવંત શાહ

## ૦૨ સ્વદેશીવ્રત : વર્તમાન યુગનું મહાવ્રત : ભારત વિકાસનો રામબાણ ઈલાજ

**અરુણ દવે**

---

વિશ્વમાં એક માણસ એવી ઓષધિ આપી ગયો છે કે જે ગમે ત્યારે રામબાણ ઔષધ તરીકે લોકસમાજ સારવારમાં લે તો બીમારીનો કારગત ઇલાજ થઈ શકે છે. એ માણસનું નામ છેઃ મહાત્મા ગાંધી. ભારતને આઝાદી અપાવવા માટે બાપુએ ૧૮ રચનાત્મક કાર્યો કાર્યકરોને- દેશની જનતાને આપ્યાં હતાં. ગાંધીના સ્વપ્નનું ભારત કેવું હતું તે ગાંધીવિચારના આ કાર્યોના અમલીકરણ દ્વારા મેળવવાનું હતું.

વર્તમાનમાં જગતભરમાં ડિજિટલ ટેક્નોલોજી પ્રસરી ગઈ છે. આધુનિક મીડિયાનો પાવર અમાપ થયો છે. ઝેન-zની પેઢી ૨૪ કલાકમાં કોઈપણ દેશની સત્તા પલટી નાખવા સક્ષમ બની ચૂકી છે. મલ્ટીનેશનલ કંપનીઓ દરેક માણસને ગ્રાહક તરીકે જ જોઈ રહી છે. વિશ્વમાં યુદ્ધો અટકવાનું નામ નથી લેતા એવા સમયે ગાંધીજીએ જે દિશા બતાવી એ રસ્તે ચાલવું પડશે. જગતમાં સુખ, શાંતિ, સંતોષની માત્રા વધારવી હશે તો શિક્ષણમાં નઈ તાલીમની કેળવણીનું અમલીકરણ કરવું પડશે. સાદી જીવનશૈલી, પ્રકૃતિનું સંરક્ષણ, ઓછી જરૂરિયાતો, સાધનશુદ્ધિ, સમૂહજીવન, સંપ, સહકાર, અહિંસા, સજીવ ખેતી વગેરેનું આચરણ આજના માનવજીવનની ખાસ જરૂરિયાત છે.

આજે જયારે ભારતમાં 'સ્વદેશી' હવા બાંધવાનો ઉપક્રમ આરંભ થયો છે... એ સારી વાત છે તો જરા આપણે 'સ્વદેશીવ્રત'ના વિચારને સમજીએ.

હકીકતે તો 'સ્વદેશીવ્રત'ની ઉત્પતિ- જન્મ, વ્યાપકતા બંગાળના ભાગલાના વિરુદ્ધમાં થયેલા જન આંદોલનમાંથી થઈ છે. બાળગંગાધર તિલક, બિપિનચંદ્ર પાલ, લાલા લજપતરાય અને દાદાભાઈ નવરોજીના નેતૃત્વમાં આ આંદોલન પાંગરેલું. તેમણે ૭ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ વિધિવત જાહેરાત કરીને 'સ્વદેશી' આંદોલનના શ્રીગણેશ કરેલાં.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ઇ.સ.૧૯૧૫માં ભારત પરત આવ્યાં એ પૂર્વે દસેક વર્ષ પહેલા જન્મેલા આ વૈચારિક આંદોલનની મહત્તા સમજી જઈને ગાંધીજીએ સત્યાગ્રહના એક સક્ષમ સાધન- સબળ કાર્યક્રમ તરીકે સ્વીકારીને પોતે સૂચવેલા ૧૧ મહાવ્રતોમાં સ્થાન આપ્યું હતું. કોચરબ આશ્રમ આ મહાવ્રતોની પ્રયોગશાળા બન્યો. અંગ્રેજોએ ભારતના ગૃહઉદ્યોગો, શિક્ષણપ્રણાલિ અને વહીવટી વ્યવહાર દ્વારા ભારતીય સંસ્કૃતિને એવું નુકશાન કર્યું કે આપણો દેશ પોતાની અસ્મિતા ગુમાવીને ગુલામી સ્વીકારી બેઠો.

ગાંધીજીએ સ્વદેશીવ્રતમાં માત્ર દેશનું નહીં પોતે જયાં રહે છે એ સ્થાનિક વિસ્તારના ઉત્પાદન અને સ્થાનિક લોકોની બુદ્ધિને વાપરવાની વાત કહી હતી. અહિ કયાંય સ્વાર્થને સ્થાન નહોતું. વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ અને પ્રકૃતિને સંવર્ધિત કરતી ભાવનાને જાગૃત કરવાની હતી. સમગ્ર વિશ્વના કલ્યાણાર્થે આ વિચાર સૌ કોઈ માટે પોતાના અસ્તિત્વને સ્વમાનભેર ટકાવનારો સાબિત થયો છે. આ એક એવું વૈચારિક, સ્વનિસ્બત-સંવેદનાસભર આંદોલન છેડાયું કે જેણે સંસ્થાનવાદી બ્રિટિશ શાસન સામે નિર્ણાયક ભૂમિકા ભજવી. અંગ્રેજ હકુમતના પાયાને હચમાચાવી નાખેલ.

ગાંધીજીએ સ્વદેશીવ્રતના પ્રતીક તરીકે ચરખો-રેંટિયો પસંદ કર્યો હતો. ખાદીને સામાજિક સ્વદેશીવ્રતનું પ્રથમ

પગથિયું ગણી સ્વીકાર્યું હતું. એ અર્થમાં ખાદી એ માત્ર વસ્ત્ર નથી વિચાર છે. આ વિચારને જીવવામાં પણ સરળતા અને સભાનતા ખૂબ જરૂરી છે. બીજું કે, તેનો અર્થ એ નથી કે ખાદીધારી બીજું બધું પરદેશી વસાવે ! વળી, સ્વદેશી ધર્મ પાળનાર કદી પરદેશીનો દ્વેષ નહીં કરે. પૂર્ણ શુદ્ધ સ્વદેશીમાં કોઈનો પણ દ્વેષ નથી. એ સંકુચિત ધર્મ - વ્યવહાર નથી, એ તો પ્રેમ, અહિંસા, સેવા, કરુણા, માનવતા વગેરમાંથી ઉત્પન્ન થતો માનવધર્મ છે. જો એને ધારણ કરવામાં આવે તો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસની દિશા ઉઘડી જાય. માનવતા કોળી ઊઠે.

સ્વદેશીવ્રત કે સ્વદેશી ધર્મ એ માત્ર અર્થતંત્રને જ વરેલ નથી, એ તો આત્મનિર્ભરતા, આત્મગૌરવ, સ્વવાલંબન અને રાષ્ટ્રીય અસ્મિતાને ઉજાગર કરીને ભારતના સમપોષિત એવા સ્થાયી વિકાસને સાધવાનો એક સહિયારો પુરુષાર્થ છે, એક સદ્‌વિચારને આત્મસાત્ કરવાની સાધના છે. સ્વદેશીવ્રત એ જીવનમૂલ્યોનું ધરુવાડિયું છે. જો એ યોગ્ય રીતે આચરણમાં મુકવામાં આવે તો રાષ્ટ્રપ્રેમ ભારતની નસેનસમાં વહેવા લાગે. આ ચળવળને વિગતે સમજીએ.

**સ્વદેશી ચળવળના પરિણામોઃ**

(૧) બ્રિટનથી આવતું કાપડ અને અનેક ચીજો આવતી બંધ થઈ.
(૨) ભારતમાં સ્વદેશી માલનાં ઉત્પાદનને વેગ મળ્યો.
(૩) લોકો સંગઠિત થયાં, અન્યાય સામે લડતા શીખ્યાં.
(૪) રાજકિય અને સામાજિક જાગૃતિ આવી.
(૫) દેશપ્રેમ પ્રબળ બન્યો, રાષ્ટ્રીય ભાવનાનું બીજારોપણ થયું.
(૬) શાસક સરકાર સામે વિરોધી વાતાવરણ સર્જાયું
(૭) બ્રિટિશ સરકારે ૧૯૧૧માં બંગાળના ભાગલા કરવાનું સ્થગિત રાખ્યું.
(૮) સ્થાનિક વ્યાપાર વધ્યો.
(૯) સ્થાનિક રોજગારી વધી.
(૧૦) સ્વરાજ માટેની શ્રદ્ધા સુદૃઢ થઈ, સત્યાગ્રહ માટેનું સક્ષમ સાધન હાથવગું થયું.
(૧૧) આ સ્વદેશી ચળવળ ભારતીય આર્થિકનીતિની કરોડરજ્જુ બની.

**વિવિધ ક્ષેત્રે સ્વદેશીવ્રત :**

**(૧) રોજગારી ક્ષેત્રે સ્વદેશી :**

(૧.૧) શહેરો તરફની દોટ ઘટાડવા.

(૧.૨) સ્થાનિક રોજગારી ઊભી કરવા.

(૧.૩) ગામડાંને બેઠાં કરવા.

(૧.૪) માણસની આત્મનિર્ભરતા અને સ્વરોજગારીને ઉજાગર કરવા.

(૧.૫) શ્રમિકો અને છેવાડાના માણસો પ્રત્યે સમ-સંવેદના જગાડવા.

**(૨) સંસ્કૃતિ ક્ષેત્રે સ્વદેશી :**

(૨.૧) રોજબરોજની રહેણીકરણીમાં ભારતીય સંસ્કૃતિ ટકાવી રાખવા.

(૨.૨) જીવન વ્યવહારમાં સંસ્કારિતા દાખવવા.

(૨.૩) સ્થાનિક કળા કસબીઓને પ્રોત્સાહિત કરવા

(૨.૪) ભારતીય ધરોહરને સાચવી રાખવા.

**(૩) સંસ્કાર ક્ષેત્રે સ્વદેશી :**

(૩.૧) સ્વદેશીમાં સ્વાર્થ નથી.

(૩.૨) શુદ્ધ સ્વદેશી એટલે પરમાર્થ.

(૩.૩) સમૂહજીવન-વસુધૈવ કુટુંબકમ્‌ની પ્રતીતિ કરાવવા.

**(૪) શિક્ષણ ક્ષેત્રે સ્વદેશી :**

(૪.૧) માતૃભાષામાં શિક્ષણ.

(૪.૨) પ્રાદેશિક વિસ્તારની અસ્મિતાનું ગૌરવ

(૪.૩) ગુરુપરંપરાની શિક્ષણપ્રણાલિ ટકાવી રાખવા.

(૪.૪) પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા જીવનલક્ષી

કેળવણી

(૪.૫.) જીવાતા જીવન સાથેનો અનુબંધ સાધી આપતી કેળવણી.

(૪.૬) અન્નમય કોષથી આનંદમય કોષ સુધી પહોંચાડતી કેળવણી.

**(૫) ધર્મ ક્ષેત્રે સ્વદેશી :**

(૫.૧) સ્વધર્મને વળગી રહેવા.

(૫.૨) સેવામાં ઓતપ્રોત થઈ રહેવા

(૫.૩) અહીં પરદેશી ધર્મનો દ્વેષ કે વિરોધ નથી.

(૫.૪) સર્વધર્મ સમભાવ જાળવવા.

(૫.૫) મનુષ્યત્વને ઉજાગર કરવા.

**(૬) અધ્યાત્મ ક્ષેત્રે સ્વદેશી :**

(૬.૧) સ્વદેશી એ આત્માનો ધર્મ છે.

(૬.૨) આત્મા માટે તો આપણું શરીર પણ પરદેશી છે, આત્મા જ સ્વદેશી છે.

(૬.૩) આથી આત્માનો રાજીપો નિજાનંદ બક્ષે છે.

(૬.૪) આત્માથી પરમાત્માને પામવાની આ જડીબુટ્ટી છે.

(૬.૫) જેવું પિંડે તેવું બ્રહ્માંડે.

**(૭) વિકાસના ક્ષેત્રે સ્વદેશી :**

(૭.૧) પરિવર્તન એ અસ્તિત્વની અનિવાર્ય જરૂરિયાત છે. આથી વ્યક્તિથી-બીજથી લઈ સમગ્ર બ્રહ્માંડને વિકસતું રહેવું એ તેના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. જો વિકાસ માટેનું માધ્યમ કે સાધન આપણે 'સ્વદેશી' વાપરશું તો એ વિકાસ કલ્યાણકારી બની રહેશે.

આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત વિકાસ માટેનો સક્ષમ કાર્યક્રમ વિચારીને સૌને સ્વદેશી બનાવવાનો જે મહામંત્ર આપેલો છે તે વાસ્તવમાં મહાત્મા ગાંધીજીએ આપેલ સ્વદેશીવ્રતનો જીર્ણોદ્ધાર છે. આથી વિશ્વની વિકસવા માંગતી કોઈપણ માનવજાતે સ્વદેશીના શરણે જવું રહ્યું.

**સમસંવેદન**

ગાંધીજીને બ્રિટિશ વડાપ્રધાન ચર્ચીલે એમનો પહેરવેશ જોઈ અર્ધનગ્ન ફકીર કહ્યા હતા. ચર્ચીલને શું ખબર કે આ ફકીરે શા માટે અપૂરતા વસ્ત્રો ધારણ કર્યા હશે ? ઓરિસ્સાના ગામડાંઓમાં ભ્રમણ કરતા ગાંધીજીએ એક ગામડાંમાં ઝૂપડાં પાસે પહોચી સાદ પાડયો: 'ઘરમાં કોઈ છે ? અમે તમને મળવા આવ્યા છે. બહાર આવો.'

ગાંધીનો સાદ સાંભળવા છતાં ઘરમાંથી કોઈ માણસ બહાર નીકળતું નથી એટલે કસ્તુરબાને બાપુએ કહ્યું:

'તું જરા ઘરમાં અંદર જઈને જોઈ આવ કોઈ માણસ છે કે ?'

કસ્તૂરબાએ ઘરમા જઈ અવાજ કર્યો: 'કોઈ છે કે ?'

બાનો અવાજ સાંભળી કોઠી પાછળથી અવાજ સંભળાયો: 'હું અહીં છું, કોઠી ઓઢી બેઠી છું.'

બાએ કોઠી પાછળ જઈ જોયું તો એક સ્ત્રી પોતાનું નગ્ન શરીર સંકોચી બેઠી હતી. એ જોઈ બાએ પૂછયું: 'શરીર પર કપડું કેમ નથી પહેર્યું?'

જવાબ મળ્યો: 'અમે ખૂબ ગરીબ છીએ..આ ઘરમાં અમે બે સ્ત્રીઓ રહીએ છે અને અમારી પાસે એક ફાંટેલું કપડું છે. જેને બહાર જવું હોય ત્યારે એ પહેરીને જાય અને ઘરમાં રહે તે કોઠી ઓઢીને પોતાનું શરીર ઢાંકે.'

કસ્તૂરબા તો વ્યથા સાંભળી વ્યથિત થઈ ગયાં.

બહાર આવી બાપુને બધી વાત કહી. બાપુ એ તો એજ ક્ષણે પૂરો પોષાક ઉતારી પોતાની પાઘડીમાંથી એક કટકો ફાડી, પોતડી બનાવી પહેરી બીજા કપડાં આપી દીધાં. સજળ આંખે કશોક સંકલ્પ કરતા ગાંધીજી આગળ ગયા...

## ૦૩ રાખે તે રાક્ષસ અને દે તે દેવ...

**સુભાષ ભટ્ટ**

---

વિનોબાની જીવનયાત્રા ૮૬ વર્ષમાં વિસ્તરેલ અપૂર્વ ચિત્ત અને અનન્ય ચેતનાનો વિસ્તાર છે. (તા.૧૧/૯/૧૮૯૫માં જન્મ અને ૧૫/૧૧/૧૯૮૨માં મહાપ્રસ્થાન) મને લાગે છે તે સ્થિર-સ્થગિત વિસ્તાર નથી પણ નિરંતર વહેણ છે. તેમનું નામ વિસ્મય ભાવે રાખી શકાય. કારણકે વિસ્મય સાથે વહેતી એક એવી અથાક નદી-એક એવી બૃહદ નદી જે કોઈ તટ પર અટકતી નથી. તેમના જીવન વહેણ દરમિયાન અનેક તટો આવ્યા : શબ્દો અને મૌન, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, ઓળખ અને અસ્મિતા, પરિધ અને કેન્દ્ર, બહિર્મુખતા અને અંતર્મુખતા, આત્મા અને પરમાત્મા, આશ્રમવાસી અને નિરંતર પ્રવાસી વગેરે. તેમને બંને તટો નીરખતા આવડતું હતું.

તેઓ સતના શિખર પરથી ચિત્તને અને ચિત્તના શિખર પરથી સતને નીરખવાનો આનંદ લઈ શકતા હતા. હવે તેમની અંતહીન અભિવ્યક્તિઓ તેમને સમજવાની અને પામવાની કેડીઓ છે, અડીખમ દીવાલો નથી, અલબત્ત, તેમને પામવાની દીર્ઘ યાત્રા પછી કેન્દ્રમાં પહોંચીએ ત્યારે એવી પ્રતીતિ થાય છે કે અહીં કોઈ 'વ્યક્તિ' નથી. અર્થાત પૂજ્ય વિનોબાજી એવા યાત્રી છે જેમણે આત્માવાન બનીને ચીવટપૂર્વક યાત્રાના સ્મરણો, અનુભવો અને નકશા પહોંચાડ્યા છે, પણ યાત્રી તો મારગમાં જ ઓગળી ગયો છે. એક એવો યાત્રી જેમણે સમગ્ર યાત્રા દરમિયાન ખલીતામાંથી બધું સૌને વહેંચ્યા કર્યું છે અને સ્વયં વહેંચાયા કર્યા છે.

જેમ અનેક દેશો કે ખંડોમાં વિસ્તરેલ નદીને એક છબીમાં ન સમાવી શકાય તેમ પૂજ્ય વિનોબાજીના જીવન-ચિંતન-લેખન-કાર્યને બે-પાંચ નામો અને વિશેષણોના ખાનાઓમાં ન બાંધી શકાય. એ સ્મરણમાં રાખીએ કે આપણે આ પળે જે નદી નિરખીએ છીએ તેની પૂર્વે પણ તે વહેતી હતી અને તેની પછી પણ તે વહેવાની છે. તેમના માટે જયારે વિશેષણ વાપરવાનું થાય છે ત્યારે એમ અનુભવાય છે કે હું તેમની પાવકતામાં ખલેલ પાડું છું. તેમના સમી બૃહદ ચેતનાને આવરી લઈ શકે તેવી ક્ષમતા કે યોગ્યતા મારી નથી, પણ મારા આત્મીયલોક અને અહોભાવલોકમાં વસતા પૂજ્ય વિનોબાજીની થોડીક શાશ્વત છબીઓ અને પળો હું આપની સાથે વહેંચું. એમ કહેવાય છે કે જ્યારે બનાવ-ઘટના-પ્રસંગ સ્વયં અર્થપૂર્ણ હોય કે સંદેશ આપતા હોય ત્યારે તેનું ભાષ્ય આપવાની કે વ્યાખ્યા આપવાની જરૂર નથી.

વિનાયક નામનો તેજસ્વી અને વિસ્મયથી છલકાતો બાળક જેણે અહીં અને ત્યાં, ડાબે અને જમણે, ગઈકાલ અને આવતીકાલ જોઈ, ઉપર અને નીચે જોયું અને તેને પ્રેમ-મૈત્રી જડી ગયા. સરવાળે ૮૬ વર્ષની તેની રઝળપાટ અંતતઃ અનન્ય યાત્રા બની ગઈ.

જયારે આંગણામાં પ્રથમ ફણસ ઉતરતું ત્યારે રુકમણી મા સાત વર્ષના વિન્યાને આસપાસમાં બધે બબ્બે પેશી વહેંચવા મોકલતી અને કહેતી, 'રાખે તે રાક્ષસ અને દે તે દેવ.'

વિન્યો જમવા બેસે તે પૂર્વે મા તેને પૂછતીઃ 'તુલસીને પાણી પાયું કે?'

વિન્યો એકવાર બાને પૂછે છેઃ 'તું તો ભારે સ્વાર્થી છે! પહેલા તું આપણા ઘરની રસોઈ કરે છે અને પછી પડોશીની.' તો બા કહે છે, 'જો હું તેના ઘરની રસોઈ વહેલી બનાવું તો ખાવા ટાણે ઠરી જાય. એમને ઠંડી રસોઈ ન ખાવી પડે એ માટે પહેલા હું આપણા ઘેર રસોઈ બનાવું છું.'

આ અન્યના આનંદમાં પોતાનો આનંદ એવા સંસ્કાર

મા એ આપ્યાં. તેથી તેમના જીવન આખામાં તેઓ વસ્તુ અને વિચાર, સ્નેહ અને સમજ, પ્રેમ અને મરમ સૌને વહેંચતા રહ્યા. તેઓ માનતા કે, 'હું સર્વમાં છું અને સર્વ મારામાં છે.' તેમને મન આ જગત એટલે માથાં અનેક અને હૃદય એક.

વિનોબાનું સમગ્ર આયખું સમાધિ સમું બની રહ્યું તે જીવનના અવિરત અનુભવને કારણે. આપણા સૌ પાસે જીવન વ્યતિત કરવાના બે વિકલ્પો છે; હું સ્વયં માટે જીવું છું તેમ સમજીને જીવન વિતાવવું. હું અન્ય માટે જીવું છું તેમ સમજીને પરિધ પર જીવન વિતાવવું.

પૂજ્ય વિનોબાજી અન્ય માટે જીવે છે તેથી સાવ મુક્ત અને નિર્બન્ધ છે, તેમની ઉપસ્થિતિમાં હળવાસ અને મોકળાશ છે. તેમની ઉપસ્થિતિનો બોજ કોઈએ ઉપાડવાનો નથી કારણ કે તેઓ સ્વયં નિર્બોજ છે. તેઓ અહમ-ઓળખ-અસ્મિતા જેવો કોઈ સામાન રાખતા નથી. કદાચ, તેથી જ ગત સદીઓના અનેક મહાન નામો વચ્ચે તેઓ એક જ સાવ નિર્વિવાદ છે. એક એવા યાત્રી જે સતત સહયાત્રીઓને બધું વહેંચતા રહે છે, સાવ જ નિઃસ્વાર્થ અને બિનશરતી તેઓ વહેંચે છે એટલે નહીં કે તેમને કશું જોઈએ છે પણ એટલે કે તેમની પાસે ખૂબ છે, છલકાય છે. તેમનું સુખ- ત્યાગ, કોઈ મોક્ષ કે આનંદ માટે નથી કારણ તેમની કોઈ ઈચ્છા કે અપેક્ષા, કામના કે વાસના સપના કે હેતુ નથી. તેઓ તો પળે પળે વહેંચાતા રહે છે અને સ્વયંને ભૂંસતા રહે છે.

તેમની ફકીરાઈ માત્ર ત્યાગ અને વૈરાગ્યનું દૃષ્ટાન્ત નથી પણ અગાધ કરુણાનું જીવન દ્રષ્ટાંત છે. એક જ વ્યક્તિના મન અને હૃદયમાં સૃષ્ટિ આખી સમાઈ શકે તેનો પુરાવો છે. તેમની અંદર ઓળખ અને અહંકાર, સત્તા અને સંપત્તિ, સન્માન અને સંગ્રહની જગ્યા જ વધતી નથી, માત્ર અસલામતી અનુભવનાર આ બધું એકઠું કરે. પરિશુદ્ધ આનંદ તો પળે-પળમાં જીવે છે. તેને ગઈકાલ કે આવતીકાલ હોતી નથી. આનંદની પળમાં જ શાશ્વતી વસે છે. અઢળક પ્રેમ-આનંદ હોય તે વ્યક્તિ જ સૌને વહેંચવા નીકળે. પૂ.વિનોબાજી એટલે...

પ્રેમ અને મૈત્રીનું વિસ્તરણ,
કરુણા અને સાત્ત્વિકતાની છોળ.
જ્ઞાન અને આનંદની વહેંચણી.
વ્યક્તિમાં થતો સમષ્ટિનો અનુભવ.

તેમનામાં આ નિસ્વાર્થ કલ્યાણમૈત્રી જ ચુંબકત્વ સર્જતી.

એક વખત કોઈએ પૂછ્યું, 'તમે આટલું મહાન કાર્ય ઉપાડ્યું છે તમારી પાછળ આ કાર્ય કોણ આગળ ચલાવશે?' તે પળે મારગની બાજુ પર વીજળીના તાર પર ચકલીઓ બેઠી હતી તેમની તરફ આંગળી ચિંધીને પૂ.વિનોબાજી કહે, 'આ ચકલીઓ મારું આગળનું કામ કરશે.'

આસામ વિસ્તારની પદયાત્રા દરમિયાન કોઈએ પૂછેલું: 'બાબા, આપનું ઘર ક્યાં ? ' ત્યારે મારગની સમાંતરે વહેતી બ્રહ્મપુત્રા તરફ આંગળી ચિંધી ને કહે,: 'આ બ્રહ્મપુત્રાનું ઘર ક્યાં છે?'

એક વખત કોઈ કુતુહલ પ્રેમી મુલાકાતીએ પૂછેલું, 'આપનો ઉત્તરાધિકારી કોણ? ' તો પૂ.વિનોબાજી કહે, 'ઈશ્વર'

આમ તેમની પદયાત્રા કે જીવનયાત્રાને સમાંતર એ વાક્યજ્ઞ અને વાક્ગંગા પણ અસ્ખલિત ચાલતી. આ બ્રહ્માંડ આખું એક જ ચૈતન્યનું પ્રાગટ્ય છે, એક જ ચૈતન્યનું વહેણ છે, એક જ ચૈતન્યનો ધબકાર છે. તેવી તેમની પ્રતીતિનું ઝાંખું દર્શન કે આછો સ્વાદ આપણને પણ મળે છે, પુછનારને પણ મળતો.

પૂ.વિનોબાજીનો એક અદ્ભૂત ઉત્તર અહીં જોઈએ:

કોઈએ તેમને પૂછ્યું, 'જીવનને સંગીતમય બનાવવા જીવન કર્મપ્રધાન હોય કે તત્ત્વપ્રધાન?' તો પૂ.બાબા જવાબ આપે છે,' તત્ત્વપ્રધાન નહીં, ભકિતપ્રધાન. દિવસ હોય કર્મપ્રધાન અને રાત્રિ ભકિતપ્રધાન.'

તેમનામાં વિચાર અને આચારનો, શબ્દ અને મૌનનો, એકાંત અને સમૂહનો, શ્રમ અને વિશ્રામનો અનન્ય સમન્વય જોવા મળે છે.

# ૦૪ લોકભારતીમાં ગાંધીવિચારની કેળવણી

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

---

ઋષિવર્ય નાનાભાઈનું સર્વાંગી કેળવણીના ક્ષેત્રે ત્રીજું સોપાન એટલે સણોસરા ગ્રામપ્રદેશમાં ૧૯૫૩માં ઉચ્ચશિક્ષણ આપવાનો શુભારંભ. નાનાભાઈનું પ્રથમ સોપાન ૧૯૧૦માં ભાવનગર શહેરમાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના. બીજું સોપાન ૧૯૩૭માં આંબલા ગામે નઈ તાલીમને હૃદયસ્થ રાખતી ગ્રામદક્ષિણામૂર્તિની શરૂઆત. આ ટ્રસ્ટના સ્થાપકો મેટ્રીક પછી બુનિયાદી કેળવણી દ્વારા ગ્રામીણ સમાજના, સત્ય, પ્રેમ અને કરુણાના મંત્ર આધારિત નેતાગીરીના નિર્માણ માટે ૧૯૪૭ પછી સઘન વિચારણા કરી રહ્યા હતાં ત્યારે સ્વાતંત્ર્યોત્તર સમયમાં ભારત સરકારે રચેલા પ્રથમ શિક્ષણ પંચના અધ્યક્ષ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ૧૯૫૧માં જે ભલામણો કરી હતી તે પૈકીની એક હતી, ગ્રામવિદ્યાપીઠની સંકલ્પના. નાનાભાઈ અને મનુભાઈ આ વિચારને સાકારિત કરવા સંકલ્પબદ્ધ થયા. મેટ્રીક (૧૧માં ધોરણ) પછી ૪ વર્ષના અભ્યાસક્રમને આવરી લેતા લોકસેવા મહાવિદ્યાલયની સાથે જ ભારત સરકાર માન્ય ૨ વર્ષનો ડિપ્લોમાં અભ્યાસક્રમ ધરાવતા રુરલ ઈન્સ્ટિટ્યૂટના શ્રીગણેશ થયા. સમયાંતરે રુરલ ઈન્સ્ટિટ્યૂટ યોજના સમાપ્ત થઈ.

**સંસ્થામાં અન્ય કાર્યરત્ત શૈક્ષણિક વિભાગોઃ**

૧. પ્રાથમિક શિક્ષક અધ્યાપનમંદિર- ૧૯૪૮ (પ્રારંભે આંબલા)

૨. પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર - ૧૯૬૩

૩. સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલય- ૧૯૬૯

૪. ગ્રામવિદ્યા અનુસ્નાતક કેન્દ્ર - ૧૯૯૨

ગુજરાત સરકારના સહકારના અભાવે ક્રમ ૩ અને ૪માં દર્શાવેલા વિભાગોને બંધ કરવાની ફરજ પડી છે. જ્યારે ૨૦૨૨થી લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશનનો શુભારંભ થયો છે.

**લોકભારતીમાં ગાંધીવિચારની કેળવણી :**

લોકભારતી ચોક્કસ સિદ્ધાંતોને વરેલી સંસ્થા છે. નાનાભાઈ, મનુભાઈ અને તેમના નિષ્ઠાવાન સાથીદારો ગાંધીવિચારમાં ઊંડી આસ્થા, શ્રદ્ધા ધરાવતા હતા. ૧૯૨૦માં જ્યારે ગાંધીજી દક્ષિણામૂર્તિ ભવનની મુલાકાતે ભાવનગર આવ્યા ત્યારે તેમણે હરિજન વિદ્યાર્થીઓને પણ પ્રવેશપાત્ર ગણવા સૂચવેલું.નાનાભાઈના ગુરુ અને સંસ્થાને આર્થિક સહાય પૂરી પાડતા નથુરામ શર્માજી આ દરખાસ્ત સાથે સંમત નહોતા. તેમ છતાં નાનાભાઈએ આ ક્રાંતિકારી સૂચનનો અમલ કર્યો.

૧. ગાંધીવિચારનો અભ્યાસક્રમમાં સમાવેશ :

લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયને સૌરાષ્ટ્ર સરકારે પ્રારંભથી જ બિનશરતી સ્વાયત્તતા આપેલી. તેથી અભ્યાસક્રમના ઘડતરની પ્રક્રિયા દરમિયાન જ મહત્ત્વના નિર્ણયો થયા કે અહીં બે વિભાગ હશે : (૧) કૃષિ ગોપાલન (૨) લોકશિક્ષણ. બંને વિભાગોના વિદ્યાર્થીઓએ સંયુક્તપણે જે વિષયોનું શિક્ષણ મેળવવાનું હોય તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

૧. ગાંધીવિચાર ૨. વિસ્તરણ ૩. સહકાર :

સંસ્થાએ ગાંધીવિચારના વ્યાપક પ્રચાર પ્રસાર માટે ગાંધીભારતી વિભાગની સ્તુત્ય શરૂઆત કરી છે. વિદ્યાર્થીઓ ગાંધીવિચારના સિદ્ધાંતોનું જ્ઞાન મેળવે અને જીવનમાં ગાંધીવિચારોનું આચરણ કેમ કરવું, જીવન સાથે ગાંધીવિચારનો અનુબંધ કેમ રચવો એ વિશે મહેમાનોને, જિજ્ઞાસુઓને જાણકારી આપવામાં આવે છે. કોઈ પણ વિદ્યાસંસ્થાઓ સ્વખર્ચે શિબિરોમાં આવીને, શિબિરો માટે આયોજન કરાવીને શિક્ષણ,કેળવણી,નઈ તાલીમ, ગાંધીજીવન-દર્શન વિષે તાલીમ લઈ શકે છે.

૨. સમાનતામૂલક સમાજ રચના માટે અનિવાર્ય છાત્રાલયજીવન :

અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 'છાત્રાલય' એટલે 'હોસ્ટેલ' નહીં જ્યાં માત્ર રહેવા, જમવાની ભૌતિક સુવિધા

હોય. છાત્રાલય એટલે ચારિત્ર્યઘડતરનું ધરુવાડિયું. આ વિભાગની વિશેષતા છે :

૧. દરેક વિભાગ અને વર્ષ માટે અલગ અલગ છાત્રાલય. વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોવાથી તેમનામાં પરસ્પર બંધુતા, સહિષ્ણુતાની ભાવના વિકસાવવામાં અનુકૂળતા રહે.

૨. અહીં સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા વિદ્યાર્થીઓએ કરવાની.

૩. છાત્રાલયનિવાસ ફરજિયાત છે, જેથી સમૂહજીવનની કેળવણી મળી શકે છે. વિદ્યાર્થીઓએ રસોઈ કામમાં મદદ કરવાની. શાક સમારવું, રોટલી વણવી, દૂધ કે છાશ લાવવા વગેરે. દરેક કામમાં સૌની સામેલગીરી હોવાથી સ્વાવલંબનના પાઠ શીખવા મળે.

સંજોગોવશાત્ વર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને સંયુકત રસોડા શરૂ કરવાની સંસ્થાને ફરજ પડી છે. દરેક છાત્રાલયમાં અવૈધિક શિક્ષણની કાળજી રાખે તેવા એક ગૃહપતિ હોય. તેની વરણી સ્વૈચ્છિકપણે થાય. તે વહેલી સવારે વિદ્યાર્થીઓને પ્રેમપૂર્વક જગાડવા જાય. નાસ્તા,ભોજન વખતે હાજરી આપે. બીમાર વિદ્યાર્થીઓની સારસંભાળ માટે વ્યવસ્થા કરે. પ્રાર્થના પછી રાત્રે હાજરી પૂરે. વ્યકિતત્વ વિકાસની ચર્ચાઓ કરે. સંસ્થાના તમામ કાર્યકરોએ પણ પ્રાંગણ પર રહેવાનું અનિવાર્ય છે. જેથી વિદ્યાર્થીઓની વર્ગખંડ સિવાયની પરોક્ષ કેળવણીમાં મદદ મળે.

૩. શ્રમિકોના સન્માન માટે શ્રમનું સ્થાન :

આપણે અજ્ઞાનવશ બૌદ્ધિક વર્ગને આદર, સન્માન આપીએ છીએ. તેમના તરફ અહોભાવ સેવીએ છીએ પણ જે રાત અને દિવસ શારીરિક શ્રમ કરીને ઉત્પાદન સેવાઓ પૂરી પાડે છે તેની અવગણના થાય છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં વકીલાત દરમિયાન જહોન રસ્કિનનું પુસ્તક વાંચ્યું ‘અન ટુ ધીસ લાસ્ટ’ પછી તુરંત જ ફિનિક્સ આશ્રમ (૧૯૦૪) અને ટોલ્સટોય ફાર્મ (૧૯૧૦)ની સ્થાપના કરી. જયાં દરેકે શારીરિક કે માનસિક કામમાં ભાગીદારી નોંધાવવાની હતી.

શ્રમિકોના કામ માટે સન્માનની ભાવના જાગે અને દરેક કામનું સમાન મહત્ત્વ છે તેની વિદ્યાર્થીઓને પ્રતીતિ કરાવવા લોકભારતીએ નિર્ણય કર્યો કે દરેક વિદ્યાર્થીએ વર્ષ દરમિયાન કુલ ૨૫૦ કલાક શારીરિક શ્રમમાં જોડાવું. શ્રમના સંયોજન-સંકલન માટે સરકારશ્રીએ શ્રમ સંયોજકની જગ્યા પણ મંજૂર કરેલી છે. પ્રવેશ પામતા વિદ્યાર્થીઓ માટે વિવિધ વિભાગોમાં દૈનિક સરેરાશ ૧ થી ૨ કલાક શ્રમકાર્ય રાખવામાં આવે છે. બીજા સત્રમાં ૧ સપ્તાહ સુધી દરરોજ ૭ કલાક શ્રમ. બીજા વર્ષમાં શ્રમશિબિર. દરેક વિદ્યાર્થીએ ગુજરાતમાં વિવિધ ખેડૂતોના ઘરે ૧૨ થી ૧૫ દિવસ સાથે રહેવાનું, જમવાનું અને ૫ થી ૬ કલાક દરરોજ ખેતીમાં કામ કરવાનું. આ રીતે કૃષક પરિવાર સાથે આત્મીયતા કેળવાય અને આત્મવિશ્વાસ સ્થપાય. કેમ્પસ પરના તમામ વિદ્યાર્થીઓ, કાર્યકરો સાથે મળીને સફાઈકાર્યમાં સામેલ થાય તે માટે સપ્તાહમાં ૧ કલાક યજ્ઞાર્થે શ્રમકાર્ય યોજાય છે.

૪. કરુણામૂલક ખાદીનો પહેરવેશ :

ભારતના ગ્રામીણ વિસ્તારના લોકોને ઘરે બેઠા પૂરક રોજગારી મળે તે માટે ગાંધીજીએ કાંતણ- વણાટની હિમાયત કરેલી. જાતે કાંતેલા અને વણેલા સુતરાઉ, રેશમી કે ઉની કાપડમાંથી તૈયાર થયેલા વસ્ત્રને ખાદી નામ અપાયું. સંસ્થામા કાર્યકરો અને છાત્રો ખાદી વસ્ત્રો ધારણ કરે છે.

૫. વિવિધ શિબિરો,વ્યાખ્યાન :

૧. ગ્રામીણ પ્રજા સાથે અનુબંધ સ્થાપવા ગ્રામશિબિર

૨. આદિવાસી પ્રજા અને તેમની સંસ્કૃતિનો પરિચય મેળવવા તેમની સાથે સમાનુભૂતિ સાધવા આદિવાસી શિબિર.

૩. ગાંધીવિચારના દઢિકરણ માટે વિશેષતઃ ૩૦ જાન્યુઆરી, ૨ ઓકટોબરના ચિંતકોના વ્યાખ્યાનો. તા. ૨/૧૦ના ગાંધીવિચાર આધારિત વિચાર-વિમર્શ અને પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે.

**સમાપન :**

વર્તમાન સમયમાં ઉપભોકતાવાદને કારણે અનેકવિધ વિકટ સમસ્યાઓ સર્જાઈ છે ત્યારે શિક્ષણ ક્ષેત્રે ગાંધીવિચારનું અમલીકરણ કરવાનું કામ મુશ્કેલ છે. તેમ છતાં વર્તમાન દૂરંદેશી સંચાલકો શ્રદ્ધા, ભરોસાપૂર્વક કાર્યરત છે. આખરે તો દુનિયામાં ગાંધીવિચારના પ્રસાર,અમલ દ્વારા જ સૌ કોઈને શાંતિ અને સુખ મળશે.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## ૦૫ ગાંધીજીના સાહિત્યમાંથી પ્રગટતી કેળવણી-સંકલ્પના

**ભરત જોશી 'પાર્થ મહાબાહુ'**

---

ગાંધીજીનું વ્યક્તિત્વ બહુ આયામી હતું. તેમાંના બે આયામોને આ શીર્ષકમાં ઝીલવામાં આવ્યા છેઃ સાહિત્યકાર અને કેળવણીકાર. સાહિત્યકાર તરીકે ગાંધીજીએ કરેલું સર્જન 'હિન્દ સ્વરાજ', 'સત્યના પ્રયોગો' વગેરે સ્વરૂપે જાણીતું છે. ગાંધીજીએ તેમનાં અખબારોમાં નિયમિત કલમ ચલાવી હતી.'ઇન્ડિયન ઓપીનિયન' (૧૯૦૩), 'યંગ ઇન્ડિયા' (૧૯૧૯), 'નવજીવન' ( ૧૯૧૯), અને 'હરિજન' (૧૯૩૩)માં પ્રગટ થયેલાં તેમનાં લખાણોને સંકલિત કરી ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત તેમનાં પ્રવચનો અને પત્રોને પણ ગ્રંથસ્થ કરાયાં છે. તેમનાં સમગ્ર લેખનને અંગ્રેજીમાં Collected Works of Mahatma Gandhi અને ગુજરાતીમાં 'ગાંધીજીનો અક્ષરદેહ' અંતર્ગત સાચવી લેવાયું છે, જેમાંથી ગાંધીજીનો સાહિત્યકાર તરીકેનો પરિચય પ્રાપ્ત થાય છે.

ગાંધીજી ઉત્તમ પ્રત્યાયનકાર તરીકેની ભૂમિકામાં પ્રગટ થયા તેના ભાગ સ્વરૂપે તેઓ સાહિત્યકાર તરીકે સ્વાભાવિક રીતે પ્રગટ્યા છે, પરંતુ કેળવણીકાર ગાંધીજી સભાન રીતે પ્રગટ થયા છે. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના લીધે ફિનિક્સ વસાહત અને ટોલ્સટોય વાડીમાં સત્યાગ્રહીઓના બાળકોના શિક્ષક બનેલા ગાંધીજી કેળવણી વિશે સભાન રીતે વિચારે છે તથા ક્રમશઃ પોતાની કેળવણી-સંકલ્પના ઘડતા રહે છે. અને ૧૯૩૭માં તેને કેળવણી-સંકલ્પનાના સ્વરૂપે રજૂ કરે છે.

ગાંધીજીનું શૈક્ષણિક દર્શન તેમના વ્યાપક સામાજિક, રાજકીય અને નૈતિક દૃષ્ટિકોણમાં ઊંડા મૂળ ધરાવે છે. 'નઈ તાલીમ', 'બુનિયાદી શિક્ષણ', 'વર્ધા યોજના' કે 'પાયાની કેળવણી' તરીકે ઓળખાતા આ શિક્ષણદર્શનમાં જીવન અને સમાજ પ્રત્યેનો એક સર્વાંગી અભિગમ જોવા મળે છે. ગાંધીજીનું વ્યક્તિત્વ અખંડ છે. તેમાં રહેલું સાતત્ય ધ્યાનાર્હ છે. તેમના વિવિધ વિષયના વિચારોમાં એકરૂપતા હોવાનું કે એકસૂત્રતા હોવાનું આ કારણ છે. ગાંધીજીનો શૈક્ષણિક વિચાર માત્ર શિક્ષણ વ્યવસ્થા નથી પરંતુ જીવન જીવવા વિશેની એવી સમજણ છે જે ભારતને વિશ્વ ગુરુ બનાવી શકે.

ગાંધીજીએ સન ૧૯૨૦માં ઉચ્ચ શિક્ષણ માટે ગૂજરાત વિદ્યાપીઠ જેવી રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના કરી હોવા છતાં તેમણે સન ૧૯૩૭ માં આપેલી પોતાની કેળવણી-સંકલ્પના પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં જ રજૂ કરી હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP) ૨૦૨૦ના પ્રગટીકરણ પછી ફરી ગાંધીજીની કેળવણી-સંકલ્પના સૌના ધ્યાને આવી છે. (NEP)૨૦૨૦માં ક્રિયાત્મક શિક્ષણ, ચારિત્ર્યઘડતર, માતૃભાષામાં કેળવણી અને ભારતીયતા જેવી ઘણી બાબતો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે જે ગાંધીજીએ સૂચવેલી હતી. આ અર્થમાં બુનિયાદી કેળવણીની યોજના (૧૯૩૭) પ્રથમ ભારતીય શિક્ષણનીતિ હતી.

**(૧)પરસેવાથી ભીંજાયેલી કેળવણી :**

ગાંધીજીએ મનુષ્યના સામાજિક ઉત્થાનમાં શિક્ષણની ભૂમિકાનું મહત્ત્વ અને તત્કાલીન શિક્ષણના સ્વરૂપની મર્યાદાને બરાબર પીછાણી લીધી હતી. સન ૧૯૦૯ માં તેમણે "હિન્દ સ્વરાજ"માં આ વાત 'કેળવણી' પ્રકરણમાં સાફ શબ્દોમાં વ્યક્ત કરી છે. તેમાં ગાંધીજી પોતાના શબ્દોમાં 'વિદ્યા' અને 'અવિદ્યા'નો ભેદ સાદગીપૂર્વક સમજાવે છે. જીવન માટે જરૂરી હોય તેવા અને તેટલા જ્ઞાનની તેઓ ભલામણ કરે છે અને તેથી જ શિક્ષણને ઉદ્યોગ મારફતે

શીખવાની ભલામણ કરે છે. તેમનો આગ્રહ શરીરશ્રમના મહિમાનો છે. મનુષ્યને શરીરશ્રમથી વિમુક્ત કરે તેવા શિક્ષણ કે યંત્ર તેમને સ્વીકાર્ય નથી.

ગાંધીજીની કેળવણી-સંકલ્પનામાં ઉદ્યોગ કોઈ પૃથક વિષય સ્વરૂપે શીખવાની વાત નથી. ઉદ્યોગ દ્વારા જ શિક્ષણ આપવાની તેમની ભલામણ છે. વિદ્યાર્થીઓએ શીખવાની સૈદ્ધાંતિક બાબતો તેઓ જ્યારે ઉદ્યોગમાં સામેલ થાય ત્યારે સ્વાભાવિક રીતે શીખી શકે છે. ક્રિયા દ્વારા શિક્ષણને ઉત્તમ રીતે સાકાર કરવાની આ શ્રેષ્ઠ રીત છે. વળી, શિક્ષણમાં સામેલ કરાતા ઉદ્યોગો પણ પરંપરાગત હોય તેની કાળજી રાખવાની પણ તેમની ભલામણ છે. વિદ્યાર્થીઓ સૈદ્ધાંતિક શિક્ષણ જ્યારે ઉદ્યોગ દ્વારા મેળવે છે ત્યારે તેમણે કશું ગોખવાની જરૂર પડતી નથી. તે સિદ્ધાંતો સાહજિક રીતે શીખે છે અને સર્જનનો આનંદ પણ મેળવે છે. ઉદ્યોગ દ્વારા સર્જાયેલી સામગ્રીના વેચાણથી થતી આવક દ્વારા શિક્ષણ ખર્ચની ભરપાઈ થાય તેવી તેમની ધારણા હતી. ગાંધીજીની અપેક્ષા તો એવી હતી કે ઉદ્યોગ દ્વારા થયેલાં ઉત્પાદનો સરકાર ખરીદી લે અને તેમ નિશાળને થયેલી આવકમાંથી શિક્ષકોના પગારનો ખર્ચ પણ નીકળે. જોકે સન ૧૯૩૭માં જ્યારે વર્ધા મુકામે ગાંધીજીએ રાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં આ વાત કરી ત્યારે જ ડૉ. ઝાકીર હુસેને ગાંધીજીની આ અપેક્ષાને બુનિયાદી શિક્ષણની સફળતાની તેજાબી કસોટી કહી હતી અને પોતાની અસંમતિ પ્રગટ કરી હતી. ગાંધીજી શિક્ષણ વ્યવસ્થાને સ્વાવલંબી સ્વરૂપે જોતા હતા. ખર્ચની દૃષ્ટિએ શિક્ષણ સ્વાવલંબી હોવું જોઈએ તેવી તેમની વિચારણા હતી; તો શરીરશ્રમનો મહિમા કરવાના સંદર્ભમાં તેમણે શાળાના વિવિધ કાર્યો શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળીને જાતે જ કરે તેવો પણ આગ્રહ રાખ્યો હતો. આમ, આ અર્થમાં પણ સ્વાવલંબન સૂચવાયું હતું. વ્યક્તિએ પોતાના કાર્યો પોતે જ કરવા જોઈએ તે તેમની સ્પષ્ટ વાત હતી.

ગાંધીજી સૂચિત શિક્ષણ શરીરશ્રમ પ્રત્યેના આદરને પ્રોત્સાહિત કરે છે. તેમનું માનવું હતું કે દરેક વ્યક્તિએ પોતાના અને પોતાના સમાજના પોષણમાં ફાળો આપવો જોઈએ. આ સામાજિક શ્રેણીને તોડવાનો અને સમાનતાને પ્રોત્સાહિત કરવાનો એક માર્ગ હતો અને તે શિક્ષણ દ્વારા સિદ્ધ થાય તેવી તેમની સમજ અને અપેક્ષા હતી.

**(૨)સ્વદેશી સ્વાવલંબી કેળવણી :**

ગાંધીજીનો કેળવણી વિષેનો વિચાર અંગ્રેજી કેળવણીના વિકલ્પે હતો. અંગ્રેજી કેળવણી એટલે અંગ્રેજી ભાષાની કેળવણી એમ નહીં, પણ અંગ્રેજો દ્વારા અપાયેલી શિક્ષણની વ્યવસ્થા એવો અર્થ છે. તેમણે અંગ્રેજી કેળવણીની ટીકા ભારતીય સંદર્ભમાં તો કરી જ છે પણ સમગ્ર રીતે તે માનવજાત માટે નુકસાનકારક છે તે પણ સમજાવ્યું છે. ગાંધીજીની દૃષ્ટિ વ્યાપક હતી. તેઓ ''સદા સૌ સુખી થાઓ'' અને ''વસુધૈવ કુટુંબકમ''ની હિમાયત કરતા હતા. ગાંધીજીના વિચારોની બીજી એક લાક્ષણિકતા છે તેમાં રહેલી અખિલાઈ. તેમના કોઈ વિચારોમાં વિરોધાભાસ નથી. ગાંધીજી સ્વદેશીના હિમાયતી હતા અને તેમનો તે વિચાર તેમની કેળવણી-સંકલ્પનામાં પણ જોઈ શકાય છે. સ્થાનિક પરંપરાના ઉદ્યોગનું સ્થાન શિક્ષણમાં હોવું જોઈએ અને તે જ રીતે તેમણે માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્થાપિત કરવાનો આગ્રહ રાખ્યો. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા હોવાથી સ્વદેશી ભાષાનું રક્ષણ અને સંવર્ધન તો થાય જ, ઉપરાંત મનોવિજ્ઞાનના સિદ્ધાંતો અનુસાર શીખવા/ શીખવવામાં સરળતા અને સફળતાની માત્રા વધી જાય. ગાંધીજી આ કારણે જ એવા શિક્ષણની હિમાયત કરે છે જેની પદ્ધતિ વિકેન્દ્રિત હોય અને સ્થાનિક સંદર્ભમાં સુસંગત હોય. તેમણે માન્યું કે શિક્ષણ સ્થાનિક ભાષા, સંસ્કૃતિ અને પર્યાવરણમાં ઊંડાં મૂળ ધરાવે છે. તેથી માતૃભાષાથી શિક્ષણ વધુ અર્થપૂર્ણ અને સૌ માટે સુલભ બને છે.

ગાંધીજીની કેળવણી-સંકલ્પના વિકેન્દ્રીય વ્યવસ્થા અને સ્થાનિક સુસંગતતા ઉપર ભાર આપે છે. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા હોય તો સ્થાનિક સુસંગતતા સ્થાપિત

કરવામાં મદદ મળે છે. ગાંધીજી બહુ મોટા તંત્રની તરફેણ નથી કરતા, તેમનો વિચાર વ્યક્તિથી સમષ્ટિને આવરી લે છે. તેઓ સમાજની સ્થાનિક અસ્મિતાને સન્માન આપવાની વાત કરે છે. તેથી પશ્ચિમની સભ્યતા તેમને સ્વીકાર્ય નથી. સ્વદેશીની ગાંધીજીની વ્યાખ્યા ઘણી મૌલિક છે. તેમણે શિક્ષણમાં સ્થાનિક સાધનો અને સરળ દેશી પદ્ધતિઓનો ઉપયોગ કરવાની હિમાયત કરી, જેમાં અનાવશ્યક જટિલતા અને અવરોધોને સ્થાન ન હોય.

**(૩) મનુષ્યત્વથી મહેકતી કેળવણી :**

ગાંધીજી કેળવણીને સંપૂર્ણ મનુષ્યના ઘડતર માટેની પ્રક્રિયા તરીકે જુએ છે. તેથી ગાંધીજીની કેળવણી-સંકલ્પનામાં અક્ષરજ્ઞાનની તુલનાએ ચારિત્ર્યઘડતરને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. અક્ષરજ્ઞાન તો ન હોય તો પણ ચાલે, પણ ચારિત્ર્યનું ઘડતર અનિવાર્ય છે તેમ ગાંધીજી દૃઢપણે માને છે. કેળવણીની સંપૂર્ણતા માત્ર જ્ઞાનાત્મક કૌશલ્યોના વિકાસથી શક્ય જ નથી. જ્ઞાનાત્મક વિકાસ મનુષ્યના મસ્તિષ્કનો વિકાસ કરે છે, જ્યારે ગાંધીજીને મન હાથ અને હૈયાને કેળવવાનું મહત્ત્વ વિશેષ છે. ગાંધીજી કેળવાયેલા મનુષ્યને નૈતિક અને આધ્યાત્મિક સજ્જતાના માપદંડથી મૂલવે છે. તેમણે તત્કાલીન 3R (વાચન - ગણન - લેખન)ની કેળવણીના સ્થાને 3H (હૈયું - મસ્તક - હાથ)ની કેળવણીની ભલામણ કરી છે. 3Rની કેળવણી માનવને એકાંગી વિકસાવે છે, જ્યારે 3Hની કેળવણી માનવને સર્વાંગી વિકસાવે છે. તેનામાં સામાજિક જવાબદારી વિકસે છે. તે મનુષ્યને સંવેદનશીલ બનાવે છે. 3Hની કેળવણીનો હેતુ ચારિત્ર્યનું નિર્માણ કરવાનો અને સત્ય, અહિંસા, અને કરુણા જેવા મૂલ્યોને મનુષ્યમાં સ્થાપિત કરવાનો છે. ગાંધીજીનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન સામાજિક જવાબદારીના મહત્ત્વ પર ભાર મૂકે છે. શિક્ષણે વ્યક્તિઓને સમાજમાં સકારાત્મક ફાળો આપવા માટે અને સૌના ભલા માટે કામ કરવા તૈયાર કરવા જોઈએ. સર્વોદયના સિદ્ધાંતોમાં ગાંધીજીએ દર્શાવેલી ભાવના મનુષ્યમાં પ્રગટાવે તેવી કેળવણી ખરી કેળવણી છે.

ગાંધીજી તત્કાલીન કેળવણીની ટીકા આ આધારથી કરે છે અને તે 3R ની મેકોલે સૂચિત કેળવણીથી અળગા થવાની વાત કરે છે. ગાંધીજીને મન સ્વનો નહીં સૌનો વિચાર કરતા કરે તે જ ખરી કેળવણી છે. મનુષ્યમાં ભાવનાશીલતાની ખીલવણી અનિવાર્ય છે કારણ કે મનુષ્યમાં સમસંવેદન હશે તો જ તેનામાં અહિંસા, કરુણા, સદ્ભાવ જેવા ગુણો આવશે. આ ગુણો જ મનુષ્યની મનુષ્ય તરીકેની ઓળખ છે. નરી બૌદ્ધિકતા માણસને યંત્ર કેન્દ્રી જીવન માટે તૈયાર કરે છે જ્યારે ગાંધીજીને મન ચારિત્ર્યવાન મનુષ્યનું ઘડતર જ કેળવણીનો હેતુ છે. ગાંધીજીની અહિંસા માટેની પ્રતિબદ્ધતાને લીધે તેમની કેળવણીની ફિલસૂફીમાં સ્વાભાવિક રીતે શાંતિ અને સંઘર્ષ-નિવારણની કેળવણી સામેલ છે. કેળવણીએ વ્યક્તિઓ અને સમુદાયો વચ્ચે સુમેળને સ્થાપિત કરે અને ટકાવી રાખે તેવી સમજને પ્રોત્સાહિત કરવી જોઈએ.

**(૪) સૌની સર્વોદયી કેળવણી :**

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહાનુભવ ગાંધીજીને ભારતમાં સ્વાતંત્ર સંગ્રામની પીઠિકા તરીકે કામ લાગ્યો. તેમના આ અનુભવે તેમને સમજાઈ ગયું હતું કે કેળવણી અત્યંત મહત્ત્વની બાબત છે અને તે મેળવવાનો સૌનો અધિકાર છે. વળી, સૌને સાથે કેળવણી લેવાનો અધિકાર છે તે પણ તેમની પ્રબળ માન્યતા હતી. આથી તેમના સમયની સામાજિક બદીઓને તેમણે તેમના કેળવણી વિચારમાં પડકારી છે. તેઓ સમાવેશી કેળવણીના મજબૂત હિમાયતી હતા. ગાંધીજીની કેળવણી-સંકલ્પનામાં સર્વનો સમાવેશ છે. સર્વોદય એટલે કે સર્વનો ઉદય તે જ તેમનો ઈરાદો છે. તેથી વર્ધામાં કેળવણી-સંકલ્પના રજૂ કરાઈ તેમાં ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની હિમાયત કરવામાં આવી. નિશાળ જ્યાં સુધી સ્વાવલંબી ન બને ત્યાં સુધી રાજ્યએ ખર્ચ ભોગવવો જોઈએ, પણ પ્રાથમિક શિક્ષણ તો મફત જ અપાવવું જોઈએ અને રાજ્યએ તે ફરજિયાત

પણ કરવું જોઈએ. સમાજના તમામ વર્ગો સુધી એકસમાન રીતે કેળવણી પહોંચે તેની ચિંતા થવી જોઈએ. તેમણે તમામ વ્યક્તિઓની સમાનતા, સમાન શૈક્ષણિક તકો આપવાના મહત્ત્વમાં વિશ્વાસ રાખ્યો. સમાનતા વિશે ગાંધીજીનું ચિંતન અતિ સ્પષ્ટ છે. તેમના અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા, સ્ત્રી સશક્તિકરણ, આદિવાસી અને કિસાન ઉત્કર્ષ વગેરે રચનાત્મક કાર્યક્રમોમાં આ વાત પ્રતિબિંબિત થાય છે. તેથી કેળવણીના કાર્યક્રમો પણ સ્થાનિક પરંપરા, સંસ્કૃતિ, અને માતૃભાષા સાથે સુસંગત હોય તે બાબતે તેમણે ભાર મૂક્યો. સર્વોદયનો પ્રથમ સિદ્ધાંત 'સૌના ભલામાં આપણું ભલું છે' ને તેમણે કેળવણી-સંકલ્પનામાં આ સ્વરૂપે ઢાળેલો જોઈ શકાય છે.

**(૫) જીવન એ જ કેળવણી :**

ગાંધીજીને મન કેળવણી જીવનથી અભિન્ન છે. જીવન અને કેળવણીને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. તેમણે માન્યું કે કેળવણી વ્યક્તિને જીવન માટે તૈયાર કરે છે, તેથી કેળવણી જીવનની જ હોય. સમાજ મનુષ્યના જે પ્રકારના જીવનને અપેક્ષિત સમજે છે, તેવું જીવન કેળવણી તેને શીખવે તે માટે ગાંધીજીનો આગ્રહ હતો. એટલે કેળવણીએ મનુષ્યને જીવનના પડકારો અને જવાબદારીઓ માટે તૈયાર કરવા જોઈએ. સમાજમાં વ્યક્તિ પોતાને યોગ્ય રીતે ગોઠવી શકે તેવી 'હૈયું, મસ્તક અને હાથ'ની કેળવણી તેને મળવી જોઈએ. આથી, કેટલાક વિષયો શીખવી દેવાથી કામ પૂર્ણ થતું નથી. મનુષ્યને અહિંસક, ન્યાયી અને કરુણાસભર સમાજના અંગ તરીકે વિકસાવે તેવી કેળવણી જરૂરી છે. માત્ર અક્ષરજ્ઞાન કે સાક્ષરી કેળવણીથી સંતોષ માની ન શકાય. મનુષ્યને સંતુલિત અને પરિપૂર્ણ જીવન જીવતા શીખવું જરૂરી છે. તે 'સ્વ' ને બદલે 'સર્વ'નો વિચાર કરી જીવે તે માટેની સભાનતા અને ખેવના તેનામાં પ્રગટવી જોઈએ. સહજીવન કે સહ-અસ્તિત્વનો મહિમા તેનામાં પ્રગટવો જોઈએ. તે પોતાની સંસ્કૃતિ માટે ગર્વ અનુભવે અને બીજાની સંસ્કૃતિનો આદર કરે તેવી રીતે તેનો વિકાસ થાય તેવું શિક્ષણ ગાંધીજીએ સૂચવ્યું છે.

UNESCO દ્વારા ૧૯૯૬માં પ્રકાશિત થયેલા એકવીસમી સદી માટેના શિક્ષણની યોજનાના દસ્તાવેજ 'Learning: The Wreasure Within'માં પણ આ વાતને સ્વીકારી Learning to live togatherને અધ્યયનના એક સ્તંભ તરીકે દર્શાવેલ છે. આપણી આસપાસનું પર્યાવરણ મારું એકનું નથી અને તેની જાળવણી કરવાની જવાબદારી મારી પણ છે તે ભાવના મનુષ્યમાં કેળવણી વડે પ્રગટે તે તેમણે ધાર્યું હતું. વૈભવી જીવન નહીં, પરંતુ સાદગીપૂર્ણ અને લઘુતમ જરૂરિયાતોથી પ્રકૃતિ સાથે સુમેળમાં જીવન જીવતા શીખવે તે ગાંધીજીના મતે સાચી કેળવણી છે. ગાંધીજીની કેળવણી-સંકલ્પના સમાજના ટકાઉ વિકાસ પર ભાર મૂકે છે. તેમાં મનુષ્ય, પ્રાણીઓ, પશુ-પંખીઓ અને પ્રકૃતિનાં તમામ સ્વરૂપોના શોષણનો નિષેધ છે. પ્રકૃતિના સમન્વયનો આગ્રહ ગાંધીજી સૂચિત કેળવણી-સંકલ્પનામાં છે. બુનિયાદી શિક્ષણ પ્રકૃતિનો આદર કરવાની સંવેદનાનું શિક્ષણ છે. સમાજમાં પ્રત્યેક મનુષ્ય સમાન સ્વાભિમાની અને સ્વસ્થ જીવન જીવે તે માટે બુનિયાદી કેળવણીમાં સઘળું છે. સુખ-સાહ્યબીની વૈભવી સામગ્રીને તેમાં સ્થાન નથી. ગાંધીજીની કેળવણી-સંકલ્પનામાં નિશાળ લઘુતમ સંસાધનોથી ચાલે છે, શિક્ષકોના પગાર સહિતનો ખર્ચ સ્વાવલંબનની પ્રવૃત્તિ દ્વારા ભરપાઈ થાય છે અને શિક્ષણના અંતે તૈયાર થતા વિદ્યાર્થીને આજીવિકા માટે આત્મવિશ્વાસથી હાથ ધરી શકાય તેવો એક હુન્નર મળી આવે છે. આથી એક સંતુષ્ટ સમાજ રચાય છે જે સર્વોદયની ખાતરી આપે છે.

ગાંધીજીની કેળવણી-સંકલ્પના માત્ર સિદ્ધાંતોનો સમૂહ નથી, પરંતુ એક ન્યાયી અને સમતાયુક્ત સમાજની રચના માટેનો વ્યવહારુ અભિગમ છે. તે પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓને પડકારે છે અને શિક્ષણ અને વિકાસ માટે વધુ માનવીય, નૈતિક અને સ્થિર અભિગમની માગ કરે છે.

સંપર્ક-૯૮૨૫૬૮૪૪૫૪

## ૦૬ મહાત્માને મળવાની ઝંખના

**પારસકુમાર**

ગાંધીવિચાર સાથે આત્મીય સંવાદ એટલે સ્વયં મહાત્મા સાથે નિર્મળ સંવાદ. કોઈ માણસ નિર્મળ ભાવે મહાત્માને વાંચવા મંડી પડે છે ત્યારે મહાત્માનું અખંડ મૌન પણ તૂટી પડે છે. ગાંધીને વાંચ્યા પછી વિચલિત થનારો માણસ મહાત્માને મળ્યાનો દાવો માંડે છે ત્યારે તેના નિર્મળ ભાવને ટેકો આપનાર સજ્જન પણ ગાંધીજન જ ગણાય. થોડાં વર્ષો પછી મહાત્માને સદેહે નીરખનાર એકપણ જીવ આ ધરતી પર નહીં હોય પણ ગાંધીવિચારમાં ઝબોળાઈને નિરંતર જીવંત રહેનાર ગાંધીજન ક્યારેય સ્મૃતિશેષ નહીં હોય. મહાત્માને મળવા માટે મહાત્માએ જીવી જાણેલાં વિચારોને મળવું પડે. કોઈ સંકુચિત ગાંધીવાદી નવી પેઢીને મહાત્મા સાથે ભેટો કરાવવાનો દાવો માંડે છે ત્યારે સાવધાન થઈ જનાર યુવાન પર બાપુના બોખા સ્મિતની અમીવર્ષા વરસતી હોય છે. 'સત્યના પ્રયોગો' વાંચ્યા પછી કોઈ માણસ મહાત્માના સત્યને મળ્યા વિનાનો રહી શકે ખરો ? જેને ગાંધીવિચારોમાં પણ ગાંધીની હૂંફ વર્તાતી નથી તેને જીવનમાં ક્યાંય ગાંધીના અણસારા પણ વર્તાતા નથી. જે પીડ પરાઈ જાણે રે, તેને મહાત્મા મળે રે !

એક હતા નવી પેઢીના ગાંધી અને એક હતા જૂની પેઢીના ગાંધી. અંતરમનમાં મહાત્માને મળવાનું સમણું જન્મે તો કઈ પેઢીના ગાંધીને મળવું ? માન્યવર, અખંડ ગાંધીનું અમૃત મધુર મધુર ! નવી પેઢી ગાંધીથી દૂર હોવાના જૂનવાણી વિચારના હવે અગ્નિસંસ્કાર કરી નાખવા જોઈએ. અભય વિચારધારામાં નિરંતર ભીંજાતી રહેતી નવી પેઢી ગાંધીની વધુ નજીક છે. યુવાહૈયામાં ગાંધી ગૂંજે છે અને યુવાનો ઉરમાં ગુંજતા ગાંધીના ગુણગાન લખવા લાગે છે. નવી પેઢી અને મહાત્માનું જોડાણ જાણવા નવયુવાનોએ લખેલા ગાંધીગ્રંથોમાં માળો બાંધવો પડે. નવી પેઢીના ગાંધીસાહિત્યમાં ઝબોળાયા વિના નવી પેઢીના ગાંધીપ્રેમનું મૂલ્યાંકન કરવાનો વિચાર પણ ગાંધીદ્રોહ જ ગણાશે. કેટલાક લોકો કહે છે, નવી પેઢી ગાંધીથી દૂર છે, દૂર એટલે કેટલી દૂર ? નિરુત્તર રહે તે ગાંધીજન નહીં. નવી પેઢી ગાંધીની નજીક છે, નજીક એટલે કેટલી નજીક ? ગાંધીની ખલેલ પામેલ સજ્જન ખરે ટાણે જ મૌન રહે તો તે પણ ગાંધીજન નહીં.

મહાત્મા મૈત્રીના માણસ છે, મહાત્માની મૈત્રી એટલે સત્ય અને અહિંસાની મૈત્રી. માણસ મિત્રભાવે મહાત્માને મળવાનું સમણું સેવે તો મૌન મને ઊભેલી ગાંધીની પ્રતિમાનું મૌન પણ તૂટે. ગાંધીજીના ત્રણ વાંદરાની હથેળીમાં માણસની હથેળી જેવી જ રેખા દોરાયેલી છે અને આપણને આ રેખાઓ પરથી જ મહાત્માનું મૂલ્યાંકન કરવાની ટેવ પડી ગઈ છે. આપણને ગાંધીના ત્રણ વાંદરાનું મૌન તૂટે તેમાં જેટલી આતૂરતા છે તેટલી આતૂરતા ગાંધીની પ્રતિમાનું મૌન તૂટે તેમાં નથી. મૌનની પ્રતિષ્ઠા વધારે તેનું નામ મહાત્મા. મહાત્માનું મૌન એટલે અંતરમનને ભેટવાનું મૌન. મહાત્માના વિચારો આપણા મનમાં માળો બાંધે છે ત્યારે મહાત્મા મિત્ર ભાવે આપણી સાથે વાતો કરવા માંડે છે. મહાત્માના હૃદયમાં સત્યનું જ સંગીત વહે છે, સત્યના સૂર જ મહાત્માના ગીતને સુમધુર બનાવે છે. જેને મહાત્માને મળવાની ઝંખના છે તેને જ મહાત્મા મળે છે.

ગાંધી-વિચારમાં અંકુરિત થવું એટલે મહાત્માને મળીને પુલકિત થવું પણ ઘણીવાર વક્રીભવન પામેલો ગાંધીવિચાર જ આપણને ગાંધીથી દૂર રાખે છે. જીવનના પ્રત્યેક વળાંકે આપણા હૃદયનો તાર મહાત્મા સાથે બંધાઈ જતો હોય છે

પણ તારનો ઝંકાર સંભળાય તે પહેલાં આપણે દૂર નીકળી જતાં હોઈએ છીએ. આપણે રેંટિયો કાંતવા આતૂર છીએ પણ મહાત્માને મળવાનું અંતર કાપવા આતૂર નથી. ગાંધીના રંગે રંગાયાનો નિજાનંદ ભરપૂર ભરપૂર!

સત્યાગ્રહના શિખર પર બાપુનો સત્ય સાથે ભેટો થયો ત્યારે આપણને મોહનમાંથી મહાત્મા મળ્યાં અને મહાત્માને યુગાવતાર મોહનના અણસારા કળાયા. ગીતામાં ઈશ્વરને પામવાના ત્રણ માર્ગ કહ્યા છેઃ જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ. મહાત્મા ગાંધીના ત્રણ જ્ઞાની વાંદરાએ ચીંધેલા ત્રણ મારગનું મૂળિયું પકડો તો મારગમાં મહાત્મા જરૂર મળે.

જે માણસ ખાનગીમાં બાપુનો આભાર માની શકે તે માણસને બાપુ ખાનગીમાં હોંકારો પણ આપી શકે. બાપુને મળવા બાપુ જેવી સત્યપ્રીતિ કેળવો તો ખુદ બાપુ અભિવાદન કરવા આવી પહોંચે. મહાત્માને મળવું છે તો મહાત્માના વિચારોને મળો. જે જીવ ગાંધીવિચારમાં ભળી ગયો તેને મહાત્મા મળી ગયા. મહાત્માને મળવું એટલે સત્ય અને અહિંસામાં ભળવું. આપણે મહાત્માને વાંચીએ, ખૂબ વાંચીએ અને પછી મહાત્માને મળ્યાં વિનાના રહીએ તે શક્ય જ નથી. પૂર્વગ્રહથી ભરેલા અભિપ્રાય પરથી મહાત્માનું મૂલ્યાંકન કરવાની જરૂર નથી. મહાત્મા પ્રત્યેક પળે સામાન્ય માણસને મળવા હાજરહજૂર રહેનાર મહાત્મા હતા. જાતને ક્યારેય ન છેતરવાના સંકલ્પનું નામ જ મહાત્માને મળવાનો સંકલ્પ છે.

મહાત્માની મધુર મર્યાદાને મળતાં પહેલા ખુદની મર્યાદાને ઓગાળવી પડે. ગાંધીને મળવા માટે ગાંધી બનવું જરૂરી નથી પણ ગાંધીના માર્ગે દોડવું જરૂરી છે. ગાંધીના માર્ગે દોડવા માટે શક્તિ પણ જોઈએ અને આસક્તિ પણ જોઈએ. જે જીવ મહાત્માના માર્ગે ચાલી શકે તેને મારગમાં મહાત્મા મળી શકે. મહાત્માને મળવાં માટે અભયપણું કેળવવું પડે. બાપુનું સ્મિત બોખું હોઈ શકે બાપુનું સત્ય નહીં. મહાત્માનું મૂલ્યાંકન એટલે મહાત્માના સત્યનું મૂલ્યાંકન. જેમ આપણા સપાટ મનમાં મહાત્માને મળવાની મથામણ છે તેમ મહાત્માના મનમાં પણ સત્યને ભેટવાની મથામણ હતી. મહાત્મા સત્યને ભેટી પડ્યા પછી જ બોલી ઉઠ્યા કે, મરતાં પણ સત્ય ન છોડવું.

ખાનગીમાં ખુદનો સંહાર કરનાર માણસ અહિંસક હોવાનો દાવો માંડે ત્યારે મહાત્મા લાચાર વદને ખુદના અનુયાયીની હિંસા નિહાળ્યા કરે. જેનું આચરણ અહિંસક છે તે જીવ જ ગાંધીવિચારક છે. ગાંધીને મળવું એટલે ગાંધીના દિવ્ય સત્યને મળવું. સત્યના ઉપાસક બન્યા પછી મહાત્માના દેહને મળવાનું આકર્ષણ ઘટે અને પ્રતિદિન મહાત્માના નૂતન વિચારને મળવાની ઝંખના જ જન્મે. સત્યનો ઉપાસક સત્યના શિખર પર પહોંચે પછી ખુદ મહાત્મા સત્યના ઉપાસકને ભેટવા દોડ્યા આવે. સંકુચિત મન સત્યની વિશાળતાને પામી શકે નહીં. મહાત્માને મળવા માટે સત્યનિષ્ઠ બનવું પડે. બાપુના હૃદયમાં પાંગરેલા સત્યએ આપણી શ્રદ્ધાનું સ્વરૂપ ધારણ કર્યું ત્યારે જ મહાત્મા પ્રાર્થનામય ચિતે ટહુકી ઉઠ્યા, સત્ય એ જ પરમેશ્વર !

જ્યાં સંકુચિતતા છે ત્યાં ગાંધી નથી પણ જ્યાં સંક્ષિપ્તતા છે ત્યાં જ ગાંધી છે. ગાંધી વિરાટ સત્યનું સંક્ષિપ્ત સ્વરૂપ છે. મહાત્માને મળવાનો સઘળો આધાર પોતા પર છે. આપણે અંતરમનમાં મહાત્માની અહિંસાનું હુંફાળું વાતાવરણ ઊભું કરી શકીએ તો મહાત્મા પણ અહિંસાની હૂંફમાં માળો બાંધવા આવી પહોંચે. જેણે મહાત્માને માણી લીધા તેણે મહાત્માને મળી લીધું જ ગણાય. જયારે સર્વત્ર સ્વધર્મનો ભાવ કળાવા લાગે ત્યારે અંતરમનમાં મહાત્માને મળ્યાંનો ભાવ પાંગરવા લાગે. અંતરમનની આસક્તિ ઓસરે પછી મહાત્માને મળવાની ઝંખના દૂર નથી. મહાત્માને મળવું કેટલું દૂર છે ? દ્વારકાના મારગે મળ્યા રાવળ જામ. રાવળ જામને પૂછ્યું, દ્વારકા કેટલુંક દૂર? તેમણે ઉતર વાળ્યો, ધરમીને મન ઢૂંકડું ને પાપીને મન દૂર!

મો ૯૮૨૫૯ ૯૬૫૩૯

# ૦૭ ગાંધીવિચાર : સ્વદેશી... ટ્રમ્પઃટેરિફ અને આત્મનિર્ભર ભારતની આંતરકથા

**ડૉ. રજનીકુમાર પરમાર**

---

આપણો ભારત દેશ જયારે અંગ્રેજી શાસનની આર્થિક ગુલામી હેઠળ ઝઝૂમી રહ્યું હતું, ત્યારે એક નાજુક-નમણી, છતાં અદમ્ય કાયાએ એક એવો સિદ્ધાંત આપ્યો જે માત્ર સ્વતંત્રતાની લડતનું શસ્ત્ર જ ન બન્યો, પરંતુ એક રાષ્ટ્રની આત્માનો અવાજ બની ગયો. એ સિદ્ધાંત હતો 'સ્વદેશી'. એ સ્વદેશી, જે માત્ર વિદેશી માલનો બહિષ્કાર નહોતો, પરંતુ આત્મનિર્ભરતા, આત્મગૌરવ અને સર્વોદયની એક નૈતિક પ્રતિજ્ઞા હતી.

આજે જયારે દુનિયા ફરી એકવાર આર્થિક યુદ્ધના મેદાનમાં ઊભી છે. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓના 'ટેરિફ બોમ્બ' ભારત જેવા દેશો પર ઝળુંબી રહ્યા છે, ત્યારે ગાંધીજીના એ શાશ્વત વિચારની સુસંગતતા ફરી એકવાર ચકાસવાની જરૂર લાગે છે. શું ગાંધીજીએ એ સમયે જે ભાવિ જોયું હતું તે આજે સાચું પડી રહ્યું છે? શું ટ્રમ્પ જેવા નેતાઓના આર્થિક દબાણ સામે ઊભા રહેવા માટે, આપણે ગાંધીજીના દૃષ્ટિકોણને ફરીથી અપનાવવો પડશે? આ પ્રશ્ન માત્ર ભારત દેશની સરકાર માટે જ નથી પણ દેશના દરેક નાગરિક માટે છે. અન્ય દેશોની ભૌતિકતા તરફ અંજાયેલી આપણી આંખોમાં ગાંધી-પ્રેરિત સ્વદેશી-વિચારનું આંજણ આંજવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે, એ આંખને વિદેશી વસ્તુઓની નજર ના લાગે એ માટે... અને એ જીવંત આંખે, ગાંધીજીના ચશ્માથી જોવાનો પ્રયાસ કરીએ સ્વદેશી વિચારને, ટ્રમ્પની આર્થિક નીતિઓના સપાટી-ભર્યા વર્તમાનને અને આધુનિક ભારતના 'આત્મનિર્ભર ભારત' મિશનની આંતરકથાને...

મહાત્મા ગાંધીનો સ્વદેશી વિચાર કેવળ એક આર્થિક નીતિ નહોતી પરંતુ એક દાર્શનિક અને આધ્યાત્મિક જીવનશૈલી હતી. તેમણે 'નવજીવન', 'યંગ ઇન્ડિયા' અને 'હરિજનબંધુ'ના માધ્યમથી 'સ્વરાજ'નો અર્થ આપ્યો, તે સહુમાં 'સ્વદેશી'નો રણકાર સ્પષ્ટ વર્તાય છેઃ 'સ્વરાજ, પૂર્ણ સ્વરાજ કે આઝાદી એટલે આપણા ઉપર કોઈ પણ પરદેશી સલ્તનત રાજ્ય ન કરે. એ આઝાદી ચારે બાજુની હોવી જોઈએ...'('યંગ ઇન્ડિયા', ૧૮-૦૬-૧૯૩૧, ૧૪૭) તેમણે વર્ણવેલ ચારે બાજુની આઝાદીમાં રાજ્યપ્રકરણ, નૈતિક-સામાજિક અને ધર્મની સ્વાતંત્રતા. આ સાથે સૌપ્રથમ તેઓ આર્થિક સ્વતંત્રતા પર ભાર મૂકે છે. એ વિચારની સિદ્ધિમાં સ્વદેશી વિચાર રહેલો છે. 'હિંદ સ્વરાજ'માં તેમણે સ્પષ્ટ કર્યું છે કે, 'માણસ પોતે પોતાના ઉપર રાજ ભોગવે, એ જ સાચું સ્વરાજ.' આ સ્વરાજની કામના કરતાં માણસને ગાંધીજીએ ફક્ત શારીરિક વૈભવ પાછળ ભાગતો નહીં પણ ઉચ્ચ ધ્યેયો માટે પુરુષાર્થ કરતો ગણાવ્યો છે. 'હિંદ સ્વરાજ'માં તેમણે સ્વરાજને મનનું રાજ્ય કહ્યું છે. સત્યાગ્રહ, આત્મબળ કે દયાબળને તેની ચાવી કહી છે અને 'તે બળ અજમાવવા સર્વથા સ્વદેશી પકડવાની જરૂર છે.'૧ એમ ભારપૂર્વક સ્પષ્ટ કર્યું છે. તેમણે માણસના પુરુષાર્થી આત્મબળને સાચા સ્વરાજની ચાવી ગણવા સાથે શસ્ત્રબળ કરતાં ક્યાંય જોરાવર ગણ્યું છે.

'સ્વરાજ એટલે સ્વદેશ અને સ્વદેશ માટે સ્વદેશી...' આ વિચાર ગાંધીજીનું ભાવિષ્યનું દર્શન છે. સ્વદેશી સિદ્ધ કરવા માટે તેમની તત્પરતા અડીખમ હતીઃ 'જ્યાં સુધી હાથે ટાંકણી ન બનાવીએ ત્યાં લગી ટાંકણી વિના ચલાવીશું... કોડિયામાં તેલ નાખી આપણા ખેતરમાં પાકેલા રૂની વાટ વણી બત્તી કરીશું. તેમ કરતાં આંખ બચશે, પૈસો બચશે ને સ્વદેશી રહીશું, થઈશું, સ્વરાજની ધૂણી ધખાવીશું.'૨

સ્વરાજની ધૂણી ધખાવવાનો આદર્શ સેવતા ગાંધીજીએ 'મંગળપ્રભાત'માં સ્વદેશીને 'વ્રત' તરીકે સ્થાપીને પોતાના સમયનું મહાવ્રત ગણાવ્યું છે. આ સાથે સ્વદેશીવ્રતને આત્માના ધર્મ તરીકે સ્થાપ્યું. લોકોમાં એ ધર્મ

ભૂલાતો જોઈ ગાંધીજીને કહેવું પડ્યું છેઃ ''સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ' -વાક્ય નિકળ્યું છે, એનો અર્થ આમ જરૂર કરી શકાયઃ 'સ્વદેશી પાળતાં મૃત્યુ થાય તોયે સારું છે, પરદેશી તો ભયાનક જ છે.''૩ આમ સ્વધર્મ એટલે સ્વદેશી એમ સૂચવતા ગાંધીજીએ તત્કાલિન સમયમાં રહેલા ભાવિ 'ટ્રેડ વોર' (વેપારનું યુદ્ધ)ને જોયું હશે?

સ્વદેશીના બ્યૂગલ સાથે ગાંધીજીએ 'સર્વોદય'નું દર્શન પણ આપ્યું છે, જહોન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટ'માંથી તેમણે 'સહુની ભલાઈમાં આપણી ભલાઈ છે' એમ સ્વીકાર્યું છે. અહીં તેમણે આર્થિક હરીફાઈને બદલે પરસ્પરના સહકારને જીવનનો આધાર ગણી સહકારની ભાવનાને પણ ઉજાગર કરી છે. જેમાં પાડોશીના હિતનો મર્મ રહેલો છે.-એ અર્થમાં સ્વદેશીને કેવળ વિદેશી વસ્તુનો બહિષ્કાર ન ગણતા એક એવી પ્રતિજ્ઞા ગણીએ જેમાં વ્યક્તિ પોતાના કુટુંબ, શહેર, દેશ અને અંતે જગતકલ્યાણ અર્થે પોતાની જાતને હોમી દે. તારીખ ૧૯-૦૬-૧૯૨૭, 'નવજીવન'ના અંકમાં ગાંધીજીએ સ્વદેશી વિચારને શુદ્ધ સ્વાર્થ અને પરમાર્થની પરાકાષ્ઠા ગણાવ્યો હતો. આ સિદ્ધાંતને શાશ્વત ધર્મ તરીકે ઓળખાવ્યો છે, પણ તેઓ હાકલ કરતાં ભૂલ્યા નથી કે, 'દયાભાવથી, શરમથી, ધર્મ માનીને, જરૂરિયાત સમજીને પણ સ્વદેશી ધર્મ આપણે પાળવો જ જોઈએ. આજે ચૂકીશું તો કાલ આપણી નથી.'૪ 'કાલ આપણી' નથીનો જવાબ આપણને વર્તમાન સમય આપે છે ! ચારે દિશાની આઝાદીમાં આર્થિક સ્વતંત્રતાનો વીંછી આપણને કોઈને કોઈ સ્વરૂપે ડંખતો રહ્યો છે.

જ્યાં ગાંધીજીના સ્વદેશીનો પાયો નૈતિકતા અને સર્વોદય હતો, ત્યાં ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓનો આધાર સંપૂર્ણપણે અર્થકેન્દ્રીય અને અમેરિકા ફર્સ્ટના સિદ્ધાંત પર રહેલો છે. ટ્રમ્પે ભારતીય વસ્તુઓ પર ૫૦% સુધીના ટેરિફ લાદવાની જાહેરાત કરી, જેને 'ટેરિફ બોમ્બ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ આદેશથી ભારતના જ્વેલરી, ઑટોમોબાઇલ, ટેક્સ્ટાઇલ અને ઇલેક્ટ્રોનિક્સ જેવા ઉદ્યોગોને વાર્ષિક ૨થી ૭ અબજ ડોલરનું નુકસાન થવાની સંભાવના સેવાઈ રહી છે. ટ્રમ્પની આ નીતિ માત્ર આર્થિક પગલું નહીં, પણ તે રાજકીય દાદાગીરીનું એક શસ્ત્ર ગણી શકાય. ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ અને લશ્કરી સાધનોની ખરીદી અને BRICS જેવા આંતરરાષ્ટ્રીય સમૂહોમાં ભારતની સક્રિય ભૂમિકા વધવી, જેવાં કારણોથી ટેરિફ વધારી દેવાની ધમકીઓ ભારતે સહન કરવી પડે છે. આ પરિસ્થિતિ બ્રિટિશ શાસનના સમયની યાદ અપાવે છે. ત્યારે વિદેશી શક્તિઓ આર્થિક નિયંત્રણો દ્વારા રાષ્ટ્રોને ગુલામ બનાવતી હતી. ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં 'હિંદુસ્તાન કેમ ગયું?' પ્રકરણમાં લખ્યું છે કે, 'અંગ્રેજોએ ભારતને તલવારથી નહીં, પરંતુ વેપારથી કબજે કર્યું છે.' ટ્રમ્પની નીતિમાં પણ આ જ વાતનું પુનરાવર્તન છે કે આધુનિક યુગમાં પણ વેપારયુદ્ધ એ સત્તા અને વર્ચસ્વ જાળવવાનું એક અદ્યતન માધ્યમ છે.

વર્તમાન પરિસ્થિતિમાં જો ગાંધીજી હોત તો તેઓ કદાચ ટ્રમ્પની 'ટેરિફ નીતિ' એ ભારતને સાવચેત થવાનો એક અવસર ગણાવત. તેઓ આર્થિક દબાણ સામે આકરાં પગલાં લેવાને બદલે રાષ્ટ્રની આંતરિક શક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂકત. વળી તેઓ એમ કહેવાની ઇચ્છા રાખત કે, 'વરુઓનું ટોળું બનીને દુનિયાના બજારોમાં હરીફાઈ કરવાને બદલે, આપણે આપણા ગામડાંના લોકોને સશક્ત બનાવીને 'પૂર્ણ સ્વરાજ'ની વિભાવના સંદર્ભે ચિંતન કરવું જોઈએ.'

ગાંધીજીએ 'સ્વરાજ તે શું?' એ સમજાવવા 'હિંદ સ્વરાજ'માં સ્પષ્ટ કહ્યું હતું કે, 'આપણને અંગ્રેજી રાજ્ય જોઈશે, પણ અંગ્રેજો નહીં જોઈએ. તમે વાઘનો સ્વભાવ માગો છો, પણ વાઘને માગતા નથી. એટલે કે તમે હિંદુસ્તાનને અંગ્રેજ બનાવવા માંગો છો. અને જ્યારે હિંદુસ્તાન અંગ્રેજી થશે ત્યારે તે હિંદુસ્તાન નહીં પણ ખરેખરું ઇંગ્લિસ્તાન કહેવાશે. આ સ્વરાજ મારા વિચારનું નથી.'૫ તેમનો આ વિચાર આધુનિક ભારતના વૈશ્વિકરણની દોડમાં પણ પ્રસ્તુત છે. ગાંધીજીએ હંમેશાં પ્રેમધર્મ અને આત્મબળ પર ભાર મૂક્યો હતો અને તેઓ કદાચ વેપારી-સંઘર્ષોનો ઉકેલ પણ આ જ સિદ્ધાંતો દ્વારા શોધવાનો પ્રયાસ કરત. ટ્રમ્પના ટેરિફ સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે મક્કમ વલણ અપનાવ્યું છે, દેશના ખેડૂતો અને ડેરી ક્ષેત્રના હિતોનું રક્ષણ કરવાની વાત કરી છે, તે એક રીતે ગાંધીજીના સિદ્ધાંતનું

જ પ્રતિબિંબ છે. આ ઉપરાંત તેમણે પોતાનાં ભાષણોમાં અવારનવાર 'સ્વદેશી' અને 'આત્મનિર્ભરતા' પર ભાર મૂક્યો છે. જેમાં તેમણે ભારતીયોને દેશમાં બનેલી વસ્તુઓ અપનાવવા અપીલ કરી છે. તાજેતરમાં સપ્ટેમ્બર ૨૦, ૨૦૨૫ના રોજ ભાવનગરમાં 'સમુદ્ર સે સમૃદ્ધિ' કાર્યક્રમમાં લોકોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે, 'દુનિયામાં આપણો કોઈ મોટો દુશ્મન નથી. આપણો સૌથી મોટો દુશ્મન અન્ય દેશો પર આપણી નિર્ભરતા છે.' તેમણે વેપારીઓને તેમની દુકાનોમાં 'ગર્વથી કહો આ વસ્તુ સ્વદેશી છે' એવાં પોસ્ટર લગાવવાની પણ અપીલ કરી હતી.

ગાંધીજીએ જે સ્વદેશીનો વિચાર આપ્યો હતો, તેનું આધુનિક સ્વરૂપ આત્મનિર્ભર ભારત અભિયાન છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને ભારતને વૈશ્વિક પુરવઠા શૃંખલા (Global Supply Chain)માં એક મજબૂત અને મહત્ત્વપૂર્ણ સ્થાન અપાવવાનો છે. આ અભિયાનનું સૂત્ર છે 'વોકલ ફોર લોકલ' જે ગાંધીજીના સ્વદેશી વિચારનું જ એક નવું સ્વરૂપ છે. પાયાના માણસને રોજગારી મળે એ માટે ગાંધીજીએ વિચાર કર્યો હતો. તેમણે શું વિચાર્યું? 'મેં ખાદીમાં સામાજિક શુદ્ધ સ્વદેશી ધર્મ જોયો. બધા સમજી શકે એવો, બધાને જે પાળવાની આ યુગમાં, આ દેશમાં બહુ આવશ્યકતા છે એવો કયો સ્વદેશી ધર્મ હોઈ શકે ? જેના સહજ પાલનથી પણ હિંદુસ્તાનના કરોડોની રક્ષા થઈ શકે એવો કયો સ્વદેશી ધર્મ હોય ? જવાબમાં રેંટિયો અથવા ખાદી મળ્યાં.'૬

આ મિશનથી ખાદી અને ગ્રામોદ્યોગને પ્રોત્સાહન મળ્યું, આનાથી લાખો લોકોને રોજગારી મળી. આત્મનિર્ભર ભારત અભિયાનનો મુખ્ય ભાર કુદરતી ખેતી તરફ પાછા વળવા પર છે, જે ગાંધીજીના ગ્રામીણ અર્થતંત્રના વિચાર સાથે સીધો સંબંધ ધરાવે છે. જોકે, આત્મનિર્ભર ભારત અને સ્વદેશી વચ્ચે કેટલાક તફાવતો પણ છે. ગાંધીજી યંત્રોના લોભ અને તેના માનવશ્રમ પરના પ્રભાવ અંગે ચિંતિત હતા, જ્યારે આત્મનિર્ભર ભારત આધુનિક ટૅક્નૉલૉજી અને મોટા ઉદ્યોગોને અપનાવવા પર ભાર મૂકે છે. ગાંધીજીનો સ્વદેશી વિચાર એક જનઆંદોલન હતું, જે લોકોની સ્વેચ્છા અને નૈતિકતા પર આધારિત હતું, જ્યારે આત્મનિર્ભર ભારત એક સરકારી નીતિ છે.

આજની વૈશ્વિક પરિસ્થિતિમાં, ગાંધીજીના સ્વદેશી વિચારનો પુનર્વિચાર કરવો આવશ્યક છે. ટ્રમ્પની ટેરિફ નીતિઓ એ યાદ અપાવે છે કે આર્થિક સ્વતંત્રતા એ રાષ્ટ્રીય સાર્વભૌમત્વ માટે અનિવાર્ય છે. આત્મનિર્ભર ભારત એ ગાંધીજીના સ્વદેશી વિચારની વ્યવહારુ પુનર્વ્યાખ્યા છે, જે આધુનિકયુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. સાચી આત્મનિર્ભરતા ત્યારે જ સિદ્ધ થશે, જ્યારે આર્થિક પ્રગતિ સાથે સમાજના દરેક વર્ગનું કલ્યાણ થશે. આ માટે, આત્મનિર્ભર ભારતે ફક્ત મોટા ઉદ્યોગો પર જ નહીં, પરંતુ ગાંધીજીના ગ્રામીણ ઉત્થાન અને સર્વોદયનાં મૂલ્યો પર પણ ભાર મૂકવો પડશે. આ સાથે ગાંધીજીના આ વિધાનને કાયમ યાદ રાખી જાગ્યા ત્યાંથી સવાર એમ માનવું જ પડશેઃ 'આર્થિક અને ઔદ્યોગિક જીવનમાં સ્વદેશીનો ત્યાગ કરવાથી દેશને હાનિ પહોંચી છે. લોકોની અત્યંત ગરીબાઈ તેને આભારી છે. હિંદની બહારની એક પણ જણસ વ્યાપાર અર્થે અહીં લાવવામાં આવી ન હોત, તો હિંદ આજે દહીંદૂધથી છલકાતી ભૂમિ થઈ રહી હોત.'

પુનઃ આપણે આ તક ઊભી થઈ છે..સ્વદેશીવ્રત આત્મસાત્ કરવાની. એનો સ્વીકાર-અમલીકરણ કરી આપણે આપણું રાષ્ટ્રગૌરવ વધારી શકીએ છીએ..સ્વદેશી અપનાવીને રાષ્ટ્રસેવા કરી શકીએ છીએ...સ્વદેશીવ્રત એક અર્થમાં રાષ્ટ્રભૂમિની ધૂળને માથે ચડાવવાનું અનુષ્ઠાન છે.

સંદર્ભસૂચિઃ

૧. ગાંધી મોહનદાસ, 'હિન્દ સ્વરાજ', નવજીવન પ્રકાશન, આવૃત્તિ-૨૦૧૩, પૃષ્ઠ-૭૭-૭૮.

૨. એજન, પૃષ્ઠ-૭૦.

૩. ગાંધી મોહનદાસ, 'મંગળપ્રભાત', નવજીવન પ્રકાશન, આવૃત્તિ-૧૯૩૦, પૃષ્ઠ-૩૮.

૪. એજન.

૫. ગાંધી મોહનદાસ, 'હિન્દ સ્વરાજ', નવજીવન પ્રકાશન, આવૃત્તિ-૨૦૧૩, પૃષ્ઠ-૧૧.

૬. ગાંધી મોહનદાસ, 'મંગળપ્રભાત', નવજીવન

સંપર્ક મો. : ૯૭૩૭૩૧૪૬૩૨

## ૦૮ ગાંધીજીના સ્વપ્નનું ગામડું

**હીરજી ભીંગરાડિયા**

ગાંધીબાપુના કોઈ કાર્યને સમજતાં પહેલાં-બાપુનું ઘડતર ક્યા પ્રકારનું હતું તે જરા જોઈ લેવું પડે. મારો કહેવાનો અર્થ એવો છે કે ખુદ બાપુ સમજાય તો એમની કાર્યપદ્ધતિ સમજવી ઘણી સહેલી બની જાય.

ગાંધીને આપણે કોઈ એક વ્યક્તિ તરીકે નહીં, પણ એક જીવનપદ્ધત્તિ રૂપે સમજવા પડે તેમ છે. એમનું જીવન દરિયા જેવું વિશાળ અને ઊંડું છે. એક વ્યક્તિ પોતાના ૭૯ વરસના આયખામાં આખા વિશ્વને માટે એક યુગ પરિવર્તનકારી સંદેશ પોતાના જીવનકાર્યો થકી આપી શકે, એ એક બહુ મોટી આશ્ચર્યજનક ઘટના છે. તેમના વિશે મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઇને કહેલું કે ભવિષ્યની પેઢીઓ એ માનવા તૈયાર નહિ થાય કે આપણી જેવો જ હાડ-ચામવાળો એક વિરાટ માણસ આ ધરતી પર જીવી ગયો છે. અરે ! એમની હયાતિમાં જીવનારી જનતાએ તેમાં કોઈ માનવી નહીં, મહાત્માના દર્શન કરેલાં. એક ક્ષણભંગુર દેહમાં અને માર્યાદિત જીવનયાત્રામાં કર્મયોગનો આટલો લાંબો પંથ કાપવો એ સાચ્ચે જ દુનિયાને અચરજમાં નાખનારી ઘટના નથી શું ?

આ એક એવા મહાત્મા હતા ભાઈઓ, કે જે પહેલાં આચરી બતાવતા અને પછી જ બોલતા ! "મારો સંદેશ મારી કહેણીમાં નહીં,કરણીમાં છે. મારું જીવન એ જ મારો સંદેશ છે." એમના જીવનમાં બનેલી અનેક નાની મોટી ઘટનાઓ તેમના જીવનનો સંદેશ છે.

એવી થોડીક મુખ્ય ઘટનાઓની વાત કરું તો તમે જુઓ ! સાવ બાળપણમાં મોહન નામનો આ બાળક અત્યંત સામાન્ય કક્ષાનો, અંધારામાં બીવાવાળો એ ભીરુ અને ડરપોક છોકરડો હતો. એની નોકરાણી રંભાએ તેને 'જે રામનામ લે, તેને કશાયની બીક શાની હોય ?' એ સમજાવી દીધું. તેથી રામનામ પર એમને એવી શ્રદ્ધા બેઠી કે રામનામ એમનું બળ બની ગયું ! એમના રામનામે દુનિયાને કમ્પાવતા અંગ્રેજોના હથિયાર બુઠ્ઠાં કરી નાખેલાં. અને જીવનના અંતિમ સમયે પણ તેમના મુખમાંથી ઉદ્‌ગાર સારી પડેલા — 'હે રામ !'

બીજી ઘટનાની વાત કરું તો એ બાળકમાં 'સત્ય' પ્રત્યેની દ્રઢ આસ્થા જગાડવાનું કામ કર્યું 'હરિશ્ચન્દ્ર' નામના નાટકે ! ગમેતેવી વિકટ પરિસ્થિતિમાં પણ બાપુને જીવનભર સત્યથી વેગળા કોઈ કરી શક્યું નથી. સત્યને જ તેમણે પરમેશ્વરરૂપે જોયું, એટલે જ તમે જુઓને, બાળક મોહને શાળાના ઇન્સપેકશન વખતે 'કેટલ' શબ્દનો સ્પેલિંગ ખોટી રીતે લખેલો ત્યારે તેના શિક્ષકે બાજુવાળાની પાટીમાં જોઈ સુધારી લેવાનો ઈશારો કર્યો, છતાં મોહને તે ન સ્વિકાર્યું.

ત્રીજો પ્રસંગ.... મોહને ઘરનાથી છાની રીતે કરેલાં ખર્ચનો છે. દુકાનદારને એની ઉઘરાણી ચુકવવા પોતે પહેરેલાં સોનાના કડામાંથી ચીપ કપાવરાવેલી. આ અસત્યભર્યા પગલે તેને એટલો વિહ્વળ બનાવી દીધો કે તેની કબૂલાત પથારીવશ બનેલા પિતાજીને ચિઠ્ઠી લખીને કરી, ત્યારે જ સંતોષ થયેલો. ગાંધીબાપુએ પોતાની નાનીશી ભૂલને પહાડ જેવડી મોટી ગણેલી. પિતાજી કબાગાંધીને આ પુત્ર પર અઢળક અરમાનો હતાં. તેઓ આ વખતે એક શબ્દ પણ ન બોલી શક્યા. કેવળ બંને આંખમાંથી આંસુ ટપકી પડેલાં !

વકિલાતનાં ધંધાર્થે દક્ષિણ આફ્રિકા ગયા. પરંતુ ત્યાં ભારતીય ગિરમીટિયાંને થઈ રહેલો રંગભેદી અન્યાય તેમણે

જોયો. રેલ્વે મુસાફરીમાં ફર્સ્ટક્લાસની ટિકિટ હોવા છતાં ગોરા નહીં હોવાના કારણે તેમને મુસાફરીમાં અધવચ્ચે જ ધક્કો મારીને ઉતારી દેવાયા. તેના પ્રતિકાર માટે યુવાન બેરિસ્ટર ગાંધીએ અહિંસક સત્યાગ્રહનું શસ્ત્ર અજમાવ્યું. અન્યાયને સાંખી લેવામાં તેમણે કાયરતા જોઈ.

૧૯૧૫માં ભારત આવ્યા પછી તેમણે દેશસેવાનું વ્રત લીધું. પણ કશાય પગલાં ભરતાં પહેલાં પૂરા ભારતને જોઈ-સમજી લેવાની ગોખલેજીની સલાહ માનીને ભારતભરનું બે વાર પરિભ્રમણ કર્યું. તેમણે જોયું કે ભારત એટલે ગામડું. ભારતની ૮૦ ટકા પ્રજા ગામડાંઓમાં વસે છે. ત્યાં તેમણે જોયું કે હજારેક વરસોથી રાજાઓ-બાદશાહો અને અંગ્રેજોની ગુલામીમાં સપડાયેલી પ્રજાની સ્વાતંત્ર્ય થવાની આશા જ જ મરી પરવારી છે. એટલે સ્વતંત્ર થવા માટે ગામડાંઓમાં આઝાદીની ભાવના જગાવવી જરૂરી છે. અને આ વાતે ય સાચી જ ને, સ્વાતંત્ર્ય બહારથી થોડું અપાવી શકાય છે ? સ્વાતંત્ર્ય તો આંતરિક બળ પર સર્જાય છે.

૧૭૫૭મા થયેલ અંગ્રેજો સામેનો મરાઠાઓનો બળવો અને ૧૮૫૭માં થયેલ દેશવાસી હિંસક બળવાનો રસ્તો અહિંસાના એલચીને મંજૂર નહોતો. તેમણે જોયું કે ભારતને બેઠું કરવા અંગ્રેજો દ્વારા થઈ રહેલું આર્થિક શોષણ અટકાવવા ઉપરાંત બેહાલ બનેલાં ગામડાંઓમાં કોમવાદ, નિરક્ષરતા, અસ્પૃશ્યતા, જ્ઞાતિ-જાતિના વાડા, રૂઢિગત વહેમો, નકામા ક્રિયાકાંડો, ધાર્મિક કટ્ટરતા, સ્ત્રીઓ પ્રત્યેનો ખરાબ વ્યવહાર, વ્યસનો, પરાવલંબી જીવન અને રાજયસત્તાના ભય જેવાં અનેક દૂષણો તેમના લોહીમાં ભળી ગયાં છે. આવી હાલતમાં પરદેશનું તો ઠીક, દેશનું શાસન પણ કશા કામનું નથી. તેમણે પોતાની લાંબી સ્વતંત્રતાની સાથોસાથ ગામડાંઓને બેઠાં કરનારાં અઢાર રચનાત્મક કાર્યક્રમોનું મહત્ત્વ વધુ આંકેલું. પોતાના પ્રથમ હરોળના દેશસેવકોને તેમણે અઢાર રચનાત્મક કાર્યક્રમોમાં પરોવી દીધેલા. તેમણે આ કામ માટે અખિલ ભારતીય સંગઠનોની સ્થાપના કરી.

એમને લાગ્યું કે વિકેન્દ્રીત અને સ્વાવલંબી જીવન વિના કોઈ પ્રજાને સ્વતંત્રતા મળતી નથી. આર્થિક શોષણમાંથી યે મુક્તિ મળતી નથી. દા.ત. આપણા જ ગામડાંમાં ઉત્પન્ન થતા કપાસમાંથી કાપડ બનાવવા સુધીની પ્રક્રિયા ગામડાંઓમાં જ થવા લાગે, તો અહી ભરપૂર રોજગારી અને સમૃદ્ધિ સચવાઈ રહે. અંગ્રેજોને માંચેસ્ટરની ફેકટરીમાં બનતું કાપડ અહીં વેચીને અહીંનું નાણું ત્યાં ખેંચી જવામાં રસ હતો. આ ધોવાણને અટકાવવા તેમણે ''સુતરના તાંતણે સ્વરાજ'' મેળવવાનો મંત્ર આપેલો. અને તમે જુઓ ! સ્વાતંત્ર્યની લડત વખતે આપણા રાષ્ટ્રધ્વજમાં પણ તેમણે રેંટિયાનું ચિહ્ન મૂકાવેલું. તેવું જ આપણા ગ્રામોદ્યોગોનું છે. પશ્ચિમની કહેવાતી ઔદ્યોગિક ક્રાંતિએ આપણા ગૃહઉદ્યોગોને ભાંગી નાખ્યાં છે. કેન્દ્રિત યંત્રોદ્યોગ માનવબળથી નહીં, મોટાં મશીનોના બળથી ચાલે છે. તેનાથી સમાજમાં બેકારી અને અસમાનતા ફેલાય છે. આપણા ગ્રામોદ્યોગોને ફરી સજીવન કરવા તે જ રોજગારી, સ્વાવલંબન અને ઔદ્યોગિક શોષણથી છૂટવાનો એક માત્ર ઉપાય તેમણે જોયો.

બાપુએ સ્થાપેલ 'અખિલ ભારતીય ગ્રામોદ્યોગ સંઘે' દેશભરમાં આ વિચાર અને કામને ફેલાવ્યાં હતાં. પણ આપણે તો ગાંધીના બતાવેલા રસ્તે ન ચાલ્યા. ઉદ્યોગીકરણમાં વિકાસ માન્યો અને હવે ખરાબ ફળ ભોગવી રહ્યા છીએ. રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટ' તેમને ખૂબ ગમી ગયેલું. કોઈપણ કાર્યના આરંભની અનિવાર્ય શરત એ ગણાવી જોઈએ કે સૌથી નીચે પડેલાનાં ઉત્થાનનો તેમાં પહેલો ખ્યાલ રખાયો હોય ! બાપુએ તેને સર્વોદયનો વિચાર કહ્યો છે.

તેમણે 'હરિજન સેવક સંઘ'નું અસ્પૃશ્યતા નિવારણનું મોટું કામ કર્યું. માનવમાત્ર ઈશ્વરનું સર્જન છે. છૂઆછૂત ચાલુ રાખવાની શરતે તો મહાત્માજીને સ્વરાજ પણ નહોતું ખપતું. બાપુ એવા જ લગ્નોમાં હાજરી આપતાં કે જ્યાં

કોઈ પછાત અને સવર્ણ વર-કન્યા જોડાતા હોય ! બાપુની જ સમજાવટનાં પરિણામે આજે વિભિન્ન જ્ઞાત-જાતિ-ધર્મો વચ્ચે હજારો લગ્નો થઈ રહ્યા છે. આ ઉપરાંત 'અખિલ ભારતીય નઈ તાલીમ સંઘ' જેના થકી ચાલુ શિક્ષણપ્રથાને ધરમૂળથી બદલી નાખવાનું તેમણે ઇચ્છયુ હતું. અંગ્રેજી સત્તાએ દેશનું રાજયતંત્ર ચલાવવા માટે જોઈતા નોકર, કારકૂનો અને અધિકારીઓ પેદા કરવા માટેનું શિક્ષણ ઘડી કાઢેલું. આ જ શિક્ષણને આપણે સ્વરાજ પછી બદલ્યું નહીં. આ શિક્ષણ શ્રમ અને શ્રમિક પ્રત્યે નફરત કરે છે. પરિણામે ઉત્પાદક શ્રમિકોની ખેંચ છે. અને બેઠાડું વ્હાઇટકૉલરવાળી નોકરી કરવા ઇચ્છતી બેકારોની મોટી ફોજ ઊભી થઈ ગઈ છે. નઈ તાલીમ પામેલ માણસ શ્રમનિષ્ઠ અને ઉત્પાદક ધંધો કરવાની કાબેલિયત મેળવે છે. એને ગામડાંઓમાં ધંધો કરવામાં નાનપ નથી લાગતી. મેકોલેવાળા શિક્ષણે શ્રમનિષ્ઠ ગામડાંઓને ભાંગી નાખ્યાં છે. અને શહેરો અમાપ ગતિએ વધી રહ્યા છે.

આપણા દેશની એક બહુ મોટી કમનસીબી એ છે કે આપણા રાજકીય નેતૃત્વમાં ભારતીય સાંસ્કૃતિક ગરિમાનું અભિમાન મરી પરવાર્યું છે. બંધારણમાં રાષ્ટ્રભાષા હિન્દીને સ્વીકાર્યા છતાં રાજય વ્યવહારમાં અંગેજી ભાષા ચાલુ છે.પછાત દેશોના ભોગે સમૃદ્ધ થયેલા પશ્ચિમી દેશોનું ઉદ્યોગીકરણ આપણું લક્ષ છે. આ વિકાસના માર્ગે ચાલતાં બેરોજગારી, આતંકવાદ, અસમાનતા અને પર્યાવરણને પહોંચી થઈ રહેલી ભયંકર હાનિ પ્રત્યે ઉપેક્ષા કરીએ છીએ.

કહેવાનો સાર એક જ કે આપણે સૌએ નામરજી હોવા છતાં ઉત્પાદન ક્ષેત્રે વિકેન્દ્રીત ગ્રામ અર્થતંત્રનો સ્વિકાર કરવો જ પડવાનો છે. હું એક નવા જ દ્રષ્ટિકોણથી આ વાત સમજાવું તો આપણે સૌ જાણીએ છીએ કે જગતને અન્ન પૂરું પાડનારી આધુનિક ખેતીપદ્ધત્તિ રાસાયણિક ખાતરો, ઇંધણ- ઊર્જા અને જતુંનાશકો, રાસાયણિક દ્રવ્યોમાંથી મેળવે છે. પરિણામે અન્ન-જળ અત્યંત હાનિકારક રસાયણોથી મુક્ત રહી શકતાં નથી. ખનીજ ઊર્જાએ હવાને બગાડી છે. તે કારણે હવે માનવ સ્વાસ્થ્યને લાંબુ ટકાવવું અશક્ય બની રહેવાનું છે. મોટી પીડા રસાયણયુક્ત ખોરાક - પાણીની થવા લાગી છે. બગડેલી હવાની પીડા શરૂ જ છે. તો શું આ કેન્દ્રિત ઉદ્યોગીકરણ છોડ્યા વિના શુદ્ધ અન્ન-જળ- હવા- આરોગ્ય મળી શકે ખરાં ? ખનીજ ઊર્જાપ્રાપ્તિની જગાએ માનવ અને પ્રાણીઊર્જા, વાયુ, જળ અને સૌરઊર્જા વાપર્યા વિના એ મળવાનાં ખરાં ? મોટાં કારખાનાંઓમાં તૈયાર થતાં રાસાયણિક ખાતરોને બદલે તેમાં છાણિયું અને ગળતિયું ખાતર, વર્મીકમ્પોસ્ટ, જીવામૃત કે જૈવિક કલ્ચરો તૈયાર થઈ શકવાનાં ખરાં ? આ બધાં વિકેન્દ્રીત ધોરણે જ શક્ય છે. ગામડાંઓમાં બનાવવા જ શક્ય છે. ચાલુ વિકાસની ગતિને ચાહવી અને સજીવ –પ્રાકૃતિક ખેતીવાળો ખોરાક ખાવો, બે વાતો એક સાથે નહીં બને ભાઈઓ ! કાં તો ચાલુ વિકાસના રસ્તે વિનાશને નોતરીએ અથવા વિકેન્દ્રીત રસ્તે સ્થપાયેલી ગ્રામસંસ્કૃતિને સ્વિકારીએ. પસંદગી આપણા હાથમાં છે. અને ગોપાલન એ દૂધ દ્વારા આરોગ્યપ્રદ ખોરાક, બળદો દ્વારા પર્યાવરણને રક્ષતી ઊર્જાશક્તિ, તેના છાણ-મૂત્ર દ્વારા મળતું સેન્દ્રીય ખાતર અને જૈવિક જંતુનાશક, એ તમામ ઔદ્યોગિક દૂષણોને રોકતો એક માત્ર ઉપાય છે. બાપુએ 'અખિલ ભારતીય ગોસેવા સંઘ' સ્થાપીને સ્વ.શેઠ જમનાલાલ બજાજ જેવા અનેક કર્મઠ સેવકોને આ કામમાં જોડેલા. હું માનું છું કે ગાય-બળદ વિનાની ખેતી એ સજીવખેતી નથી. અને ગાયને ભારતીય સંસ્કૃતિમાં અપાયેલું માતાનું સ્થાન એની ઉપયોગીતા કરતાંયે ક્યાંય ઊંચું છે.

બાપુએ ચીંધેલી ગ્રામસ્વરાજ અને ગ્રામસ્વાવલંબનની વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા એ કેવળ ભારત માટે જ નહીં, આખી દુનિયાના દેશો માટે માનવીની સાચી આઝાદીનો મંત્ર છે. આ માટે તેમને યુગપુરુષ કહેવા યથાર્થ છે.

મો-૯૩૨૭૫ ૭૨૨૯૭

## ૦૯ ગાંધીજીનો મંત્ર અને સાત સામાજિક પાપ

**સોનલ પરીખ**

---

અપવાદ દરેક જગ્યાએ હોય, પણ સમગ્રપણે જોતાં લાગે કે આજના માણસમાં 'પાપ' શબ્દનો ડર ઘટી ગયો છે. કોઈ પણ કાર્ય પાપ છે કે નહીં તેનો વિચાર કરવાની પણ તેને ફૂરસદ નથી. હાથમાં આવેલી તક સરી જવા દેવી એ પાપ અને એ તકને કોઈ પણ દુષ્ટ રીતે પણ ઝડપીને તેનો ભરપૂર ફાયદો ઉઠાવવો એ પુણ્ય આવી સમજ વચ્ચે આપણે જીવીએ છીએ.

'પાપ' શબ્દના શબ્દકોશમાં ૨૯થી પણ વધુ અર્થ આપવામાં આવ્યા છે. 'રામચરિત માનસ'માં એક જ પંક્તિમાં તુલસીદાસે ધર્મ અને પાપની વ્યાખ્યા સમજાવી દીધી છે. 'પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ, પરપીડા સમ નહીં અધમાઈ.' દિલને ખટકે તે પાપ. અશુભ, અનિષ્ટ ઉત્પન્ન કરનાર આચરણ તે પાપ. આ લોક તથા પરલોકમાં અશુભ ફળ આપનાર કર્મ, કર્તાનું અધઃ પતન કરનારું કર્મ, ધર્મશાસ્ત્ર કે નીતિશાસ્ત્રમાં વખોડાએલું દુરાચરણ તે પાપ આવી પાપની વ્યાખ્યાઓ છે.

પાપનું મૂળ મનમાં છે. મનમાં દુષ્ટ ભાવના, પરપીડનવૃત્તિ સેવાય તે પણ પાપ જ છે. ઉત્તરાધ્યયન સૂત્રના મંતવ્ય મુજબ જે આત્માને બાંધે છે અને પતન કરાવે છે તે પાપ છે. લોંગફેલો પાપનું સ્વરૂપ સમજાવતાં કહે છે, 'પાપમાં પડવું એ મનુષ્યની પ્રકૃતિ છે. તેમાં ડૂબેલા રહેવું એ શેતાનની પ્રકૃતિ છે. પાપ પર દુઃખી થવું એ સંતની પ્રકૃતિ છે અને પાપોથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો એ ઇશ્વરીય પ્રકૃતિ છે.' હકીકત એ છે કે પોતે જે કરે છે તે પાપ છે કે પુણ્ય તેની સાક્ષી એનો આત્મા પૂરે જ છે. પણ સ્વાર્થનો કોલાહલ આત્માના અવાજને દાબી દે છે.

ગાંધીજી કહે છે, 'એક ચોરી કરે છે, એક ચોરી કરનારને મદદ કરે છે અને એક મનમાં ચોરીનો ઇરાદો ધરાવે છે – એ ત્રણે ચોર જ છે.' ગાંધીજીની એક વિશેષતા કે કમનસીબી એ રહી કે મૂડીવાદી અંગ્રેજો એમને દેશદ્રોહી ગણતા, માર્ક્સવાદીઓ તેમને મૂડીવાદીઓનાં હાથા ગણતા, કટ્ટરપંથી હિંદુઓ એમને ભાગલાવાદી મુસલમાનોનાં સમર્થક કહેતા, મુસ્લિમ લીગનાં નેતાઓ એમને 'ચાલાક હિંદુ નેતા' કહેતા, અને ડૉ. આંબેડકરના સમર્થકો તેમને સવર્ણ હિંદુઓનાં પ્રતિનિધિ ગણતા. પણ ગાંધીજીનો આત્મવિશ્વાસ એવો જબરો હતો કે તેઓ તમામ વિરોધાભાસ વચ્ચે શાંતિથી પોતાનું કામ કર્યે જતા. લોકોનું ભલું થાય એ જ એમની મનોકામના હતી. એમની અહિંસા વિરોધીઓનું પણ કલ્યાણ વાંછતી..ગાંધીજી કદી કોઈ દુઃખી થાય એવું વિચારતા પણ નહીં.

ગાંધીજીએ આપેલી સાત સામાજિક પાપની યાદી બહુ પ્રસિદ્ધ છે. એનો એક ઇતિહાસ છે. મધ્યયુગીન યુરોપમાં પોપ એટલે કે સર્વોચ્ચ ધર્મગુરુ દિવ્ય, ભવ્ય અને સર્વસત્તાધીશ ગણાતા હતા. એમના મુખેથી સરેલો દરેક શબ્દ ઈશ્વરઆજ્ઞા સમો રહેતો. આટલું વર્ચસ્વ હોય ત્યાં અયોગ્ય અંકુશો અને અમુક પ્રકારની બદીઓ પણ પ્રવેશે જ. ઈ.સ. ૫૯૦માં થઈ ગયેલા પોપ ગ્રેગરી પહેલાએ ધાર્મિક-સામાજિક વર્ચસ્વની આ પરંપરાનો વિરોધ કર્યો અને પ્રજાના અને વ્યક્તિના નૈતિક વિકાસ પર ભાર મૂક્યો. એમણે લોકોને સાચા રસ્તે રાખવા સાત અવગુણોને 'ડેડલી સિન્સ' એટલે કે 'ઝેરી પાપ' ગણાવ્યા હતા. આ અવગુણો એટલે વાસના, સંગ્રહખોરી, લોભ, આળસ, ક્રોધ, ઈર્ષ્યા અને અભિમાન. સાતની સંખ્યા કાયમ રાખીને ખ્રિસ્તી ધર્મગુરુઓએ વખતોવખત 'પાપ'ની જુદી જુદી યાદીઓ બનાવી છે.

૧૯૨૫ની સાલની ૨૨ ઓક્ટોબરે 'યંગ ઈન્ડિયા'માં મહાત્મા ગાંધીએ પાદરી 'સેવન સોશ્યલ સિન્સ' શીર્ષકથી પાદરી ફ્રેડરિક ડોનાલ્ડસન દ્વારા લખાયેલી એક યાદી પ્રગટ કરી કરી હતી. ફ્રેડરિક ડોનાલ્ડસન એક પાદરી હતા. ૧૮૬૦માં તેમનો જન્મ. અમેરિકાના વેસ્ટમિન્સસ્ટર ચર્ચના વડા હોવા સાથે અનેક સામાજિક કામો સાથે તેઓ સંકળાયેલા હતા. મનોરંજન માટે પ્રાણીઓને લડાવવાની રમત ત્યારે ખૂબ પ્રચલિત હતી. આ રમતનોનો મોટા પાયે વિરોધ કરી એમણે એ રમતો લગભગ બંધ કરાવી હતી.

આ ફ્રેડરિક ડોનાલ્ડસને ૧ એપ્રિલ ૧૯૨૫માં વેસ્ટમિન્સસ્ટરની એક ધર્મસભાને સંબોધતાં 'સેવન સોશ્યલ સિન્સ' એટલે કે સાત સામાજિક પાપની એક યાદી આપી હતી. આ યાદી મહાત્મા ગાંધીને મોકલવામાં આવી જે એ જ સાલની ૨૨ ઑક્ટોબરે 'યંગ ઈન્ડિયા'માં ગાંધીજીએ એ જ શીર્ષક સાથે પ્રગટ કરી.

ગાંધીજી કહે છે કે આ સાત સમાજિક પાપથી સમાજે અને વ્યક્તિએ બચવાનું છે અને એને માત્ર બુદ્ધિથી નહીં, સમજથી ગ્રહણ કરવાનાં છે કારણ કે આ ફક્ત એક સૂચિ નથી. એમાં વ્યક્તિએ સમાજમાં કેવી રીતે રહેવું તેની એક આચારસંહિતા છે. આ સામાજિક પાપ છેઃ

૧. શ્રમ વિનાની સંપત્તિ
૨. આત્મચેતના વિનાનો આનંદ
૩. ચારિત્ર્ય વિનાનું જ્ઞાન
૪. નૈતિકતા વિનાનો વ્યાપાર
૫. માનવતા વિનાનું વિજ્ઞાન
૬. બલિદાન વિનાની શ્રદ્ધા
૭. સિદ્ધાંત વિનાનું રાજકારણ.

આ યાદી ૧૯૪૭માં તેમણે ૧૩ વર્ષના પૌત્ર અરુણને એક કાગળ પર લખીને આપી હતી. બીજે દિવસે અરુણ દક્ષિણ આફ્રિકા ગયા. સાડાત્રણ મહિના પછી ગાંધીજીની હત્યા થઈ. ગાંધીજીના પૌત્ર અરુણ ગાંધીએ પછીથી આમાં આઠમું પાપ ઉમેર્યું છે, જવાબદારી વિનાના અધિકાર.

આવો જ પ્રસિદ્ધ ગાંધીએ આપેલો એક મંત્ર પણ છે. આ મંત્ર પ્યારેલાલે 'પૂર્ણાહુતિ'ના ત્રીજા ભાગમાં આ શબ્દોમાં નોંધ્યો છે :

ગાંધીજીનો મંત્ર

જ્યારે પણ તમારા દિલમાં સંશય પેદા થાય, અથવા તમારો પોતાનો તમે વધારે પડતો વિચાર કરો ત્યારે તમે આ કસોટી અજમાવજો. તમે જોયેલા સૌથી ગરીબ અને સૌથી દુર્બળ માણસનો ચહેરો તમે યાદ કરજો અને જે પગલું ભરવાનો તમે વિચાર કરો છો એથી એ માણસનો કશો અર્થ સરશે ખરો, એ સવાલ તમે તમારી જાતને પૂછજો. એથી તેને કશો લાભ થશે? એથી તે તેના પોતાના જીવન પર તથા ભાવિ પર ફરીથી કાબુ મેળવી શકશે? બીજા શબ્દોમાં કહું તો, ભૂખ્યા અને આધ્યાત્મિક દારિદ્ર વેઠતા લોકોને એ સ્વરાજ તરફ દોરી જઈ શકશે? પછી તમે જોશો, કે તમારા સંશયો અને તમારી જાત... લુપ્ત થયાં છે. આ મંત્ર અને આ પાપોની યાદી શાશ્વત તેમ જ વ્યક્તિગત અને સામાજિક બંને પ્રકારની અપીલ છે.

'માણસ ત્રણ તત્ત્વોનો બનેલો છેઃ શરીર, મન અને આત્મા. નઈ તાલીમ આ ત્રણ વચ્ચે સમતોલપણું રાખી કેળવણીમાં તેનો મેળ સાધવા માગે છે અને તેનો સારામાં સારો રસ્તો તેને હાથકામના હુન્નરો મારફતે કેળવણી આપવાનો છે. એનો પાયો છે સત્ય અને અહિંસા. વિદ્યા એ છે જે મુક્ત કરે. જૂઠ અને હિંસા માણસને બંધનમાં જકડે છે. એ બંનેને કેળવણીમાં કોઈ સ્થાન ન હોય. મારી નઈ તાલીમની વ્યાખ્યા એ છે કે, જેને નઈ તાલીમ મળી છે તેને જો ગાદી પર બેસાડશો તો તે ફૂલાશે નહીં અને ઝાડુ આપશો તો તે શરમાશે નહીં. તેને માટે બંને કામની સરખી જ કિંમત હશે.'

- મહાત્મા ગાંધી

## ૧૦ લોકભારતીમાં વાચનશિબિર

**ચૌહાણ કશિશ અને ડાંગર ખુશાલી**

કેવાં પુસ્તકો વંચાય ? એનો જવાબ કાફકાએ આપ્યો છે કે, 'મને લાગે છે કે આપણે એવાં જ પુસ્તકો વાંચવા જોઈએ જે આપણને ઘાયલ કરે, આરપાર વીંધી નાખે. આપણે વાંચતા હોઈએ તે પુસ્તક ધડ દઈને ફટકો મારી આપણને જાગ્રત કરી દેતું ન હોય, તો પછી આપણે તે વાંચીએ જ છીએ શીદને, ભલા ? આપણને તો એવાં પુસ્તકોની જરૂર છે, જે કોઈ મોટી હોનારતના જેવી અસર આપણી ઉપર કરે, ઊંડી વેદનામાં આપણને ડૂબાડી દે, માનવમાત્રથી દૂર દૂરનાં જંગલોમાં આપણને દેશનિકાલ કરી દે. પુસ્તકો આપણી અંદર થીજી ગયેલા હિમસાગરને કાપનાર કુહાડાં જેવાં હોવા જોઈએ.'

લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય અને શ્રી સર્વોદય સહકારી સંઘના સંયુકત ઉપક્રમે વાચનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ અને શ્રી સર્વોદય સહકારી સંઘના પ્રમુખ શ્રી રામચંદ્રભાઈ પંચોળીના માર્ગદર્શનમાં લોકસેવાના કાર્યકરો શ્રી ધીરુભાઈ રાઠોડ, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી દિનુભાઈ ચુડાસમા, કવિ શ્રી વિશાલભાઈ જોશી, પ્રકાશન સંઘના કાર્યકર શ્રી જગદીશભાઈએ વાચનશિબિર આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આજના આધારે આવતીકાલ માટે તેમાં જરૂરી ફેરફાર નક્કી થતાં. તે માટે મિટિંગ કરવાની જવાબદારી સૌ મિત્રો જાતે લેતા. આ વાચનશિબિરમાં અમને ૧૫૦થી વધારે પુસ્તકો આપવામાં આવ્યાં હતાં. જેમાં સાહિત્ય, ધર્મ, વિજ્ઞાન, ઇતિહાસ, અભ્યાસ, જીવનકલા, મનોરંજન ક્ષેત્રોના પુસ્તકોમાંથી દરેક વિધાર્થીઓએ પોતાની પસંદગી મુજબ પુસ્તક પસંદ કર્યું હતું.

વાચન એ એવી યાત્રા છે, જેમાં બહાર જવું ના પડે છતાં દુનિયાને જોઈ શકાય છે. રિચર્ડ બાક 'સાગર પંખી' પુસ્તકમાં કહે છેઃ 'ખાવા, ઝઘડવા સિવાય પણ દુનિયામાં બીજું છે, આ વાતનો ખ્યાલ આવતા જ કેટલાય વર્ષોના વર્ષો નીકળી જાય છે.'

વાચનશિબિરમાં ઘણાં વિદ્યાર્થીઓએ પોતાના જીવનકાળ દરમિયાન એક પણ પુસ્તક વાંચ્યું ન હતું. તેમ છતાં આ શિબિરમાં સમૂહમાં સૌ કોઈએ સાતત્યપૂર્ણ રીતે પુસ્તકોનું વાચન કર્યું હતું. આ રીતે અમારા અઢી દિવસ પસાર કેમ થઈ ગયા એની ખબર ના પડી ! પુસ્તકમાં અમને નૂતન વિચારકો મળ્યા. જેણે અમને કલ્પનાની પાંખ અને વિચારોનું ઉડ્ડયન આપ્યું. વાચનશિબિર અમારા માટે માત્ર શિબિર ન હતી, પરંતુ પુસ્તકના ચિત્તમાં પ્રવેશવાનો માર્ગ હતો.

વાચનશિબિરની દરેક સેશનમાં અભ્યાસુ વક્તાઓએ વાચન વિષયક સરસ પ્રેરક વાતો મૂકી આપી હતી. જેમાં શ્રી પ્રવીણભાઈ સરવૈયા, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી પરેશભાઈ ત્રિવેદી, શ્રી દિનુભાઈ ચુડાસમા, શ્રી વિશાલભાઈ જોશી, કવિ શ્રી વિનોદભાઈ જોશીએ પુસ્તક વાચન તરફ અમને અભિમુખ કર્યાં હતાં.

મહર્ષિ અરવિંદ જ્યારે ક્રાંતિકારી તરીકે પ્રખ્યાત થયા ત્યારે એક અંગ્રેજ પત્રકારે વેધક પ્રશ્ન પૂછ્યો કે, 'મિસ્ટર અરવિંદ તમારો દેશ આવો કેમ છે ?' ત્યારે શ્રી અરવિંદે કહ્યું કે, 'મારો દેશ એટલે એવો છે કે મારા રાષ્ટ્રએ વિચારવાનું બંધ કરી દીધું છે.' એટલે જે પેઢી વાંચતી નથી તે વિચારતી નથી અને જે વિચારતી નથી એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુલામ છે. મને લાગે છે કે જે સદ્‌વાચન કરે છે તે સરસ ચિંતન-મનન કરી શકે છે, સમજદાર બને છે. તેથી આજના

સમયમાં આવી વાચનશિબિરો ખૂબ કરવી જોઈએ.

જ્યારે તમે વાંચો છો ત્યારે તમારા મનમાં એક પોતાની કલ્પનાશક્તિનું જગત રચાય છે ને ! જેમાં તમે પોતાના પાત્રોને પોતાને પસંદ હોય તેવા જોઈ શકો છો ને ! પુસ્તકથી સહજ બનીએ છીએ. વાચનથી પરસ્પર સહાનુભૂતિ વધે છે. જે વાચક હોય છે, તે નમ્ર હોય છે અને જીવનના અનુભવો લઈને આગળ વધે છે. જ્યારે 'જે નથી વાંચતા' એમ માને છે કે પોતાને જ બધી સમજણ છે અને આવા વહેમમાં વધુ અહંકારી બને છે. ન વાંચનારા લોકોમાં સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ ન પારખી શકાય. વાચનથી નિર્ણયો વધુ પરિપક્વ લઈ શકાય છે ખરું ને ! પુસ્તકો આપણને જંગલવૃતિથી બહાર નીકળવા માટેની અનુકૂળતા કરી આપે છે. તો પછી આપણે પુસ્તક વધારે વાંચવા જોઈએ ને ? પુસ્તક જીવનનું દૂરબીન છે. વાચનથી દૃષ્ટિ વિશાળ બને છે . વાચન વગર વિચારી શકાતું નથી. વાચન એક જીવનયાત્રા છે. જગતના શ્રેષ્ઠ સર્જકોને આપણે ઘરે બેઠા વાંચી-ભાવન કરી પરમ આનંદ પામી શકીએ છીએ. વાચનથી આપણે આપણી જાત સાથે મૈત્રી કેળવી શકીએ અને આપણી આસપાસના માણસો સાથે સરસ પ્રત્યાયનનો સેતુ રચી દઈ શકાય છે.

વાચનથી જ અમને લાગે છે કે શાંતિની, સંતોષની, સમજણની જાત્રા આરંભ પામતી હોય છે. પુસ્તકો અને એમાં ઉજાગર થતું દર્શનનું આચરણ માનવજીવનને ઉત્તમ બનાવી શકે છે. એટલે પણ વાચન જરૂરી છે.

સમાપન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના વાચન પ્રત્યેના અનુભવો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓના અનુભવમાંથી નીકળેલ સાર આ મુજબ હતો કે દરેક વ્યક્તિએ પુસ્તક સાથે મિત્રતા કરવી જોઈએ, કારણ કે પુસ્તક એ શ્રેષ્ઠ મિત્ર છે, જે કદી દગો આપતું નથી. દરેક વાચક હજારો જીવન જીવે છે, જે નથી વાચન કરતો તે માત્ર એક જ જીવન જીવે છે.

દરેક વિદ્યાસંસ્થા પોતાના છાત્રો માટે વાચનશિબિરનું આયોજન કરવું જોઈએ..જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં પુસ્તક તરફ મૈત્રી કેળવાય...અમને લાગે છે કે દરેક ઘરમાં માબાપએ ઘરના વાતાવરણમાં પુસ્તકોને એકરૂપ કરી દેવા જોઈએ..માબાપ વાચન કરતાં હસે તો બાળક ઘરમાં એને જોઈ જોઈને પુસ્તકો તરફ વળશે એમાં બે મત નથી. એમ વિદ્યાર્થીઓ જો શિક્ષકો પાસેથી ઉત્તમ પુસ્તકો વિશે જાણતો રહેશે તો..પુસ્તકો વાચન કરવા પ્રેરાશે.

અમારે એક વાત એ પણ કરવી છે કે જો આવી વાચનશિબિરો આ પૂર્વે અમે ધોરણ ૮થી ૧૨ સુધીમાં અભ્યાસ કરતાં હતાં ત્યારે જો યોજવામાં આવતી હોત તો મજા પડી જાત! તેમજ લોકભારતીમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો, ત્યારે જ આ વાચનશિબિરનું આયોજન થયું હોત તો કેવું સારું ? અમને ઉચિત માર્ગદર્શન જે તે સમયે આપવામાં આવ્યું હોત તો અમે આજે જેટલું વાચનનું મહત્ત્વ સમજી શકયા એનાથી અનેકગણું પામી શકત...અને અમારો પુસ્તક તરફ જવાનો માર્ગ સુગમ બની શકત...તેમ છતાં ચાલો...આંખ ઉઘડી ત્યારથી સવાર પાડી જોઈએ ! હવે ગ્રંથાલયમાં,વર્ગમાં,ઘરમાં,વૃક્ષો નીચે બેસી પુસ્તક વાચનનો શોખ કેળવીશું જેથી મનમાં ઘર કરી ગયેલી ગ્રંથીઓથી મુકત થઈ જઈએ. ઉત્તમ પુસ્તકો તરફ કદમ મૂકી જોઈએ તો મોબાઇલનું વ્યસન પણ ઓછું થઈ જાય,કદાચ સાવ જ અળગું બને એમ પણ બને.

અંતમાં, પુસ્તક વાંચવું એટલે જગતભરની ચેતનાઓના ઉત્તમ દર્શનને સમજવું. આ શિબિરમાં અમે ભાગ લીધો એટલે હવે આગામી સમયમાં ખૂબ વાંચન કરીશું અને જીવનની સાત્ત્વિક પ્રસન્નતા પામીશું. અમારી લોકભારતીએ અમને એક જીવનભરની યાદગાર સ્મૃતિ આપી છે. લોકભારતી- માતૃસંસ્થાને પ્રણામ.

લોકસેવા મહાવિદ્યાલય, ટી.વાય. બી.આર.એસ.ની વિદ્યાર્થિનીઓ-૨૦૨૫ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરા

## ૧૧ ગાંધીજીવનના પરિણામદાયી પરિમાણ...

**ડો. દિનુ ચુડાસમા**

નિત્યનૂતન ગાંધીજીનું જીવન એટલે ભક્તિયોગ અને કર્મયોગનો સંગમ. અલખને ઓટલે બિરાજવાની પાત્રતા એમણે જીવનની સાધના દ્વારા પ્રાપ્ત કરી હતી. શ્વેતવસ્ત્રને ધારણ કરતો ગાંધી ભીતરથી આખેઆખો ગેરુઆ રંગે રંગાયેલો ફકીર માણસ હતો. ભીતરના સૂરને સાંભળીને એ અંતરાત્માના અવાજને લોકકલ્યાણના રચનાત્મક કાર્યોમાં પ્રયોજતો કર્મશીલ સેવક ગણો તો ચાલે. ગાંધીજીનું યુગકાર્ય પ્રલંબ હતું ને એ માટે સ્વયંની પાત્રતા કેળવવા સજાગ હતા. પ્રાર્થના એમના માટે આત્માનો ખોરાક હતી તેથી નિત્ય પ્રભુ-પ્રાર્થના એમનામાં ઓતપ્રોત-સહજ હતી. પરમમાત્મા તરફનો અનુરાગ અનહદ હોવાથી અંતરાત્માની 'ઊર્જા' સભર હતી. જીવનમાં માણસનો પરિચય ત્રણ બાબતોથી કરી શકાયઃ

**(૧) માણસ પોતાની જાત સાથે કેવી રીતે વર્તન કરે છે.**
**(૨) માણસ બીજા માણસ સાથે કેવી રીતે વર્તન કરે છે.**
**(૩) માણસ પર્યાવરણ-પ્રકૃતિ સાથે કેવી રીતે વર્તન કરે છે.**

ગાંધીજીનું જીવન સમજવા આપણે ગાંધીજીનું વર્તન ઉપરોક્ત ત્રણ પરિમાણમાં કેવું હતું તે તપાસવું પડે માટે એ તલાશના સગડ તપાસીએ. ગાંધીજીવનનું આકલન કરતા આપણને એના જીવનના કેન્દ્રમાં સત્ય, પ્રેમની અનુભૂતિ થાય છે. ગાંધી પોતાની જાત સાથે સત્યપૂર્વક વર્તન કરતા હતા તેના 'સત્યના પ્રયોગો' જગત આખું ગાંધીઅટારીએથી જોઈ શકે છે. ગાંધીજીનું વર્તન બીજા માણસ સાથે કેવું હતું? એ વર્તન માનવપ્રેમથી વિભૂષિત હતું. ગાંધીજીનું વર્તન કુદરત સાથે અહર્નિશ સંવાદનો સેતુ સર્જતું. પ્રકૃતિપ્રેમની ધજાપતાકા લહેરાવતું જીવન આજના સમયની તાતી જરૂરિયાત બની છે. ગાંધીજીના જીવનમાં સૃષ્ટિનું સંરક્ષણ જીવનના શ્વાસ સમું પ્રાણવાન હતું.

આ ત્રણ મારગ ઉપરાંત ગાંધીજીએ રચનાત્મક કાર્યો વિચારી એનું આચરણ કરાવીને લોકોને સ્વતંત્ર, સભાન, સ્વાવલંબી કરવાનો પુરુષાર્થ કર્યો હતો. ગાંધીજી એટલે ડાયનેમિક સ્ટેબિલિટી-ડાયનેમિઝમ- સમય પ્રમાણે પરિવર્તનનો સ્વીકારી આગળ વધતો માણસ, સમયને ઓળખી લેનારો માડુ. વિશ્વશાંતિના કવિ ઉમાશંકર જોશીએ ગાંધીજીને 'માનવજાતિના શિક્ષક' કહ્યા છે. આ માનવજાતિના શિક્ષકની કેટલીક લાક્ષણિકતાઓ આપણને ઘણું બળ આપી શકે તેમ છે. આવો જોઈએ, સમજીએ અને આચરણમાં મૂકીએઃ

● બાપુનું દરેક કાર્ય ધ્યાનમય હતું. દરેક કાર્યમાં જાગૃતિ રાખવી એ એનો પાયાનો ગુણ હતો. કોઈ માણસને બે મિનિટ મળવાનો સમય આપેલ હોય પરંતુ બે મિનિટ મળીને આવેલો માણસ ગાંધીજીને આખો મળી આવતો, એ સમયે ગાંધી અને મુલાકાતી વચ્ચે માનસિક તાદાત્મ્ય સર્જાતું.

● ગાંધીજીનો કર્મયોગ એટલે જ પરમેશ્વરે સર્જેલી સૃષ્ટિમાં જે કંઈ પામ્યા તેનું ઋણ અદા કરવાની ભાવનાથી થતું કર્મ.

● ગાંધીજીનું યજ્ઞકાર્ય એટલે જે કંઈ કામ કરીએ તેમાં હાથ,પગ, મગજ અને હૃદય એમ ત્રણેને કામે લગાડીને કાર્યમાં તલ્લીન થવાનો કસબ.

●ગાંધીજીનું ધ્યાન એટલે જીવનના સકારાત્મક પાસાને ઉજાગ કરવાની લગની, માનવતાવાદી અભિગમ.

●ગાંધીજીનો યોગ એટલે અલખમય અસ્તિત્વનો લય પામવાની સાધના, પરમલયમાં લીન થવાની ઉત્કટ આરાધના.

●બાપુનો પ્રકૃતિ પ્રેમ એટલે જળ સંપત્તિનું જતન કરવું, વૃક્ષોનું રક્ષણ કરવું, પશુધનનું આરક્ષણ કરવું,સૃષ્ટિની આંતરબાહ્ય સ્વચ્છતાને અગ્રીમતા આપવી.

● ગાંધીવિચાર એ કે છેવાડે શ્વસતા લોકો સુધી પ્રથમ હરોળના લોકો જ સંવાદ રચે એની સમસ્યાઓ જાણી એને પોતાની સાથે કરી લે એવી જીવનશૈલી. એમના વિચારરૂપે ગાંધીજીએ ૧૮ રચનાત્મક કાર્યોની ધૂણી ધખાવી- યજ્ઞકાર્યમાં ઓગળી જવું.પોતાના આદરેલા કામોમાં ખોવાઈ જવું બાપુ માટે સહજ રહેતું, એવી માનસિક સમુદ્ધિ બાપુની હતી. કર્મ તરફની તલ્લીનતાએ જ બાપુના રચનાત્મક કાર્યોને વૈશ્વિક કર્યા છે. ભીતરની શકયતાને, કૌશલને સત્યના પ્રયોગોથી ચકસતા રહેતા પ્રાણવાન માણસ ગાંધીજી હતા.

●ગાંધીજીએ ગેરુઆ રંગના વસ્ત્રો ધારણ ન કર્યા, સંસારી હોવા છતાં એ તો શ્વેતવસ્ત્ર સંન્યાસીનું જીવન જીવતાં. જાણે કે કોઈ હિમાલયનો સાધક સંસારમાં રમણ કરતો, અસંખ્ય લોકોને અંધારાથી મુકત કરી અજવાળા તરફ દોરી જતો હોય એવું જીવન હતું.

● ભોજન આરોગતા ગાંધીજી તો સમગ્રતા અન્નમય બની જતા. પૂરતો સમય ભોજનને આપે, શાંતિથી જમે. સાદુ ભોજન પણ પ્રસાદની જેમ લે. ગાંધીજીના આલોચક આચાર્ય રજનીશે એમની તરુણવયે ગાંધીબાપુને જમતા જોયેલાં, એ સમયને વર્ષો પછી પોતાના એક વકતવ્યમાં - એ દ્રશ્ય પ્રગટ કરતા કહેલું: ‘બાપુ, ખા રહે હૈ ઔર દુનિયા થમ સી ગઈ હો. બાપુ ઔર ભોજન એક હો ગયે ઐસા લગે.'

● ગાંધીજીનું જીવન એટલે ઘસાઈને ઉજળા થવાની ક્રિયા, દરેક કાર્યમાં તલ્લીન થઈ જતા બાપુ માટે ધ્યાન એટલે કાર્યમાં એકાગ્ર થઈ જવાની પ્રક્રિયા. ગાંધીજી જયારે સાંવરણો હાથમાં લઈ સફાઈ કરતા ત્યારે માત્ર સફાઈ જ કેન્દ્રમાં હોય, સાંવરણો સ્વયં ગાંધીમય બની જતો હશે ! ઘંટીએ દરણું દળતા બાપુ અનાજમય બની જતા. રેંટિયે બેસતા, કાંતતા, અનાજ સાફ કરતા, વાસણ માંજતા કે શાકભાજી સુધારતા, પત્ર લખતાં કે કાગળનો જવાબ લખે કે કોઈ મુસદ્દો નિર્માણ કરે એ વખતે બાપુ ભીતરની સૂરતાનો તાર ચૂકતા નહીં - આત્માનો લય ખોડંગાતો નહીં. બાપુ ‘ગીતા'ના કર્મયોગને જીવતાં હતાં, ફળની અપેક્ષા નહીં કાર્ય તરફની નિષ્ઠા ગાંધીજીમાં બેમિસાલ હતી.

● ગાંધીજીની કરુણાનો પાયો એટલે માનવ-માનવને જોડતો સ્નેહનો સેતુ, જયાં કોઈ પણ માનવનું શોષણ થતું હોય ને ઘ્યાને પડે કે તેને દૂર કરવા ગાંધીજી પ્રયત્ન આદરે જ.

●ભારતના બહુધા લોકોને પેટ ભરાય એટલું ભોજન ના મળે તો બાપુ પણ પોતાની જમવાની થાળીમાં વાનગીઓ ઓછી કરી દેતાં. આમ પ્રજાને જે જમવાનું મળે એટલું જ બાપુ જમતાં.

● અંગ્રેજોની જોહુકમીથી ભારતીય પ્રજાને આઝાદી અપાવવા અનેક વખત ઉપવાસ બાપુ કરતા એમના પાયામાં કરુણા જ ધરબાયેલી છે. ગાંધીની કરુણા સત્ય,પ્રેમથી રસાયેલી છે.

●ગાંધીજીમાં નિખાલસતા-પારદર્શકતા ભીતર પડી હતી, દંભરહિત જીવનીથી સહજ રહેતા. ગાંધી એટલે જીવે એવું બોલે અને બોલે એવું જીવે. જીવનલક્ષી જે પ્રયોગો કરતાં તે દુનિયાને ખબર હોય જ.

● દેહના વિષયો તો ત્યારે જ નાશ પામે જયારે માણસ પ્રેમસ્વરૂપ થઈ જાય. શરીરના વિષયોને બાપુએ સભાનતાથી ઓછા કરવા અનન્ય પ્રયોગો કર્યા જેવા કે ખોરાકના હોય, બ્રહ્મચર્ય વ્રત, ઉપવાસ, મૌન, નિત્ય પ્રાર્થના, શરીરશ્રમ, રેંટિયો, ખાદી, ચાલવા જવું, માણસ તરફ હાર્દિકતા વધારવી, કોઈનો દ્વેષ કરવો નહિ. પ્રેમપંથનો આ માણસ ફકીરની જેમ રહેતો , પ્રેમના બાદશાહની જેમ જીવતો હતો.

● ગાંધીજીનો ‘પ્રેમ' વાડાબંધીથી મુકત સૃષ્ટિમય હતો, પ્રકૃતિ તરફની અસીમ નિસ્બત એમાં દેખાય છે.

● સૃષ્ટિના સાદને સાંભળતા, હરેક માણસના

હૃદયના નાદને પામતા, ગરીબો, વંચિતો તરફ અનહદ અનુરાગી, બૌદ્ધિક ખરા પણ કોરા પંડિત નહિ, સમજણ સાથે સ્નેહ ભળેલો હોય. જગતના રાજકીય પ્રવાહોથી વાકેફ રહેતા છતાં રાજકારણી નહિ..રાજકીય કિન્નાખોરી ગેરહાજર હોય એવા રાજપુરુષ,રાજનીતિજ્ઞ હતા.

● બાળક સાથે બાળક બની જતા, અગત્યની મિટિંગ ચાલતી હોય તે સમયે બકરીને ચારો નાખવા ઊભા થઈ જતા. દરેક પ્રકારની સ્વચ્છતા એમના - મનની - તનની - દેશના પ્રાગણની પણ સામેલ, બાપુના હાથમાં સાવરણો પણ શોભે. દરેક કાર્યો જાણે કે પ્રેમયજ્ઞ હોય એમ જાગૃત રહી કરે.

● નાનપણમાં દાસી રંભાએ અંધારાથી ડરતા નાનકડા મોહનને 'રામ'નામ મંત્રરૂપે આપેલો ત્યારથી અભયની પ્રાપ્તિ સુધીના માઈલોના માઇલની સફર ગાંધીજીએ 'રામ'નામ લેતા સત્યના સથવારે પાર કરી હતી. રંભાએ આપેલ રામનામનો જપ બાપુના અંતિમ શ્વાસ સુધી સાથે હતો, બાપુએ જ કહેલું કે: **'રામનામ હૃદયસ્થ થઈ ગયું હોય તો જ્યાં સુધી હૃદય ચાલે ત્યાં સુધી હૃદયમાં રામ નામ ચાલતું રહેવું જોઈએ.'**

● મોહન જ્યારે પરદેશમાં વિદ્યાભ્યાસ માટે જાય ત્યારે માતા પૂતળીબાઈએ દીકરાને ત્રણ વચનોનું પાલન કરવાનું કહ્યું; (૧) માંસ નહીં ખાય. (૨) મદિરા નહીં પીએ. (૩) પરસ્ત્રી સંગથી દૂર રહેશે. ગાંધીજીએ જ્યાં વિદેશમાં કોઈ જોવાવાળું કે ટોકવાવાળું નથી એવા સ્થળે આ ત્રણે બાબતોને સત્યમય રહી સેવી હતી. ઘરથી દૂર રહી, અનેક પ્રલોભન છતાં પોતાની માતાને આપેલ વચનો નિભાવેલ. એ આત્મબળ બાપુને ક્યાંથી મળેલ જવાબ ગાંધીજી આપે સાંભળો; **'સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે, ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. સત્યના શોધકને એક રજકણથી પણ નીચે રહેવું પડે છે.'**

● એકવડિયો દેહબાંધો ધરાવતા આ રચનાત્મક, પરિશ્રમી માણસ પાસે હિમાલયથી અધિક સંકલ્પબળ હતું. આ અડગ ઊર્જાનું પાવરહાઉસ એટલે 'સત્ય'. વિરોધ કરનારા માણસો પણ ગાંધીજીની સત્યનિષ્ઠા વિશે શ્રદ્ધાવાન રહેતા.આ મિલેનિયમમેન અહિંસક સત્યાગ્રહી તરીકે દુનિયામાં એ વખતે પાંખુ મીડિયા હોવા છતાં પ્રસિદ્ધિ પામ્યા હતા. તેનું કારણ સત્યરૂપી મંત્રની સાધના હતી. બાપુએ કહેલું કે, **'અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. હું સત્યનો નમ્ર પણ સતત પ્રયત્નશીલ શોધક છું. ઈશ્વર છે અને તેનું સૌથી તાદ્રશ નામ સત્ય છે. એ વિશે મને શક નથી. હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું.'**

● સત્યરૂપી પરમતત્ત્વની સમીપે જવા બાપુ પાસે પ્રાર્થના હતી,નિત્ય પ્રભુપ્રાર્થના એમની પ્રયોગશીલ જિંદગીમાં એકમય હતી, 'સત્ય' ને સાથે રાખી દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરી, બેરિસ્ટર ગાંધી એવા જ કેસો લડતા જેમાં સત્ય હોય. જજ સાહેબો પણ વકીલ ગાંધીની વાત પર વિશ્વાસ રાખતા કારણ કે ગાંધીજી માટે સત્ય જ કલ્પવૃક્ષ હતું. ગાંધીજીની વાણી છે: **'સત્ય જે પારસમણિ રૂપ છે, જે કામધેનુંરૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે; અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યરૂપી પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે. બધાને સારુ નીવડો.'** ગાંધીજીએ જીવનપર્યંત એક જ મંત્ર જપેલો 'સત્યમેવ જયતે'. સત્યએ એમને તપાવી અણિશુદ્ધ કર્યા હતા.

● બાપુ નિરોગી હતા એમનું રહસ્ય ગાંધીજીની જીવનસાધના હતી. સાદું જીવન,સાદો ખોરાક,નિયમિત ભોજન, નિત્ય પરમાત્માનું સ્મરણ,સત્યના આશ્રયે જીવવું, જીવનની ક્ષણેક્ષણનો માનવ સેવાર્થે ઉપયોગ કરવો તેમાં રહેલું હતું. નિત્ય રચનાત્મક કર્મશીલતા બાપુની રગેરગમાં વહેતી રહેતી , મનથી પરમાત્મા સાથેનો સેતુ સર્જાયેલો હોય તો પછી શરીરની,મનની નિરોગીતા સહજ જળવાય રહે છે. આજના ભાગદોડના સમયમાં તંદુરસ્ત મન અને શરીર સુખી જીવનની ચાવીરૂપ છે. તા. ૨૯/૦૧/૧૯૪૭ - બપોરે ગાંધીજીને મનુબહેને

ખાસી માટે પેનેસિલિનની ગોળી લેવા કહ્યું તે સમયે ગાંધીજીએ કહ્યું હતુંઃ

**'જો મનુ, હું એક ફોડકીથી મરું તો પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. જો બંદૂકની ગોળીએ મરું તો જાણજે કે સાચો મહાત્મા હતો.'**

● ગાંધીજીનું જીવન માત્ર ઉચ્ચ આદર્શોની વાતો કરવામાં જ નહોતું પસાર થયું. જીવનમાં જે નૂતન વિચારો કર્યા તેને સાર્થક કરવામાં જાત હોમી દેનાર માણસ હતા. જીવનમાં જે કાંઈ અખિલાઈસભર જોયું, જાણ્યું હોય તેને પોતાના દ્વારા આચરણમાં લાવી એના સારા પરિણામો માનવ સુધી લઈ જવાની પ્રબળ જીજીવિષા બાપુની ભીતર છલોછલ હતી.

● ગાંધીજીનું જીવન બાળવયેથી જ જિજ્ઞાસુ રહ્યું હતું. ખોટા રવાડે ચડી ગયા પછી સાચા મારગે પ્રયાણ કરવામાં એમને કદી સંકોચ થયો નહીં. પોતાનાથી થયેલ ભૂલ કબૂલ કરવી એ એમનામાં નાનીવયેથી જ રહેલી વિશિષ્ટ લાક્ષણિકતા હતી. ગાંધીજીવનનું એક અગત્યનું પરિમાણ એટલે પોતાના દોષ જાતે જોવા, ભૂલો થાય ભલે પણ ફરી એ જ ભૂલ ના કરવી, પોતાની મર્યાદાઓને જાણવી અને સુધારવી.

● ગાંધીજી ડહાપણમાં હિમાલય હતા. કેળવણી વિષયક વિચારોમાં એક લોકશિક્ષકની છબી અંકિત થતી કળાય છે. મહાત્મા ગાંધીજીના આ વિચારો નઈ તાલીમની શિક્ષણપ્રણાલિમાં જોવા મળે છે. ગાંધીજી શિક્ષણના પાયામાં ઉદ્યોગ, કુદરત અને સમાજને મુખ્ય માનતા હતા. બાપુના રચનાત્મક કાર્યો બધા નઈ તાલીમના એકમેવ અંગો હતા. એ પ્રમાણેની શિક્ષણપ્રણાલિ જો ભારતમાં બધે જ ક્રિયાન્વિત થઈ હોત તો ભારતમાં આજે કેળવણીને જે ખો અપાઈ રહ્યો તે ના થાત. નઈ તાલીમમાં ગાંધીજી પર જેમના જીવનદર્શનની અસર હતી તે જહોન રસ્કિનના કેળવણી વિષયક વિચારો પણ ઝિલાયા હતા, રસ્કિને કહેલું:

**'કેળવણીનું કાર્ય જે ન જાણતા હોય તે જણાવવાનું નથી, પણ જે ન આચરતા હોય તે આચરતા કરવાનું છે.'**

● ગાંધીજી ગામડાને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક એકમ માનતા હતા, ગાંધીજીએ પોતાના વિચારો નઈ તાલીમના શિક્ષણ દ્વારા જગત સમક્ષ મૂકયા છે. ગાંધીજીએ નઈ તાલીમને ચારિત્ર્યનિર્માણ કરતી શિક્ષણ પદ્ધતિ કહી હતી. અંગ્રેજ સરકારના વખતમાં, ગુલામ ભારતમાં મૅકોલોએ જે શિક્ષણ પદ્ધતિ આપી અને આપણે અપનાવી લીધી એ બાબતે ગાંધીજીએ હિંદ સ્વરાજ,૧-૨ માં કહ્યું છે કેઃ

**'કરોડો માણસોને અંગ્રેજી કેળવણી દેવી તે તેઓને ગુલામીમાં નાખવા બરોબર છે. મૅકોલોએ જે કેળવણીનો પાયો રચ્યો તે ખરું જોતાં ગુલામીનો પાયો હતો.'**

ગાંધીજીના 'સત્યાગ્રહ'ને, સત્યને સાધનશુદ્ધિનો આધાર હતો. આખરે આજે વર્તમાનમાં ગાંધીના સ્વદેશીવ્રતની ખૂબ ચર્ચા થાય છે. સ્વદેશી અપનાવો એ વાત તો બાપુએ આધ્યાત્મિકતા સાથે એકરૂપ કરીને આપી હતી..સ્વદેશીવ્રત આત્મસાત્ કરી સ્વને અને સ્વદેશને બચાવવો આ એક અદ્‌ભૂત વ્રત બાપુ આપે છે. ભવિષ્યમાં ગાંધીવિચારોનું આચરણ કરવાની ખૂબ આવશ્યકતા રહેશે.

જે બાળક તોફાની છે એ નાખુશ છે. એની અંદર જ એક ધમાસાણ યુદ્ધ ચાલે છે જેનાં પરિણામે એ બહારની દુનિયા સાથે લડે છે. આપણે તોફાનનો ઉપચાર નથી કરવાનો પણ નાખુશીનો કરવાનો છે. નહીંતર એ મોટું થઈને પણ એક દુઃખી જ વયસ્ક બનશે.તમે ક્યારેય જોયું છે કે કોઈ ખુશ વ્યક્તિ આવીને સભાને ખલેલ પહોંચાડે ! ના, એ એવું ન કરે. કોઈ ખુશ વ્યક્તિ ક્યારેય યુદ્ધની તરફેણ કે એનો ઉપદેશ ન કરે. ખુશ લોકો પીડિતો અને વંચિતો પર અત્યાચાર ન કરે. કોઈ ખુશ માણસ ક્યારેય ચોરી કે હત્યા નથી કરતો અને કોઈપણ ખુશ શેઠ એનાં કર્મચારીને ડરાવતો નથી. બધા જ ગુનાઓ, નફરત કે પછી યુદ્ધોનું મૂળ નાખુશી છે.

-'સમરહિલ' એ.એસ. નીલ.

## ૧૨ સંસ્થા સમાચાર (સપ્ટેમ્બર, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘ તથા લોકસેવા મહાવિદ્યાલય પ્રેરિત તા. ૦૧થી તા. ૦૩ દરમિયાન તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની વાચનશિબિર યોજાઈ ગઈ. શ્રી રામચંદ્રભાઈ પંચોલીના માર્ગદર્શન હેઠળ વક્તા શ્રી પ્રવીણભાઈ સરવૈયા, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી પરેશભાઈ ત્રિવેદીના વાચન અંગેના વ્યાખ્યાનો ગોઠવાયા. કવિ ડૉ. વિનોદભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.
- તા.૦૨થી તા. ૧૧ દરમિયાન બીજા વર્ષના ૧૨ ભાઈઓ 'ગાંધી પદયાત્રા-કચ્છ'માં ભાગ લઈ આવ્યા.
- તા. ૦૫ના રોજ પૂ. મૂળશંકરભાઈ મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાના ઓગણીશમાં મણકાનું વ્યાખ્યાન જાણીતા શિક્ષણવિદ્, લેખક અને પ્રાધ્યાપક શ્રી જયેન્દ્રસિંહજી જાદવે 'ઇતર પ્રવૃત્તિ એ અત્તર પ્રવૃત્તિ' વિષય પર ઘણું જ રસપ્રદ રીતે રજૂ કર્યું. વક્તાશ્રીનો પરિચય શ્રી ગિરીશભાઈ દવેએ આપ્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યું. વક્તાશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરીને આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. અંતમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું. આ કાર્યક્રમમાં સાથી સંસ્થાઓના કાર્યકરો અને બૃહદ લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યા.
- તા. ૫ના રોજ રાજકોટ ખાતે આવેલ મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્ર જૂનાગઢ, કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ-તરઘડીયા દ્વારા વૈજ્ઞાનિક દિવસ તકનીકી સપ્તાહનો પ્રારંભ અને નવી મંજૂર થયેલ કૃષિ મહાવિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં શ્રી નિગમભાઈ શુકલ અને શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ ભાગ લીધો.
- હવેથી દર ગાંધીજયંતીના દિને લોકભારતી યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન કાર્યક્રમમાં પૂ. મોરારિબાપુ પધારવાના છે અને તેના તે જ દિવસે રાજકોટ મુકામે ફૂલછાબ ઍવૉર્ડનો કાર્યક્રમ પણ નિશ્ચિત જ હોય છે. તેથી તેમને હેલિકોપ્ટરમાં આવવું અનિવાર્ય હોવાથી આપણે ત્યાં હેલિપેડ બનાવવું જરૂરી બનતા હેલિપેડના સ્થળની પસંદગી કરવા માટેની ટેક્નિકલ ટીમને લઈને મહુવાથી શ્રી જયદેવભાઈ માંકડ તા.૦૬ના રોજ આવી ગયા.
- તા. ૦૬ના રોજ લોકસેવા મહાવિદ્યાલય આયોજીત શનિ સંમેલનમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'કૈલાસ માનસરોવર યાત્રા' વિશેના અનુભવ કહી છાત્રોને રસતરબોળ કર્યાં.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર-શ્રમસંયોજક શ્રી વિનોદભાઈ પટેલનું તા.૦૭મીના રોજ ભાવનગર મુકામે હોસ્પિટલમાં ટૂંકી બીમારીમાં નિધન થયું. તા.૦૮મીના રોજ સાયં પ્રાર્થનામાં તેમને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.
- તા. ૦૮થી તા. ૨૨ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલય તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ જુદી

જુદી લોકશાળાઓમાં ૧૫ દિવસના કાર્યાનુભવ માટે જઈ આવ્યા.

- બારડોલીથી શરૂ થયેલી સરદાર યાત્રા સણોસરા આવવાની હોવાથી તેના આયોજન માટેની સણોસરા-ગ્રામજનો સાથેની એક બેઠક તા.૦૮મીની રાત્રે ૦૮-૩૦ કલાકે લોકભારતીમાં મળી. તેમાં સમગ્ર આયોજન અને જવાબદારી અંગેની વિગતે ચર્ચા-વિચારણા અને નિર્ણયો કરવામાં આવ્યા.
- તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલય આયોજીત શનિ સંમેલનમાં શ્રી પરેશભાઈ ભટ્ટ દ્વારા 'અષ્ટાંગયોગ અને શરીર સ્વાસ્થ્ય' સબંધિત જાણકારી આપવામાં આવી.
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં છાત્રાલયની ભૂમિકા અતિ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આપણા આર્ષદૃષ્ટા પૂર્વસૂરીઓ અને વર્તમાન પથપ્રદર્શનકર્તાઓએ છાત્રાલય અને તેની આનુષાંગિક પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવતી સંસ્કારાત્મક કેળવણીને હંમેશાં પ્રાધાન્ય આપવા આપણી બધી જ સંસ્થાઓનાં છાત્રાલયોમાં કાર્યરત તમામ કાર્યકરો માટે વિદ્યાર્થીઓના જીવનઘડતર અંગે વિચારવિમર્શ કરવા માટે એક દિવસીય સંવાદ કાર્યક્રમ 'પોષણ અને પ્રસન્નતા : જીવન જીવવાની કળા' વિષય અન્વયે ડૉ. દીપક તેરૈયાના માર્ગદર્શનમાં તા.૧૪ સપ્ટેમ્બર-૨૫ના રોજ ગોઠવાયો. તેમાં પ્રારંભમાં ચાવીરૂપ વક્તવ્ય શ્રી અરુણભાઈ દવે એ આપ્યું. સમગ્ર આયોજન લોકભારતી શિક્ષણ અને સંવર્ધન એકમ-AQAC દ્વારા શ્રી કાંતિભાઈ ગોઠીની નિગરાનીમાં કરવામાં આવ્યું. આંબલા, મણાર, માઈધાર અને લો.ભા.ના છાત્રાલય સાથે સંકળાયેલા સૌ કાર્યકરો જોડાયા.
- લો.ભા.ના પૂર્વવિદ્યાર્થી અને શિક્ષણ સાથે જોડાયેલા રહેલા એવા શ્રી પ્રકાશભાઈ નાકરાણી તા.૧૫મીના રોજ તેમના પરિવાર સાથે લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- તા. ૧૫ ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાયેલા સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમિનારમાં ગુજરાતની પ્રતિષ્ઠિત કોચિંગ સંસ્થા જ્ઞાનલાઈવ એકેડેમીના સંચાલક ચેતનભાઈ પટેલ, ફેકલ્ટી અરમાનભાઈ અને રાજ્ય પરીક્ષા બોર્ડના પૂર્વ સચિવ બહાદૂરસિંહ સોલંકીએ આગામી લેવાનાર ટેટની પરીક્ષાઓ અંગે વાત કરી. વિવિધ પુસ્તક અંગે સંદર્ભ સાથે વિસ્તૃત સમજ આપી હતી.
- લો.ભા.કાર્યકર કૉ-ઓપરેટીવ સોસાયટીની સામાન્ય સભા તા.૧૬મીના શ્રી ધીરુભાઈ રાઠોડના પ્રમુખસ્થાને યોજાઈ ગઈ. તેમાં શ્રી અરુણભાઈ દવેએ શુભેચ્છાઓ પાઠવી અને સલાહ-સૂચન કર્યાં.
- તા. ૧૬ના લોકભારતી અધ્યાપનમંદિરનો દ્વારકાનો ટ્રેન પ્રવાસ યોજાઈ ગયો. ૮૧ તાલીમાર્થીઓ અને પાંચ અધ્યાપકો જોડાયા હતા. દ્વારકા, બેટ દ્વારકા, ભડકેશ્વર મહાદેવ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, ગોપીતળાવ, મોગલધામ ભીમરાણા, રૂક્ષ્મણી મંદિર તેમજ શિવરાજપુરમાં આવેલ સ્નોપાર્કની મજા માણી હતી. સંયોજક તરીકે સંદીપભાઈ ઉંડવિયા અને કવિતાબેન વ્યાસ રહ્યા હતા. સાથે જગદીશગિરિ ગોસાઈ, અમિતભાઈ સાસાણી અને અવનિબેન દવે જોડાયા હતા.
- તા.૧૯ના લોકભારતી અધ્યાપનમંદિરમાં વિવેકાનંદ કેન્દ્ર પાલીતાણાથી આવેલ શ્વેતાબેન અને રોહનભાઈએ વ્યક્તિત્વ વિકાસ અંગે જૂથ

પ્રવૃત્તિઓ કરાવી અને રમતો રમાડી.

- તા. ૧૭ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહ ભાવનગર-યુનિ. આયોજિત વર્કશોપમાં ભાગ લેવા શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી વિશાલભાઈ જોષી જઈ આવ્યા.
- તા. ૧૭ના લોકભારતી અધ્યાપનમંદિરમાં શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'વ્યક્તિત્વ વિકાસ અને મનની મોજ' વિશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું.
- શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી પૂર્વે શ્રી ગોપાલભાઈ-ચમારડીની રાહબરી તળે અને જી.પી.વસ્તરપરા ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત 'સરદાર સન્માન યાત્રા' બારડોલીથી સોમનાથ સુધીની યોજાઈ. આ યાત્રા લોકભારતીના આંગણે તા.૧૯ના રોજ આવી પહોંચી. પ્રવેશદ્વારે સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સારસ્વતભવનમાં આ યાત્રા સભાના રૂપમાં ફેરવાઈ અને યાત્રાના હેતુ વગેરે બાબતે વક્તવ્યો થયાં. તે પછી ભોજન અને યાત્રાની વિદાય થઈ. સૌ કાર્યકરોએ સુચારું વ્યવસ્થા કરી.
- લોકભારતીના શુભેચ્છક એવા શ્રી જ્યોતિબહેન પરીખ અને શ્રી પ્રવીણભાઈ પંચાલ-દંપતી ભાવનગરથી લોકભારતીની પરિચય મુલાકાતે તા.૧૯ના રોજ આવી ગયાં.
- તા.૧૯ના રોજ યોજાયેલ કૃષિ પ્રદર્શન–ગાંધીનગર મુકામે શ્રી ધીરુભાઈ અને શ્રી કિશોરભાઈ સાથે દ્વિતિય અને તૃતિય વર્ષના ૪૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક અને ગાંધીવિચારની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલાં રહેલાં એવાં શ્રી વર્ષાબહેન દાસ નવી દિલ્હીથી લોકભારતીની શુભેચ્છા મુલાકાતે તા.૨૦ના રોજ આવી ગયાં.
- તા. ૨૦ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાંથી શ્રી અજયભાઈ પંડ્યા તાલીમાર્થીઓ સાથે ભાવનગર ખાતે યોજાયેલા માનનીય વડાપ્રધાનશ્રીના કાર્યક્રમમાં જઈ આવ્યા.
- તા. ૨૦ના રોજ શ્રી જીવનભાઈ જોગરાણા, શ્રી રાજેન્દ્રભાઈ જોષી અને સૌ તાલીમાર્થીઓ માનનીય વડાપ્રધાનશ્રી ભાવનગર મુલાકાતે આવ્યાં તે કાર્યક્રમમાં સૌ જઈ આવેલ.
- આ મહિનામાં પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'મોજીલું જીવન કેવું હોય?' વિષે, શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ 'લોકશાહી, બાળકેળવણી, લોકભારતી સંસ્થાના વિચારો, મૂલ્યો જીવનમાં કેમ ઉતારવા?' વિશે અને શ્રી વિક્રમભાઈ દેસાઈએ 'ગામમાં પશુ ઓલાદ સુધારણા, પશુ પોષણ' વિષે તેમજ શ્રી યાકુબભાઈ કોઠારીયાએ 'સરકારી યોજનાઓ, ગ્રામ પંચાયતની જુદી જુદી સમિતિઓ' વિષે વ્યાખ્યાન આપી ગયા.
- તા. ૨૭ના લોકભારતી અધ્યાપનમંદિરમાં સમગ્ર અધ્યાપનમંદિર પરિવારે મા આદ્યશક્તિની આરતી કરી, ગરબા લઈને ઊર્જા મેળવી.
- તા.૨૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલય આયોજીત શનિ સંમેલનમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સંદર્ભે શ્રી ભાવિકભાઈ માંકડ અને શ્રી સલીમભાઈ હસવાણીએ સરળશૈલીમાં વિદ્યાર્થીઓને સમજ આપી.
- તા.૨૯ના રોજ ગ્રામભારતી અમરાપુર મુકામે યોજાયેલ ગ્રામવિદ્યાપીઠના પ્રશ્નો માટેની બેઠકમાં ભાગ લેવા શ્રી નીતિનભાઈ અને શ્રી કિશોરભાઈ જઈ આવ્યા.
- લોકભારતી યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ બીજી ઑક્ટોબરના રોજ આયોજિત થયો છે.

તેના મુખ્ય અતિથિ પદ્મશ્રી ડૉ. પ્રકાશ આમ્ટેજીનો પરિચય અને આ પ્રથમ દીક્ષાંત સમારોહ અન્વયે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ તા.૩૦મીના રોજ સાયં પ્રાર્થનામાં તેની અભિમુખતારૂપ વિગતો રજૂ કરી.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ સરસ્વતી સ્કૂલિંગના ટ્રસ્ટીશ્રી અને નિયામકશ્રી સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૦૨ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ તરફથી નેશનલ ફ્લેગ ડે ૨૦૨૪માં નિયત લક્ષ્યાંક સિધ્ધ કરનાર શ્રેષ્ઠ સંસ્થા તરીકે ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાનુંઅભિવાદન કરવામાં આવ્યું.
- તા.૦૩ના રોજ ભાવનગર જિલ્લા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ સંસ્થામાં ઉજવાયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રીમતિ રૈયાબેન મૂળજીભાઈ મિયાણી, મુખ્ય વનસંરક્ષક શ્રી કે.શશિકુમાર, ભાવનગર જિલ્લા કલેકટર શ્રી મનીષકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનુલ ચૌધરી, શિહોર ડેપ્યુટી કલેકટર શ્રી ભૂમિકાબેન વાઢિયાં તેમજ શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.
- તા.૦૪ના રોજ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની એક બેઠક ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી હિતેન્દ્રસિંહ પઢારિયા, સંઘના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, શ્રી મનહરભાઈ ઠાકર અને નાનુભાઈ શિરોયાની ઉપસ્થિતિમાં યોજવામાં આવી. લોકશાળાઓમાંથી આચાર્ય, સંચાલક, ગૃહપતિ,ગૃહમાતા, શિક્ષકો વગેરે હાજર રહ્યા. આ બેઠકમાં વડીલોએ માર્ગદર્શન આપ્યું. ઉપરાંત ભાવ.શિ.અધિકારી શ્રી હિતેન્દ્રસિંહ સાથે દરેક સંસ્થાઓના ભરતી અને મહેકમ અનુસંધાને, છાત્રાલય ગ્રાન્ટ અને અન્ય પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી.
- તા.૦૯ના રોજ વિદ્યાર્થીઓના આધારકાર્ડ અપડેટ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૦ના રોજ યોજવામાં આવેલ સમૂહભોજનમાં સમગ્ર કાર્યકર પરિવારે વિદ્યાર્થીઓ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.
- તા.૧૧ના રોજ ભાવનગર રોટરી કલબ દ્વારા નેશન બિલ્ડર એવોર્ડ-૨૦૨૫ શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના ઉત્સાહી ગણિત, વિજ્ઞાન શિક્ષક-કાર્યકર શ્રી નરેન્દ્રભાઈ મકવાણાનું શિક્ષણક્ષેત્રે સેવા અને નવતર પ્રયોગોથી વિદ્યાર્થીઓમાં રુચિ જગાવનાર વિડીયો શાળા દ્વારા ૫૦૦થી વધુ શાળાઓના ૨૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો પ્રકાશ પહોચાડવા બદલ તેમનું નેશન એવોર્ડથી બહુમાન કરવામાં આવેલ.
- તા. ૨૧ને રવિવારના રોજ યોજેલ આનંદ બજારમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. વડીલ શ્રી લાલજીદાદાના વરદ હસ્તે શુભારંભ કરેલ. કાર્યક્રમના સમગ્ર વ્યવસ્થા શ્રી મહર્ષિભાઈ સોલંકીએ જહેમત ઉઠાવી હતી.
- તા.૧૭ના રોજ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા રેલી અંગેની ઓનલાઇન બેઠકમાં આગામી શૈક્ષણિક રેલી માટેની પ્રથમ ઓનલાઇન બેઠક મળી.
- તા.૨૩ અને ૨૪ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે ગુજરાત નઈ તાલીમ સંઘ અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગણિતિય પ્રવૃત્તિ કાર્યશાળામાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તેમજ શ્રી વાઘજીભાઈ જઈ આવ્યા.
- તા.૨૩ના રોજ શ્રી મેહુલભાઈ તથા શ્રી રવીન્દ્રભાઈ મણાર મુકામે પીડીલાઇટ

કંપનીમાંથી આવેલ એકાઉન્ટ વિભાગના વડા શ્રી હીરલબેન વોરા સાથે હિસાબી બાબતે મિટિંગમાં જઈ આવેલ.

- તા.૨૮ના રોજ ગોશાળાના વ્યવસ્થાપક શ્રી ભાવેશભાઈ ડાંગરના નાના કાકા સ્વ.સાદુલભાઈનો લાંબી બીમારી બાદ સ્વર્ગવાસ થયેલ છે. ગ્રામદક્ષિણામૂર્તિ પરિવાર એમના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરે છે.
- નવરાત્રિ દરમિયાન વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવારે ખૂબ ઉત્સાહ અને ઉંમગથી ગરબી માણી.

**મણાર સમાચાર**

- તા. ૦૪ના રોજ આંબલા મુકામે આયોજિત ચિંતન શિબિરમાં આચાર્યશ્રી, શિક્ષક શ્રી ભરતભાઈ દવે, ગોહિલ પૃથ્વીરાજસિંહ તથા શ્રી જાંબુચા ભાવેશભાઈ જઈ આવ્યા.
- તા.૦૫ના રોજ શાળામાં 'સ્વયં શિક્ષક દિનની' ઉજવણીમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. વર્ગખંડમાં સ્માર્ટ બોર્ડ તેમજ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી સુંદર કાર્ય થયું, સહુએ ફંડ એકત્ર કરી શિક્ષણ વિભાગને અર્પણ કર્યું.
- તા. ૦૮ ના રોજ શાળાના એન. એસ. એસ યુનિટ તેમજ શાળા પરિવાર દ્વારા 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ' ઉજવવામાં આવ્યું.
- 'એક પેડ મા કે નામ'અંતર્ગત એન.એસ.એસ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- તા. ૧૪ના રોજ શ્રી ભાવેશભાઈ જાંબુચા અને શ્રી વિમલભાઈ લોકભારતી સણોસરા ખાતે મોટીવેશનલ સ્પીચમાં ભાગ લઈ આવ્યા.
- " નેશનલ ફ્લેગ ડે" સેલિબ્રેશન -૨૦૨૫ રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા તા. ૧૪ થી ૨૦ દરમ્યાન અખિલ હિન્દ અંધજન ધ્વજ દિન સપ્તાહની ઉજવણી કરવામાં આવી સ્થાનિક તેમજ આજુબાજુના ગામ, શાળાઓમાં જઈ એન.એસ.એસ યુનિટના સ્વયંસેવકોએ અંધજન માટે ફંડ એકત્રિત કર્યું.
- તા. ૧૮ સપ્ટેમ્બર ભાદરવા વદ બારસ-'રેંટિયા બારસ' ના રોજ ગાંધી જયંતીની ઉજવણી વિશેષ રીતે ગૂજરાત વિદ્યાપીઠના તાલીમાર્થી બેનશ્રી દક્ષાબેન મકવાણાએ પૂજય બાપુના તિથિ પ્રમાણેના જન્મદિનને વિશેષ રીતે ઉજવણી કરાવી.
- સંસ્થામાં પધારેલ મહેમાન શ્રી હર્ષદભાઈ ઘેવરીયા દ્વારા છાત્રાલયના બાળકોના વિકાસ માટે ૧૦,૦૦૦ રૂપિયાનું દાન મળ્યું.
- તા. ૧૪ ના રોજ શાળામાં " હિન્દી દિવસ"ની ઉજવણી કરવામાં આવી.
- 'નમો કે નામ રક્તદાન'અંતર્ગત વડાપ્રધાનના જન્મદિને કાર્યકરમાંથી રક્તદાન કરવામાં આવ્યું.
- તા. ૧૮ અને ૧૯જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં ૬ થી ૧૪ વર્ષના વયજૂથમાં ધો. ૯ની બહેનો પ્રાચીન ગરબામાં ત્રીજા ક્રમે અને ૧૫ થી ૨૦ વર્ષના વય જૂથમાં ધો. ૧૧-૧૨ના ભાઈઓએ રાસમાં શિશુવિહાર સંસ્થા ભાવનગર ખાતે ભાગ લેવા માટે જઈ આવ્યા.
- તા. ૧૯ના રોજ ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ એ 'ભારતી જ્ઞાન સંસ્કૃતિ'ની પરીક્ષા આપી.
- તા. ૨૩ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને તા. ૨૪ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાયેલ શિક્ષણ સંગોષ્ઠિ તાલીમમાં શ્રી પૃથ્વીરાજસિંહ ગોહિલ જઈ આવ્યાં.

- તા. ૨૨ના રોજ શ્રી નીતિનભાઈ પંચોળીનું વક્તવ્ય સરસ રહ્યું, તેમણે વિદ્યાર્થી બહેનોને એક-એક પુસ્તક ભેટમાં આપ્યું.
- તા. ૨૨થી શાળામાં 'નવરાત્રી મહોત્સવ' ઉજવાયો.
- તા. ૨૩ના રોજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી દિલીપભાઈ અને શ્રી વિશાલભાઈ દ્વારા યોગગુરૂ રણધીરસિંહ ઝાલાનો 'મેડીટેશન અને યોગ માર્ગદર્શન' કાર્યક્રમ વિશેષ રીતે ઉજવાયો.
- તા. ૨૫ના રોજ સ્વર્ગસ્થ પ્રવીણભાઈ મહેતાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ભજન/ધૂન નો કાર્યક્રમ યોજાયો.
- એન.સી.સી યુનિટના એ. એન.ઓ શ્રી લાલજીભાઈ ખેરાળા દ્વારા "વિશ્વ રીવર ડે" નિમિત્તે ભાવનગરના પી.આઈ સ્ટાફ અને ધોરણ ૧૦ ના એન.સી.સીના કેડેટ દ્વારા નદી "કાંઠાની સફાઈ" તથા "વૃક્ષારોપણ" કરવામાં આવ્યું.
- તા. ૨૭ના રોજ ધો.૧૧ અને ૧૨ ના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા આયોજિત 'બુદ્ધિ કસોટીની પરીક્ષા' આપી.
- તા. ૨૮ના રોજ શ્રી કંચનબેન થડોદાનું ભાવનગર જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા (એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર) તરીકે નેત્રહીનોના કલ્યાણ અર્થે શ્રેષ્ઠ ફંડ એકત્રિત કરાવતા વિશિષ્ટ સિદ્ધિ સન્માન ૨૦૨૫- ૨૬થી સન્માનિત કરવામાં આવ્યા.
- તા. ૨૮ના રોજ આપણા કેમ્પસમાં ચાલતી પ્રાથમિક શાળાના શિક્ષિકાબેન શ્રીમતી વિજયાબેન જાંબુચા વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારોહ મણાર સંસ્થા પ્રાથમિક શાળામાં યોજાયો. જેમાં સમગ્ર લોકશાળા પરિવારે હાજરી આપી.

**માઈધાર સમાચાર**

- તા. ૪ના રોજ ગ્રામબંધુ પ્રોજેક્ટ અંતર્ગત શ્રી અમિતભાઈ ચાર મિત્રોને લઈને કેન્દ્રની પ્રવૃત્તિઓ જોવા અને સમજવા આવી ગયાં.
- તા. ૬ના રોજ સાબરમતી આશ્રમના ડાયરેક્ટર અતુલભાઈ પંડ્યા અને તેમના બહેન મુલાકાતે આવી ગયાં.
- તા. ૭ના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓ અને કાર્યકરો એ ટેલિસ્કોપ દ્વારા ચંદ્રગ્રહણ નિહાળ્યું.
- તા. ૧૨ના રોજ રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતે, 'ક્વોન્ટમ યુગની શરૂઆતઃ સંભાવનાઓ અને ચિંતા' વિષય પર નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો. જેમાં બે વિદ્યાર્થીઓએ પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું. સાથે માર્ગદર્શક શ્રી એભલભાઈ ભાલિયા અને શ્રી યુવરાજભાઈ સોલંકી જોડાયા.
- તા. ૧૪ના રોજ લોકભારતી ખાતે યોજાયેલ ગૃહપતિઓ માટેના સેમિનારમાં છાત્રાલય સાથે જોડાયેલ કાર્યકરો જઈ આવ્યા.
- તા. ૧૫ અને ૧૬ બે દિવસ રૂપાંતર ફાઉન્ડેશન અંતર્ગત ભાવનગર મુકામે રૂપાંતર કાર્યક્રમની તાલીમમાં શ્રી પાયલબહેન દેસાઈ અને શ્રી હસ્તીબહેન ઢીલા જઈ આવ્યા.
- તા. ૧૭ના રોજ માઈધરથી શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી પાતુભાઈ આહિર, શ્રી નિર્મળભાઈ પરમાર, શ્રી એભલભાઈ ભાલિયા અને શ્રી વિજયભાઈ કુવાડિયા પૂજ્ય મોરારિબાપુના આશીર્વાદ લેવા તલગાજરડા જઈ આવ્યા.
- તા. ૧૭ ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.
- તા. ૧૭ના રોજ અર્ચનાબેન દવેએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

- તા. ૧૮ થી ૨૫ ગાંધી ગુંજન સપ્તાહ યોજાયો જેમાં રેટિયા બારસ ગાંધીજીના તિથિ પ્રમાણે જન્મ દિવસ 'અહિંસા દિન' તરીકે ઉજવવામાં આવે છે. કાર્યક્રમમાં શ્રી ભરતભાઈ દવેએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું તેમાં ગાંધીજીના જીવન પરિચય અને ગાંધીજીના પ્રેરક પ્રસંગો, ગાંધીજીનું બાળપણની વાતો કરી હતી. શાળાના આચાર્ય શ્રી નિર્મળભાઈએ વિદ્યાર્થી જીવન માટે શિસ્ત અને સંયમ, ભાવનાબેન પાઠકે જીવનમાં ગાંધીજીના સદ્‌ગુણો, સારી ટેવો અંગે વાતો કરી. ગાંધી ગુંજનનાં બીજા દિવસે કાર્યકરોએ અને વિદ્યાર્થીઓએ પોતપોતાની અભિવ્યક્તિઓ રજૂ કરી હતી. ત્રીજા દિવશે ભાવનગરડાયટમાંથી શ્રી સંજયભાઈ તલસાણીયાએ ગાંધીજીવન પ્રસંગો રજૂ કરીને 'વ્યસનમુક્તિ'વિશે ઊંડાણપૂર્વક વાત કરી હતી.શ્રી અરૂણભાઈ દવેએ ગાંધી 'ગુંજન કાર્યક્રમ' શા માટે ઉજવીએ છીએ એ વિશે સરસ વાતો મૂકી હતી.શૈશવ સંસ્થા ભાવનગરથી આવેલ બહેનો દ્વારા 'ચાલને રમીએ ગાંધી ગાંધી' રમતો રમાડીને મોજ કરાવી. હનુમંત હોસ્પિટલ ટીમ મહુવા દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો. જેમાં ડૉકટરો દ્વારા સૌ છાત્રો-ભાઈઓ,બહેનોની તપાસ કરીને માર્ગદર્શન આપ્યું હતું.એક દિવસ ખાદી મેળાનું આયોજન કર્યું જેમાં ગ્રામજનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ખાદીનું કાપડ ખરીદવામાં આવ્યું.ગાંધી ગુંજન સપ્તાહ અંતર્ગત એક દિવસ 'હાલ ને ભેરુ ગામડે' કાર્યક્રમ યોજાયો. જેમાં ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના બાળકોની ૦૯ ટુકડીઓ પાડવામાં આવી હતી અલગ અલગ નવ ગામની પ્રાથમિક શાળામાં જઈને પ્રાથમિક શાળાના બાળકોને ગાંધીજીના જીવન પ્રસંગો, પ્રેરક પ્રસંગો મૂકનાટક, અભિનય, પ્રશ્નોત્તરી, ગાંધી રમતો, કવાલી, વ્યસન મુક્તિ, અને ગાંધીજીના જીવનના અમૂલ્ય પાઠો અને ગાંધીજીને સરળ કઈ રીતે સમજી શકાય તેના માટે ગાંધી ગીતો, ધૂન, ભજનો વિદ્યાર્થીઓ અને સંયોજક કાર્યકરો દ્વારા રજૂ કરવામાં આવ્યા. છેલ્લા દિવશે ગાંધી ગુંજન કાર્યક્રમનું સમાપન રાખમાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા પોતાના અનુભવો જણાવવામાં આવ્યા. તેમજ ભવાનાબેન પાઠક, પાતુભાઈ આહિર, નિર્મળભાઈ પરમાર, એભલભાઈ ભાલિયા અને મનીષભાઈ બારૈયા દ્વારા સૌને કાર્યક્રમ અંતર્ગત શુભેચ્છા પાઠવવામાં આવી. આ કાર્યક્રમ સફળ બનાવવા દરેક કાર્યકરો ઉત્સાહ સાથે જોડ્યા હતા.
- આ મહિના દરમિયાન શ્રીઅરુણભાઈ દવે રમત ગમતના મેદાનના નવનિર્માણ સહિતના અન્ય કાર્યક્રમોના માર્ગદર્શન માટે ત્રણ વખત આવી ગયા.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર-શ્રમસંયોજક શ્રી વિનોદભાઈ પટેલનું ૫૨ વર્ષની વયે તા.૦૭મીના રોજ ભાવનગર મુકામે હોસ્પિટલમાં ટૂંકી બિમારીમાં દુઃખદ અવસાન થયું.
- લોકભારતી ટ્રસ્ટના કાર્યકર શ્રી જગદીશભાઈ સરવૈયાના પિતાશ્રી કાનજીભાઈ સરવૈયાનું ટૂંકી બિમારી પછી તા. ૦૧-૧૦-૨૦૨૫ના રોજ મોટા સુરકા મુકામે ૮૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## સન્માનિત થતી 'લોકભારતી'



'ફૂલછાબ સમાજસેવા એવૉર્ડ-૨૦૨૫'થી સન્માનિત થતા
શ્રી અરુણભાઈ દવે



રોટરી ક્લબ રોયલ ભાવનગર દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરેલ પ્રદાન બદલ
'નેશન બિલ્ડર એવૉર્ડ'થી સન્માનિત થતા શ્રી વિશાલભાઈ ભાદાણી

## લોકભારતી ખાતે શ્રી જયેન્દ્રસિંહજી જાદવના અધ્યક્ષસ્થાને મૂ.મો. ભટ્ટ વ્યાખ્યાનમાળા યોજાઈ







ઉદ્‌ઘોષક :
શ્રી દિનુભાઈ ચુડાસમા



વક્તા પરિચય :
શ્રી ગિરીશભાઈ દવે



વક્તાશ્રીને સ્મૃતિભેટ અર્પણ



આભાર દર્શન :
શ્રી વિક્રમભાઈ ભટ્ટ




To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-